# ॥ श्रीविष्णुसहस्रनामस्तोत्रम् ॥

(સરળ વિવરણ સાથે)

શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞનિધિ
દિવ્ય જીવન સંઘ, અમદાવાદ-૩૮૦૦૧૫

**પ્રકાશક :**
શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ
દિવ્ય જીવન સંઘ, અમદાવાદ

**કાર્યાલય :**
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫

**ફોન :** ૨૬૮૬૧૨૩૪, ફેક્સ : ૨૬૮૬૨૩૪૫
E-mail : sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

પ્રથમ આવૃત્તિ પ્રત - ૪૦૦૦
કિંમત રૂા. ૩૦-૦૦

શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવન અને શ્રી સ્વામી ચિદાનંદ યોગધ્યાન મંદિરના દશમ પાટોત્સવ તથા પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના ૬૬મા પ્રાગટ્યપર્વ પ્રસંગે મુદ્રિત અને ચાઈના યોગ એસોસિએશન તાઈવાનનાં ઉદાર યોગદાન દ્વારા ઘટાડેલી કિંમતે વિતરિત (જ્ઞાનયજ્ઞ : તા.૨૫-૪-૨૦૧૦થી તા.૩-૫-૨૦૧૦)

**ટાઈપ સેટિંગ :** હરિઓમ ગ્રાફિક્સ
૧/૨, આનંદવિહાર ફ્લેટ્સ, હિંમતલાલ પાર્ક ગાર્ડનની સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૭૬૭૧૮૧

**મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ.**
'પ્રિન્ટ વિઝન હાઉસ'
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૦૭૯-૨૬૪૦૫૨૦૦



# ॥ બે બોલ ॥

શ્રુતિમાં કહ્યું છે, 'યદ્ મનસિ તદ્ વચસિ કર્મણિ ચ' જેવું મનમાં હોય તેવું વચન અને કર્મમાં આવે. જેવી વિચારધારા તેવી જીવનસૃષ્ટિ. આપણા વિચારોનો આધાર આપણો સમાજ છે. આપણે જેવા સમાજની વચ્ચે રહીએ તે સમાજનું પ્રતિબિંબ આપણા વિચારો અને વ્યવહારમાં પ્રતિબોધિત થાય.

પ્રભુના નામનું સાતત્ય આપણને પ્રભુમય જીવનના માર્ગે જ અગ્રસરે છે. મોગરાના પુષ્પનું નામ-ઉચ્ચારણ સત્વરે જ આપણી દૃષ્ટિ સમક્ષ મોગરાના પુષ્પનું આભાસી ચિત્ર ઉપસાવે છે; તેથી વિશેષ તેની સુગંધથી પણ ઘ્રાણશક્તિને ઉજાગર કરે છે. તેમ જ શ્રી વિષ્ણુનાં સહસ્રનામ, પ્રત્યેક નામની પાછળ શ્રી વિષ્ણુના ગુણાનુવાદનું ગાન કરે છે. માટે જ આચાર્ય શંકર તેમના 'ભજ ગોવિંદમ્' સ્તોત્રમાં 'ગેયં ગીતા નામસહસ્રમ્' કહીને ભલામણ કરે છે કે શ્રી વિષ્ણુનાં આ સહસ્રનામનું ગાયન કરો.

પૂજ્ય ભાગવતાચાર્ય શ્રીમત્ કૃષ્ણશંકર શાસ્ત્રીજી મહારાજ (પૂજ્ય દાદાજી) સદૈવ કહેતા, ''શ્રી વિષ્ણુસહસ્રનામનો મોટા-ઉચ્ચ સ્વરે પાઠ કરો. આ પાઠનો નિયમ લીધેલા અગણિત લોકોનાં જીવનોત્કર્ષનો હું સાક્ષી છું. તેના ફળાદેશમાં લખેલું બધું જ તાદૃશ સત્ય નીવડે છે. આવશ્યકતા એટલી કે આ સાધનામાં સાતત્ય હોવું ઘટે.''

મહર્ષિ પતંજલિ આ માટે કહે છે, કે સાધનામાં નિરંતરતા જોઈએ. દીર્ઘકાળ સુધી સાધના નિષ્ઠાવાન હોવી જોઈએ. દૃઢ મનોબળ સાથે સાધના કરતા રહેવું જોઈએ, અને સાધનામાં રુચિ તો હોવી જ જોઈએ.

શ્રી વિષ્ણુસહસ્રનામમાં ''મોનોટોનસતા-નીરસતા'' નથી. ઈશ્વરના નામનું સાતત્ય છે. તેમાં સાહિત્ય છે, સરસતા છે અને ઈશ્વરની મહત્ તત્ત્વતાનું વિષદ વર્ણન છે. એક માત્ર ''વિશ્વમ્'' બોલીએ ત્યાંથી જ સમગ્ર સમષ્ટિનું દર્શન થઈ જાય છે. તેમાં ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ અને સત્યમ્, આકાશ, પાતાલ, દિશા, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર બધું જ આવી જાય છે. અણુમાંથી મહત્માં, સૂક્ષ્મથી સ્થૂળમાં, સમગ્ર વૈશ્વિક ચેતનામાં આ વિશ્વમ્ શબ્દ આપણને દોરી જાય છે. અહીં અતલ, વિતલ, સુતલ, પાતાલ, તલાતલ ઈત્યાદિનો પણ સમાવેશ થઈ જાય છે. એક માત્ર ''વિશ્વમ્'' બોલતાંની સાથે જ ''યસ્ય સ્મરણમાત્રેણ'' આપણે ચૈતન્યની પરમોચ્ચ અવસ્થામાં પ્રવિષ્ટ થઈ જઈએ છીએ. આમ શ્રી વિષ્ણુસહસ્રનામનો પ્રત્યેક શબ્દ અક્ષરબ્રહ્મ સમાન છે

તે પ્રત્યેક નામ શબ્દબ્રહ્મ છે.

માટે જ ભીષ્મ પિતામહ શરશય્યા પરથી યુધિષ્ઠિરને આ વિષ્ણુસહસ્રનામનો ઉપદેશ આપીને સુખ-દુઃખ, રાગ-દ્વેષ, આદિ-અનાદિ સર્વે દ્વન્દ્વો શ્રી વિષ્ણુ જ છે અને બધાં દ્વન્દ્વોથી પર પણ તે જ છે, તેની અનુભૂતિ કરાવે છે.

આમ શ્રી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિનો આ દિવ્ય અને પવિત્ર પ્રયાસ આ લઘુપુસ્તિકા દ્વારા સાધકને તેની સાધનાના માર્ગે વધુ સુદૃઢ કરવા પ્રેરે તેવી પ્રેરણા-પરબ આ શ્રી વિષ્ણુસહસ્રનામ વડે આપી રહી છે તેનો આનંદ છે.

આ લઘુ પુસ્તિકાના સર્વે સંયોજકોને સાધુવાદ. શ્રી શ્રી પ્રભુ અને સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજની અહેતુકી કૃપાનું અમોઘ વરદાન સૌનું બહુવિધ મંગલ કરો, એ જ અભ્યર્થના.

ૐ શાંતિ. શ્રી ગુરુ ચરણાશ્રિત સેવક

**સ્વામી અધ્યાત્માનંદ**

ૐ

## ॥ અનુક્રમ ॥


| | | |
|---|---|---|
| ૧. | બે બોલ | III |
| ૨. | આશીર્વાદ | V |
| ૩. | જીવન ઝરમર | VI-VII |
| ૪. | પ્રસ્તાવના | VIII |
| ૫. | શ્રી વિષ્ણુ-વંદના | ૦૧ |
| ૬. | શ્રી વિષ્ણુ-પ્રાતઃસ્મરણ | ૦૨ |
| ૭. | પૂર્વ ભાગ | ૦૩ |
| ૮. | ધ્યાન | ૦૬ |
| ૯. | સ્તોત્ર | ૦૭ |
| ૧૦. | ફલશ્રુતિ | ૧૭ |
| ૧૧. | સ્તોત્ર-વિવરણ | ૨૪ |
| ૧૨. | શ્રીવિષ્ણુસહસ્રનામાવલિ | ૭૯ |
| ૧૩. | ધાર્મિક માહિતી | ૯૭ |




## ॥ શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ ॥

### દિવ્ય જીવન સંઘ, નવરંગપુરા શાખા (રજિ. નં.૧૦૯૯)

કાર્યાલય : શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૫૪.

પ્રાતઃસ્મરણીય બ્રહ્મલીન સ્વામી શ્રી શિવાનંદ મહારાજનું માત્ર સ્મરણ પણ એક નવી ચેતના જગાવે છે. તેમનો દિવ્ય ઉપદેશ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલી આ દિવ્ય વાણી ગુજરાતીમાં પણ નિયમિત રીતે મળી રહે તે હેતુથી ''શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ''ની સ્થાપના કરવામાં આવી છે. આ યોજનાને પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મંજૂરી અને અમોઘ આશીર્વાદ સાંપડ્યા છે. આ નિધિની આવકમાંથી કાયમી ધોરણે જ્ઞાનપ્રસાદી વહેંચવાની યોજના છે. આ મહાન યજ્ઞકાર્યમાં આપ અને આપનાં સ્વજનો યથાશક્તિ યોગદાન આપી જોડાશો તેવી પ્રાર્થના છે.

## પૂજ્ય શ્રી ચિદાનંદ મહારાજના આશીર્વાદ

પવિત્ર આત્મા,

જય ગુરુદેવ,

તમે તૈયાર કરેલી શતાબ્દી જ્ઞાનયજ્ઞ પ્રચારની અદ્ભુત યોજના વાંચી ખૂબ આનંદ થયો. આ એક કાયમી ભંડોળ હોવાથી શતાબ્દી પછી ભવિષ્યમાં પણ આ પ્રવૃત્તિ ચાલુ રહેશે. આ એક ઉત્તમ યોજના છે. તેને હું સંપૂર્ણ સફળતા અને સિદ્ધિ ઈચ્છું છું. પ્રભુની દૈવી કૃપા અને ગુરુદેવના આશીર્વાદ તમારી યોજનાને તમામ પ્રકારે સંપૂર્ણ સફળતા બક્ષે. ગુરુદેવના ઉપદેશોના અસરકારક વિતરણ માટે કાળજીપૂર્વક યોજના તૈયાર કરો.

જય હો.

તા.૧૭-૭-'૮૫

**સ્વામી ચિદાનંદ**

ૐ

## ॥ ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદ સરસ્વતી (૧૮૮૭-૧૯૬૩) ॥

| | | |
|---|---|---|
| **જન્મ** | : | દક્ષિણ ભારતમાં તામિલનાડુના પટ્ટામડાઈ ગામમાં. તા.૮-૯-૧૮૮૭. |
| **નામ** | : | શ્રી કુપ્પુસ્વામી વેંગુ અય્યર, માતા પાર્વતી અય્યર |
| **શિક્ષણ તથા વ્યવસાય** | : | મેધાવી વિદ્યાર્થી તરીકે પોતાના અધ્યાપકોનો પ્રેમ જીત્યો. મેડિકલ લાઈન લઈ ડૉક્ટર થયા. ૧૯૧૯-૨૩ મલેશિયામાં ડૉક્ટર તરીકે સેવા આપી. |
| **વિકાસ** | : | જીવનદિશા બદલાઈ. ધીકતો ધંધો છોડી ભારત પાછા ફર્યા અને હૃષીકેશ આવ્યા. |
| **૧૯૨૪** | : | સ્વામી વિશ્વાનંદ સરસ્વતીએ સંન્યાસદીક્ષા આપી સ્વામી શિવાનંદ નામ આપ્યું. બાર વરસની તપશ્ચર્યા પછી પ્રભુદર્શન થયાં. |
| **૧૯૩૨** | : | શિવાનંદ આશ્રમની સ્થાપના. |
| **૧૯૩૪** | : | દરદીઓ માટે દવાખાનું તેમજ આયુર્વેદિક ફાર્મસી શરૂ કર્યાં. |
| **૧૯૩૬** | : | દિવ્ય જીવન સંઘની સ્થાપના કરી. |
| **૧૯૩૮** | : | 'દિવ્ય જીવન' - 'Divine Life' માસિક શરૂ કર્યું. |
| **૧૯૪૮** | : | યોગ વેદાંત અરણ્ય એકેડમીની સ્થાપના. |
| **૧૯૫૦** | : | અખિલ ભારત તેમજ શ્રીલંકાની જાત્રા. |
| **૧૯૫૩** | : | પૂ. સ્વામીજીએ 'સર્વ ધર્મ વિશ્વ પાર્લામેન્ટ' આશ્રમમાં બોલાવી. |
| **૧૯૬૩** | : | તા.૧૪-૭-૧૯૬૩ના દિને મહાસમાધિ. |
| **મહાસમાધિ** | : | વિવિધ વિષયો ઉપર ૩૧૦ પુસ્તકો લક્યાં. દેશવિદેશમાં ઘણી ભાષાઓમાં અનુવાદ થયા. શિવાનંદ આશ્રમનું સંકુલ આજે શિવાનંદનગર તરીકે જાણીતું છે. સમાધિસ્થાન તેમજ સ્વામીજીનું રહેઠાણ તથા પ્રવૃત્તિસ્થાન આનંદકુટીરનાં દર્શન આજે પણ હજારો લોકોને પ્રેરણા આપે છે. |



## ॥ સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી (૧૯૧૬-૨૦૦૮) ॥

| | | |
|---|---|---|
| **જન્મ** | : | દક્ષિણ ભારતમાં કર્ણાટકમાં સુખી જમીનદાર કુટુંબમાં જન્મ. |
| **નામ** | : | શ્રી શ્રીધરરાવ, પિતા : શ્રીનિવાસ, માતા : સરોજિનીદેવી |
| **શિક્ષણ** | : | બાળપણથી જ પ્રભુ પ્રત્યે પ્રેમ. અધ્યાત્મમાર્ગમાં રુચિ. સ્નાતક થયા. |
| **વિકાસ** | : | અંતઃપ્રેરણાથી હૃષીકેશ ગયા. સ્વામી શ્રી શિવાનંદજીના શિષ્ય બન્યા. જનસેવાને પ્રભુસેવા માની રક્તપિત્ત જેવા ચેપી રોગોના દરદીઓની સેવા કરી. આશ્રમમાં યોગ મ્યુઝિયમ સ્થાપ્યું. યોગવેદાંત અરણ્ય એકેડમીના ઉપકુલપતિ બન્યા. |
| **૧૯૪૯** | : | સંન્યસ્ત દીક્ષા |
| **૧૯૫૦** | : | અખિલ ભારતયાત્રા |
| **૧૯૬૦** | : | અમેરિકાની યાત્રા |
| **૧૯૬૩** | : | દિવ્ય જીવન સંઘ 'Divine Life Society'ના પ્રમુખ તરીકે વરણી. |
| **૧૯૯૧** | : | દિવ્ય જીવન સંઘના મુખ્ય મથકના શિવાનંદ આશ્રમ (હૃષીકેશ) તથા સંઘની શાખાઓમાં તા.૨૪-૮-૧૯૯૧ના દિને પૂ. સ્વામીજીના ૭૫મા જન્મદિન (અમૃત મહોત્સવ)ની ઉજવણી કરવામાં આવી. |
| **૧૯૯૧-૨૦૦૦** | : | દસ વર્ષના આ ગાળાને દિવ્ય દશક તરીકે જાહેર કર્યો અને તે દરમિયાન માનવ ઉત્થાનની વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. |
| **૨૦૦૦** | : | મિલેનિયમ સત્રની પ્રથમ ઉજવણી તા.૩૦-૩૧ ડિસેમ્બર ૧૯૯૯ અને તા.૧-૨ જાન્યુઆરી ૨૦૦૦ના દિનોમાં મુંબઈમાં કરવામાં આવી. |
| **૨૦૦૨** | : | મિલેનિયમ સત્રની દ્વિતીય ઉજવણી તા.૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૦૧ અને ૧-૨ જાન્યુઆરી ૨૦૦૨ના દિનોમાં કટક (ઓરિસા)માં કરવામાં આવી. |
| **૨૦૦૨** | : | છેલ્લાં સાત વર્ષથી શાંતિસદન-દહેરાદૂન ખાતે શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના વિશાળ શિષ્ય અને ભક્ત સમુદાયના આત્મકલ્યાણ તથા આત્મોન્નતિ માટે સતત સાધના નિરત એકાંત જીવનયાપન. |
| **૨૦૦૮** | : | તા.૨૮-૮-૨૦૦૮ મહાનિર્વાણ. |

# ॥ પ્રસ્તાવના ॥

'શ્રીવિષ્ણુસહસ્રનામ' મહાભારતનો એક અમૂલ્ય ભાગ છે. મહાભારતના 'અનુશાસન પર્વ'ના ૧૪૯મા અધ્યાયમાં ભગવાન વિષ્ણુનાં સહસ્ર નામોનું નિરૂપણ છે. પૂર્વભૂમિકા એવી છે કે મહાભારતના ઘોર યુદ્ધમાં થયેલા મહાસંહારને કારણે યુધિષ્ઠિર દારુણ શોકથી ઘેરાઈ ગયા છે. એમના ચિત્તને કોઈ રીતે શાતા વળતી નથી. આવી શોકગ્રસ્ત સ્થિતિ જોઈ ધ્યાન દ્વારા શ્રીકૃષ્ણે સમરાંગણમાં બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહને યુધિષ્ઠિરને રાજધર્મ શીખવવા વિનંતી કરે છે. પછી યુધિષ્ઠિરને સલાહ આપતાં કહે છે : ''કૌરવોના ધુરંધર ભીષ્મનો આ પૃથ્વી પરથી જ્યારે અસ્ત થશે ત્યારે તેમની સાથે સર્વ પ્રકારનાં જ્ઞાનો પણ અસ્ત થશે; માટે હું તમને કહું છું કે તેમની પાસે જઈને જ્ઞાનોપદેશ ગ્રહણ કરો.'' શ્રીકૃષ્ણની સલાહને માન્ય રાખી યુધિષ્ઠિર બાણની શય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહ પાસે જાય છે.

ભીષ્મ તેમને શોકરહિત થવા સમજાવે છે. તે સમયે યુધિષ્ઠિર તેમને વિવિધ પ્રશ્નો (પૂર્વભાગના શ્લોક ૪-૫) પૂછે છે. યુધિષ્ઠિરના આ બધા પ્રશ્નોના ઉત્તર (શ્લોક ૬ થી ૧૫) આપી ભીષ્મ પાપના ભયને હણનાર વિષ્ણુનાં સહસ્ર-હજાર-નામ ('હરિઃ ૐ' શ્લોક ૧ થી ૧૦૮) સંભળાવે છે તે જ આ 'વિષ્ણુસહસ્રનામ' અને છેલ્લે પાઠની ફલશ્રુતિ (શ્લોક ૧ થી ૩૬) પણ કહે છે.

વિનોબાજી કહે છે કે, સ્નાન કરવાથી જેમ શરીર નિર્મળ થાય છે અને પ્રસન્નતા અનુભવાય છે તેમ ભગવાનના ચિંતનથી આધ્યાત્મિક સ્નાન થાય છે અને બહુ પ્રસન્નતાનો અનુભવ થાય છે. નામસ્મરણથી પ્રસન્નતા કેવી રીતે નિર્માણ થાય છે, એ કોણ બતાવશે ? હું ગીતાનો પરમ ભક્ત છું, તેમ છતાં ગીતાના પઠનની મારી ઉપર એ અસર થતી નથી જે વિષ્ણુસહસ્રનામના પઠનથી થાય છે. ગીતામાં ચિંતન-મનન થાય છે, પણ વિષ્ણુસહસ્રનામથી પવિત્ર સ્નાનની અનુભૂતિ થાય છે. મન ધોવાઈ જાય છે. આમ તે એક વિશેષ અનુભૂતિ છે.

આપણે જે વિષ્ણુસહસ્રનામ બોલીએ છીએ, તેમાં કેવળ પારાયણની જ વાત છે, ત્યાં તે કેવળ 'સ્મરણમાત્રેણ' શુદ્ધિ થાય છે. આમ તો બધાં નામ એક ભગવાનનાં જ છે, પરંતુ એકનું એક નામ હજાર-હજાર વાર બોલવામાં આવે તો તેમાં માણસને ક્યારેક થાક કે કંટાળો પણ લાગે. તેને બદલે વિવિધતા



હોય તો થાક ન લાગે. વિષ્ણુસહસ્રનામમાં એક હજાર જુદાં જુદાં નામ છે તેથી તેના પારાયણમાં થાક લાગતો નથી-નીરસતા આવતી નથી. તેમાં ચિંતન-મનનની અપેક્ષા નથી. કોઈ તેનું ચિંતન-મનન કરે તો પણ લાભ છે, ન કરે અને કેવળ પારાયણ જ કરે તો પણ લાભ છે.

શંકરાચાર્યે અનેક ભાષ્યો લખ્યાં, પણ આખરે સામાન્ય જનો માટે 'ભજ ગોવિન્દમ્' પણ લખ્યું. તેમાં શું કહ્યું ? 'ગેયં ગીતા-નામસહસ્રમ્' ગીતા અને વિષ્ણુસહસ્રનામના નિત્ય પાઠની વાત કરી. આવું શા માટે કહ્યું ? એટલા માટે કે લોકોમાં ભક્તિભાવના હોય છે, તે ભક્તિભાવનાને દૃઢ કરવાની હોય છે. સામાન્ય લોકો માટે આ જ પરમાર્થનું સાધન છે. એમના માથે જ્ઞાન લાદીને આ ન કરી શકીએ. તુકારામે કહ્યું : 'આ હજાર નામ આપણાં હજાર હથિયાર છે.' ટૂંકમાં, કહેવાનું એટલું જ કે વિષ્ણુસહસ્રનામના પારાયણ માત્રથી જ લાભ થઈ જાય છે.

પારાયણમાં જે લાભ થાય છે તેમાં પ્રગટ લાભ તો છે જ છે, પણ મુખ્ય લાભ છે તે ગૂઢ લાભ છે. પ્રગટ લાભ એ છે કે વાણી જરા સ્વચ્છ થાય છે, વાંચતાં આવડે છે અને ગૂઢ લાભ એ છે કે પારાયણમાં સ્નાન થઈ જાય છે. નદીમાં સ્નાન કરવાથી આખું શરીર શુદ્ધ થઈ ઠંડક અનુભવે છે. તેવી જ રીતે પારાયણ કરવાથી મનને આંતરિક ઠંડક-શાંતિ થાય છે. તેનાથી કેવળ બુદ્ધિને કે વાણીને જ લાભ થાય છે એવું નથી, તે સર્વાંગીણ સ્નાન છે. તેનાથી સમયનો સદુપયોગ પણ થાય છે.

એ અંતર્યામી ભગવાન કેવો છે. તે વિવેકથી જ જાણી શકાય છે. તેનાં હજાર શું અનંત નામ હોઈ શકે છે. તેના ગુણોનો અંત નથી. એક-એક ગુણનું એક-એક નામ બને છે. આ રીતે તેનાં અનંત નામ છે. પણ ભગવાન શ્રી વ્યાસે સહસ્ર નામ જ બનાવ્યાં. એને લગભગ પાંચ હજાર વર્ષ થઈ ગયાં છતાં આ નામોનો પાઠ આજે પણ આપણા ધર્મમાં ઉત્સાહથી થાય છે.

દિવ્ય નામના ગાન કે ઉચ્ચારણનું ભક્તિ માર્ગે બોધેલી શિસ્તમાં મહત્ત્વનું સ્થાન છે. દિવ્ય નામની આ ભક્તિ બે સ્વરૂપે થાય છે - જપ દ્વારા અને સ્તોત્ર દ્વારા. જપમાં મૂક રહીને દિવ્ય નામનું નિયત મંત્ર દ્વારા રટણ કરવાનું હોય છે; પરંતુ સ્તોત્રમાં તેને મોટેથી ગાવાનાં હોય છે. તેમાં ઈશ્વરનો મહિમા તથા ઐશ્વર્યો દર્શાવતાં વિવિધ પદોનો સમાવેશ થાય છે. શ્રી વિષ્ણુસહસ્રનામ એ ભક્તોમાં વધુમાં વધુ લોકપ્રિય પવિત્ર સ્તોત્ર છે.

'સહસ્રનામ' શબ્દનો અર્થ ભગવાનનાં હજાર નામ થાય. વેદની પરંપરા પ્રમાણે 'પરબ્રહ્મ'ને દર્શાવતો એક જ શબ્દ છે અને તે છે 'ઓમ્-ૐ'. જેવી

રીતે એક 'પરબ્રહ્મ' ઘણા દેવતાઓના રૂપે પૂજાય છે તેમ પરબ્રહ્મનાં વિવિધ દિવ્ય ઐશ્વર્યો અને શ્રેષ્ઠતાઓને દર્શાવવા માટે પરબ્રહ્મનો ૐ અનંત ધ્વનિનાં રૂપો ધારણ કરે છે. સહસ્રનામ કદાચ દિવ્ય નામનું વધુમાં વધુ વિસ્તૃત સ્તોત્ર હશે. હિંદુ ભક્તિમાર્ગનું પરમેશ્વરની ઉપાસનાનું આ વિશિષ્ટ લક્ષણ છે.

એક પ્રશ્ન થાય કે નામની પારાયણથી-ઉચ્ચારણથી એવો કયો ભક્તિનો હેતુ સરતો હશે. ભક્તિમય અભ્યાસ-સાધના-નો અનિવાર્ય ગુણ આંતરિક એકાગ્રતા છે; પણ આંતરિક એકાગ્રતાને મેળવવી ખૂબ જ મુશ્કેલ છે. એટલે ભક્તિમાર્ગના જિજ્ઞાસુઓએ દિવ્ય સાથે તાદાત્મ્યતા સાધવા માટે વિવિધ સૂક્ષ્મતાવાળો અભ્યાસ અપનાવવો પડે છે. ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધવા માટે એકાગ્ર ધ્યાન એ ઉચ્ચતમ સાધનાનું સ્વરૂપ છે. તે પછીનો માર્ગ જપ છે અને છેલ્લો માર્ગ સ્તોત્ર અને બાહ્ય ભક્તિનો છે. ધ્યાન અને જપ પૂર્ણ રીતે કરવાનું મોટા ભાગના લોકો માટે શક્ય નથી, થોડાક જ તે સંતોષકારક રીતે કરી શકે છે, પરંતુ સ્તોત્રગાન અને બાહ્ય ભક્તિનો માર્ગ બધા જ લઈ શકે છે અને તેમાં સફળતાનો સંતોષ લઈ શકાય છે.

ભક્તો માટે 'વિષ્ણુસહસ્રનામ'ની ખાસ ભલામણ આદિ શંકરાચાર્ય તરફથી કરવામાં આવી છે. આનું કારણ એ છે કે તે સર્વસંગ્રાહક છે. હિંદુસ્તાનમાં જેટલા પંથ છે તે બધાની તરફ વિષ્ણુસહસ્રનામ સમાન દૃષ્ટિથી જુએ છે. વિષ્ણુનાં સહસ્ર નામ છે તેથી વૈષ્ણવોનું સમાધાન થાય છે. 'શિવ', 'સ્થાણુ' જેવાં ભગવાન શંકરનાં નામ તેમાં છે એટલે શૈવોનું સમાધાન થઈ ગયું. 'સિદ્ધાર્થ' ગૌતમ બુદ્ધનું નામ છે, તેથી બૌદ્ધોનો ઉલ્લેખ થઈ ગયો. 'વર્ધમાન' મહાવીરનું નામ છે, એટલે જૈનોનો સંગ્રહ થઈ ગયો. 'સ્કંદ' એટલે કે કાર્તિકસ્વામી, એમનો દક્ષિણ હિંદમાં એક સ્વતંત્ર પંથ છે. સૂર્યના ઉપાસકો માટે વિષ્ણુસહસ્રનામમાં અનેક વાર 'સૂર્યઃ, અર્કઃ, ભાનુઃ વગેરેનો ઉલ્લેખ આવ્યો છે. 'અગ્નિઃ' નામથી અગ્નિપૂજકોનું સમાધાન થાય છે. આ રીતે જુદા જુદા ધર્મપંથોનો તેમાં ઉલ્લેખ છે.

નામ અને ગુણચિંતન ઉપરાંત ભગવતસ્મરણનો ત્રીજોયે એક મહિમા છે. ગુણચિંતનથી ગુણવિકાસ થાય છે. નામસ્મરણથી ચિત્તની એકતા સધાય છે અને અનેક ભક્તોએ તેમણે કરેલા નામસ્મરણ દ્વારા ભાવનાનો જે સંપુટ કર્યો એ શક્તિનો લાભ મળે છે. પૂર્વાનુબંધ જોડાય છે. પણ આ ઉપરાંત ત્રીજી એક ચીજ પણ નામસ્મરણમાં છે. તે છે શ્રદ્ધા. જેવી જેની શ્રદ્ધા હશે, એવું થશે. નામસ્મરણ દ્વારા આપણે ભગવાનની ગોદમાં છીએ એવી ભાવના રહેશે અને ઈશ્વર-અનુસંધાન સાધી શકાશે. અલબત્ત તે માટે ઈશ્વરની સાથે મનનો



અનુબંધ જોઈએ, ઈશ્વરના અસ્તિત્વમાં નિષ્ઠા જોઈએ.

કેટલાકનું એમ કહેવું છે કે જપ કે પાઠ કેવળ મૌખિક ન બની રહેવો જોઈએ. તેનો અર્થ પણ ચિત્તમાં વસવો જોઈએ. જ્યારે બીજા કેટલાક એમ કહે છે કે જપ કે પાઠને માટે લીધેલ શબ્દ અર્થવાળા હોવા જ ન જોઈએ.

'વિષ્ણુસહસ્રનામ'ના પ્રવક્તા ભીષ્મદેવની શું અપેક્ષા છે તે જોઈએ. વિષ્ણુનાં સહસ્ર નામોને તેમણે 'યાનિ નામાનિ ગૌણાનિ' એટલે કે ગુણવાચક નામો કહ્યાં છે. ઈશ્વરનું દરેક નામ એના એક એક ગુણનું સૂચક છે. અર્થાત્ જે તે નામની સાથે જે તે ગુણનું ચિંતન સાધકે કરવું જોઈએ. સાથોસાથ આચરણ પર પણ ભાર મૂક્યો છે.

**''સર્વાગમાનાચારઃ પ્રથમં પરિકલ્પતે ।**
**આચારપ્રભવો ધર્મો ધર્મસ્ય પ્રભુરચ્યુતઃ ॥''**

બધાં શાસ્ત્રોનો પાયો આચાર છે. આચારમાંથી ધર્મની ઉત્પત્તિ છે અને ધર્મના સ્વામી પરમેશ્વર છે.

આમાં ભાવ એ છે કે એ ધર્મ-સ્વામી પરમેશ્વરના નામસ્મરણ અને એના ગુણોના ચિંતનથી સદાચારની પ્રેરણા મળે છે. તેથી ઈશ્વરના નામનું સ્મરણ કરવું એ 'સર્વધર્માણાં ધર્મઃ અધિકતમો મતઃ' - બધા ધર્મોમાં શ્રેષ્ઠ મત છે. 'વિષ્ણુસહસ્રનામ'માં કેટલાક નામોનું પુનરાવર્તન છે. અચ્યુતઃ, અજઃ, ઈશ્વરઃ, કૃષ્ણઃ, પાવનઃ જેવાં કેટલાંયે નામનું પુનરાવર્તન બે વખત છે તો પ્રાણઃ, માધવઃ, વસુઃ, વીરહા, સત્યઃ જેવાં નામોનું ત્રણ વખત થયેલું છે. આ પુનરાવર્તિત નામો એના એ જ અર્થમાં બધાં સ્થાનોએ પ્રયોજાયાં હોય એમ લાગ્યું નથી. ત્યાં અગાઉના અર્થનું પુનરાવર્તન ન કરતાં શક્ય તેટલો સુસંબંધિત અર્થ આપવા પ્રયાસ થયો છે.

'વિષ્ણુસહસ્રનામ' વિષે ઘણું બધું લખાયું છે. આદિ શંકરાચાર્યથી માંડી અનેક પ્રખર પંડિતોએ તેની ટીકા કે ભાષ્ય લખ્યાં છે. આ પુસ્તિકામાં નવું કંઈ જ નથી. સાદું સંકલન છે. સરળરૂપે વાચકો સમક્ષ 'વિષ્ણુસહસ્રનામ' મૂકવાનો એકમાત્ર નમ્ર પ્રયાસ છે. પુસ્તિકાના સંકલનમાં વિવિધ પુસ્તકોનો આધાર લીધો છે. મુખ્ય આધાર 'વિષ્ણુસહસ્રનામ-આંતરપ્રવેશ' - મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી દ્વારા પ્રકાશિતનો લીધો છે. આ ઉપરાંત 'Sri Visnu-Sahasranama' Published by the President Sri Ramakrishna .... તથા 'વિષ્ણુસહસ્રનામ'- યજ્ઞ પ્રકાશન તથા 'શ્રી વિષ્ણુસહસ્રનામ'-શાસ્ત્રી વિનોદ પંડ્યાનો પણ સદ્ઉપયોગ કર્યો છે. બધાનો આ માટે હાર્દિક આભાર.

**- સંકલનકર્તા**

## ॥ શ્રી વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર ॥

શ્રી રામકૃષ્ણ પરમહંસે વારંવાર દર્શાવ્યું છે કે ઈશ્વર-સાક્ષાત્કાર માટેના બધા માર્ગોમાં ઈશ્વરના નામનું ગાન-સ્મરણ એ સૌથી સરળ માર્ગ છે. શ્રી વિષ્ણુસહસ્રનામ એક એવું અનન્ય સ્તોત્ર છે જેમાં જેના ગુણ ગાયા છે તે વિષ્ણુ કોઈ સાંપ્રદાયિક દેવ નથી, તે તો વિશ્વને દોરનાર મૂળભૂત અંતિમ તત્ત્વ છે. બધાં જ નામ મધુર છે અને જો તેમનું ગાન અર્થની સમજ સાથે કરવામાં આવે તો તે ગાન ભક્તને અસાધારણ શાંતિ અને પરમાનંદ આપી શકવા શક્તિમાન છે. પુસ્તિકામાં ટૂંકમાં આપેલી નામોની સમજણ દરેક નામના ઊંડા ભાવાર્થને સમજવામાં મદદરૂપ થશે.

## ॥ श्री विष्णु-वंदना ॥

**ॐ नमो भगवते वासुदेवाय** । (દ્વાદશાક્ષર મંત્ર)
**ॐ नमो नारायणाय** । (અષ્ટાક્ષર મંત્ર)
**ॐ विष्णवे नमः** । (ષડક્ષર મંત્ર)

**मेघश्यामं पीतकौशेयवासं श्रीवत्साङ्कंकौस्तुभोभ्दासिताङ्गम् ।**
**पुण्योपेतं पुण्डरीकायताक्षं विष्णुं वन्दे सर्वलोकैकनाथम् ॥**

મેઘસમાન શ્યામસુંદર, રેશમી પીતાંબર ધારણ કરનારા, શ્રીવત્સચિહ્નાંકિત, કૌસ્તુભમણિથી પ્રકાશિત અંગોવાળા, પુણ્યાત્મા, કમલનયન અને સર્વ લોકોના એકમાત્ર સ્વામી શ્રી વિષ્ણુભગવાનને હું પ્રણામ કરું છું.

**यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।**
**न्यूनं सम्पूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥**

જેમના સ્મરણથી અને નામોચ્ચારણમાત્રથી તપ, યજ્ઞ તેમ જ કર્મકાંડ વગેરેમાં રહી ગયેલી ત્રુટિ તત્કાલ પૂર્ણ થઈ જાય છે એવા ભગવાન વિષ્ણુની હું વંદના કરું છું.

**मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।**
**यत्कृपा तमहं वन्दे परमानन्दमाधवम् ॥**

જે ભગવાનની કૃપા મૂંગાને બોલતો કરે છે, લૂલાને પર્વત ઓળંગાવે છે, તે પરમાનંદ માધવ પ્રભુને હું વંદન કરું છું.

## ॥ श्री विष्णु-प्रातःस्मरण ॥

**प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै नारायणं गरुडवाहनमब्जनाभम् ।**
**ग्राहाभिभूतवरवारणमुक्तिहेतुं चक्रायुधं तरुणवारिजपत्रनेत्रम् ॥**

ગરુડ પર સવારી કરનારા, નાભિમાં કમળવાળા, ગજેન્દ્રને મગરની પકડમાંથી છોડાવનારા, સુદર્શનચક્રધારી, ખીલેલા કમળની પાંખડી જેવાં નેત્રવાળા નારાયણ પ્રભુનું પ્રાતઃકાળે હું સંસારના ભયના મહાદુઃખની શાંતિ માટે સ્મરણ કરું છું.

**प्रातर्नमामि मनसा वचसा च मूर्ध्ना पादारविन्दयुगलं परमस्य पुंसः ।**
**नारायणस्य नरकार्णवतारणस्य पारायणप्रवणविप्रपरायणस्य ॥**

વેદોનો અભ્યાસ કરવાવાળા બ્રાહ્મણોના પરમ આશ્રયરૂપ, નરક જેવા સંસાર સમુદ્રના તારણહાર એવા પરમપુરુષ નારાયણનાં બે ચરણારવિંદમાં માથું નમાવી, મન અને વચનથી હું પ્રાતઃકાલે નમસ્કાર કરું છું.

**प्रातर्भजामि भजतामभयङ्करं तं प्राक्सर्वजन्मकृतपापभयापहत्यै ।**
**यो ग्राहवक्त्रपतितांघ्रिगजेन्द्रघोरशोकप्रणाशनकरो धृतशङ्खचक्रः ॥**

મગરના મોઢામાં પડેલા પગવાળા ગજેન્દ્રના ઘોર સંકટનો શંખચક્ર ધારણ કરી નાશ કરનાર, ભક્તોને અભય કરનાર ભગવાનને હું મારાં પૂર્વજન્મનાં બધાં પાપોના નાશ માટે પ્રાતઃકાળે ભજું છું.

**श्लोकत्रयमिदं पुण्यं प्रातःकाले पठेन्नरः ।**
**लोकत्रयगुरुस्तस्मै दद्यादात्मपदं हरिः ॥**

આ ત્રણ પવિત્ર શ્લોકનું જે માણસ પ્રાતઃકાળે પઠન કરે છે એને ત્રિભુવનનાથ હરિ પોતાનો કરે છે.



## ॥ श्रीविष्णुसहस्रनामस्तोत्रम् ॥

### ॥ પૂર્વ ભાગ ॥

**ॐ श्री परमात्मने नमः**

**ॐ शुक्लाम्बरधरं विष्णुं शशिवर्णं चतुर्भुजम् ।**
**प्रसन्नवदनं ध्यायेत् सर्वविघ्नोपशान्तये ॥**

જેમણે સફેદ વસ્ત્રો ધારણ કરેલાં છે, જે ચંદ્રનો વર્ણ ધરાવે છે, એવા ભગવાન વિષ્ણુનું હું બધાં જ વિઘ્નોના નિવારણ માટે ધ્યાન ધરું છું.

**यस्य स्मरणमात्रेण जन्मसंसारबंधनात् ।**
**विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥ १ ॥**

જેમના સ્મરણમાત્રથી (જગતના જીવો) જન્મ-મરણરૂપ સંસારબંધનથી મુક્ત થાય છે, તે મહાસમર્થ વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**नमः समस्तभूतानां आदिभूताय भूभृते ।**
**अनेकरूपरूपाय विष्णवे प्रभविष्णवे ॥ २ ॥**

સમસ્ત પ્રાણીમાત્રના આદિભૂત ભૂમંડલને ધારણ કરનાર, અનેક રૂપોના એક રૂપ એવા મહાસમર્થ વિષ્ણુને નમસ્કાર હો.

**वैशंपायन उवाच ।**
**श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।**
**युधिष्ठिरः शान्तनवं पुनरेवाभ्यभाषत ॥ ३ ॥**

**વૈશંપાયન બોલ્યા :**
સમગ્રપણે સર્વ ધર્મોને અને પવિત્ર આખ્યાનોને સાંભળી યુધિષ્ઠિર ફરીથી શાંતનુના પુત્ર(ભીષ્મ)ને પૂછવા લાગ્યા.

**युधिष्ठिर उवाच ।**
**किमेकं दैवतं लोके किं वाप्येकं परायणम् ।**
**स्तुवन्तः कं कमर्चन्तः प्राप्नुयुर्मानवाः शुभम् ॥ ४ ॥**

**को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।**
**किं जपन् मुच्यते जन्तुर्जन्मसंसारबन्धनात् ॥ ५ ॥**

**યુધિષ્ઠિર બોલ્યા :**

આ જગતમાં કયા એક જ દેવ છે ? અને કયા દેવ પરમ શરણરૂપ છે ? કોની સ્તુતિ કરતાં અને કોની પૂજા કરતાં મનુષ્યો કલ્યાણ પામે છે ?

સર્વ ધર્મોમાં કયા ધર્મને આપે શ્રેષ્ઠ માન્યો છે ? કોનો જપ કરતો મનુષ્ય જન્મમરણરૂપી સંસારબંધનથી મુક્ત થાય છે ?

**भीष्म उवाच ।**

**जगत्प्रभुं देवदेवमनन्तं पुरुषोत्तमम् ।**
**स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥ ६ ॥**

**तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।**
**ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥ ७ ॥**

**अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।**
**लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥ ८ ॥**

**ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।**
**लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥ ९ ॥**

**ભીષ્મ બોલ્યા :**

જગતના સ્વામી, દેવોના દેવ, અનંત અને પુરુષોત્તમ એવા શ્રી વિષ્ણુભગવાનની હજાર નામો વડે જે મનુષ્ય નિત્ય સાવધાન થઈ સ્તુતિ કરે, એ અવિનાશી પુરુષને જે ભક્તિભાવપૂર્વક પૂજે, ધ્યાન ધરે, પ્રાર્થના કરે, પ્રણામ કરે, તેમના નિમિત્તે યજન-પૂજન કરે, તેમ જ એ આદિઅંતરહિત, સર્વ લોકના મહેશ્વર તથા સર્વ જગતના અધ્યક્ષની નિત્ય સ્તુતિ કરે તે સર્વ દુઃખોથી મુક્ત થાય છે. એ બ્રહ્મસ્વરૂપ, સર્વ ધર્મોને જાણનારા, લોકોની કીર્તિ વધારનારા, સર્વ લોકના નાથ, સર્વનું કલ્યાણ કરનારા અને સઘળાં પ્રાણીપદાર્થના જગતને ઉત્પન્ન કરનારા મહાન પ્રભુનું સ્તવન કરવાથી મનુષ્ય સર્વ દુઃખોથી મુક્ત થાય છે.



**एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।**
**यद्भक्त्या पुण्डरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥ १० ॥**

**परमं यो महत्तेजः परमं यो महत्तपः ।**
**परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥ ११ ॥**

**पवित्राणां पवित्रं यो मङ्गलानां च मंगलम् ।**
**दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ॥ १२ ॥**

કમળ સમાન નેત્રવાળા ભગવાનનું ભક્તિપૂર્વક સ્મરણ કરવું, શરણ લેવું, તેમની જ સ્તુતિ કરવી, તેમનું જ અર્ચન કરવું તે જ ધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે, એવું મારું માનવું છે. જે દેવ પરમ તેજ છે, મહાશ્રેષ્ઠ તપ છે, મહાશ્રેષ્ઠ બ્રહ્મ છે, સર્વ મનુષ્યોને માટે અંતિમ પ્રાપ્તવ્ય-શ્રેષ્ઠ સ્થાન છે. જે (દેવ) પવિત્રમાં પવિત્ર છે, મંગળમાં પણ મંગળરૂપ છે, સર્વ દેવતાઓના પણ દૈવતરૂપ છે અને સર્વ ભૂતોના અવિનાશી પિતા છે.

**यतः सर्वाणि भूतानि भवन्त्यादियुगागमे ।**
**यस्मिंश्च प्रलयं यान्ति पुनरेव युगक्षये ॥ १३ ॥**

**तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।**
**विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥ १४ ॥**

**यानि नामानि गौणानि विख्यातानि महात्मनः ।**
**ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥ १५ ॥**

યુગના આદિકાળમાં સર્વ ભૂતપ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને યુગનો ક્ષય થતાં જેમનામાં એ બધાં પાછાં લય પામે છે; તે સર્વ લોકમાં મુખ્ય અને જગતના નાથ શ્રીવિષ્ણુ ભગવાનનાં હજાર નામ જે સર્વ પાપોનો અને ભયનો નાશ કરનાર છે તેને હે રાજા, તું મારી પાસેથી સાંભળ. મહાત્મા વિષ્ણુનાં જે નામનો ગૌણ એટલે (વિષ્ણુનાં) ગુણવાચક છે, વિખ્યાત છે અને ઋષિઓએ ગાયેલાં છે તે હું તને કહું છું.

## ॥ ध्यानम् ॥

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥

શાન્તમૂર્તિ, શેષનાગ પર શયન કરનાર, નાભિએ કમળવાળા, દેવાધિદેવ, વિશ્વના આધારરૂપ, આકાશ જેવા (વ્યાપક), વાદળ જેવા રંગવાળા, સુંદર અંગવાળા, લક્ષ્મીના પતિ, કમળ જેવાં નેત્રવાળા, ધ્યાન (સમાધિ) કરવાથી યોગીઓને સમજાય તેવા, સંસાર (સાગર)નો ભય દૂર કરનાર, સર્વ (ચૌદ) લોકના એકમાત્ર નાથ, એવા વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરું છું.

सशङ्खचक्रं सकिरीटकुण्डलं सपीतवस्त्रं सरसीरुहेक्षणम् ।
सहारवक्षःस्थलकौस्तुभश्रियं नमामि विष्णुं शिरसा चतुर्भुजम् ॥

જેમના હાથમાં શંખ અને ચક્ર છે, જે મુકુટ અને કુંડલથી શોભે છે, જેમણે પીતાંબર ધારણ કર્યું છે, જેમનાં નેત્રો કમળ સમાન છે અને જેમની છાતી કૌસ્તુભ ચિહ્ન તથા ઘણી માળાઓથી શોભી રહી છે તેવા ચાર બાહુવાળા ભગવાન વિષ્ણુને નતમસ્તકે પ્રણામ કરું છું.

यस्य हस्ते गदाचक्रं गरुडो यस्य वाहनम् ।
शङ्खः करतले यस्य स मे विष्णुः प्रसीदतु ॥

જેના હાથમાં ગદા અને ચક્ર છે, જેનું વાહન ગરુડ છે, જેની હથેળીમાં શંખ છે, તે વિષ્ણુ મારા પર પ્રસન્ન થાઓ.



## ॥ હરિઃ ૐ ॥

ॐ विश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः ।
भूतकृद् भूतभृद्भावो भूतात्मा भूतभावनः ॥ १ ॥

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥ २ ॥

योगो योगविदां नेता प्रधान-पुरुषेश्वरः★ ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥ ३ ॥

सर्वः शर्वः शिवः स्थाणु-र्भूतादि-र्निधि-रव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभु-रीश्वरः ॥ ४ ॥

स्वयंभूः शंभु-रादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादि-निधनो धाता विधाता धातुरुत्तमः ॥ ५ ॥

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमरप्रभुः ।
विश्वकर्मा मनु-स्त्वष्टा स्थविष्ठः-स्थविरो ध्रुवः ॥ ६ ॥

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूत-स्त्रिककुब्धाम पवित्रं मङ्गलं परम् ॥ ७ ॥

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥ ८ ॥

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः ।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥ ९ ॥

★ દેવનાગરી ભાષામાં વાચન તેમ જ પઠનમાં સરળતા રહે તે માટે કેટલાક શબ્દો વચ્ચે સાતત્ય દર્શાવવા માટે હાયફન (-) મૂકી છે. આવી રીતે જોડાયેલા શબ્દોને એક જ શબ્દપ્રયોગ તરીકે વાંચવાના કે પઠન કરવાના છે.

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥ १० ॥

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिर-मेयात्मा सर्वयोग-विनिःसृतः ॥ ११ ॥

वसु-र्वसुमनाः सत्यः समात्मा सम्मितः समः ।
अमोघः पुण्डरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥ १२ ॥

रुद्रो बहुशिरा बभ्रु-र्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वत-स्थाणु-र्वरारोहो महातपाः ॥ १३ ॥

सर्वगः सर्वविद्भानु-र्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यङ्गो वेदाङ्गो वेदवित् कविः ॥ १४ ॥

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।
चतुरात्मा चतुर्व्यूह-श्चतुर्दंष्ट्र-श्चतुर्भुजः ॥ १५ ॥

भ्राजिष्णु-र्भोजनं भोक्ता सहिष्णु-र्जगदादिजः ।
अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥ १६ ॥

उपेन्द्रो वामनः प्रांशु-रमोघः शुचि-रूर्जितः ।
अतीन्द्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः ॥ १७ ॥

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।
अतीन्द्रियो महामायो महोत्साहो महाबलः ॥ १८ ॥

महाबुद्धि-र्महावीर्यो महाशक्ति-र्महाद्युतिः ।
अनिर्देश्यवपुः श्रीमा-नमेयात्मा महाद्रिधृक् ॥ १९ ॥

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतां गतिः ।
अनिरुद्धः सुरानन्दो गोविन्दो गोविदां पतिः ॥ २० ॥



मरीचि-र्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥ २१ ॥

अमृत्युः सर्वदृक् सिंहः सन्धाता सन्धिमान् स्थिरः ।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥ २२ ॥

गुरु-र्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वो वाचस्पति-रुदारधीः ॥ २३ ॥

अग्रणी-र्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥ २४ ॥

आवर्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहः संवर्तको वह्नि-रनिलो धरणीधरः ॥ २५ ॥

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्-विश्वभुग् विभुः ।
सत्कर्ता सत्कृतः साधु-र्जह्नु-र्नारायणो नरः ॥ २६ ॥

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृ-च्छुचिः ।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः ॥ २७ ॥

वृषाही वृषभो विष्णु-र्वृषपर्वा वृषोदरः ।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः ॥ २८ ॥

सुभुजो दुर्धरो वाग्मी महेन्द्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥ २९ ॥

ओजस्तेजो द्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मन्त्र-श्चन्द्रांशु-र्भास्करद्युतिः ॥ ३० ॥

अमृतांशूद्भवो भानुः शशबिन्दुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्य-धर्म-पराक्रमः ॥ ३१ ॥

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत् कान्तः कामः कामप्रदः प्रभुः ॥ ३२ ॥

युगादिकृ-द्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्यो व्यक्तरूपश्च सहस्रजिद-नन्तजित् ॥ ३३ ॥

इष्टोऽविशिष्टः शिष्टेष्टः शिखण्डी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत् कर्ता विश्वबाहु-र्महीधरः ॥ ३४ ॥

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधि-रधिष्ठान-मप्रमत्तः प्रतिष्ठितः ॥ ३५ ॥

स्कन्दः स्कन्दधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानु-रादिदेवः पुरन्दरः ॥ ३६ ॥

अशोक-स्तारण-स्तारः शूरः शौरि-र्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी-पद्मनिभेक्षणः ॥ ३७ ॥

पद्मनाभोऽरविन्दाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धि-र्ऋद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥ ३८ ॥

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिञ्जयः ॥ ३९ ॥

विक्षरो रोहितो मार्गो हेतु-र्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवा-नमिताशनः ॥ ४० ॥

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥ ४१ ॥

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः ।
परर्द्धिः परमस्पष्ट-स्तुष्टः पुष्टः शुभेक्षणः ॥ ४२ ॥



रामो विरामो विरतो मार्गो नेयो नयोऽनयः ।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥ ४३ ॥

वैकुण्ठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ।
हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायु-रधोक्षजः ॥ ४४ ॥

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ॥ ४५ ॥

विस्तारः स्थावरस्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥ ४६ ॥

अनिर्विण्णः स्थविष्ठोऽभू-र्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमि- र्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥ ४७ ॥

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतां गतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥ ४८ ॥

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।
मनोहरो जितक्रोधो वीरबाहु-र्विदारणः ॥ ४९ ॥

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥ ५० ॥

धर्मगुब्-धर्मकृद्-धर्मी सदसत् क्षर-मक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥ ५१ ॥

गभस्तिनेमिः सत्त्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद् गुरुः ॥ ५२ ॥

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपीन्द्रो भूरिदक्षिणः ॥ ५३ ॥

सोमपोऽमृतपः सोमः पुरुजित् पुरुसत्तमः ।
विनयो जयः सत्यसन्धो दाशार्हः सात्त्वतां पतिः ॥ ५४ ॥

जीवो विनयितासाक्षी मुकुन्दोऽमितविक्रमः ।
अम्भोनिधि-रनन्तात्मा महोदधिशयोऽन्तकः ॥ ५५ ॥

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनन्दो नन्दनो नन्दः सत्यधर्मा त्रिविक्रमः ॥ ५६ ॥

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपद-स्त्रिदशाध्यक्षो महाशृङ्गः कृतान्तकृत् ॥ ५७ ॥

महावराहो गोविन्दः सुषेणः कनकाङ्गदी ।
गुह्यो गभीरो गहनो गुप्त-श्चक्रगदाधरः ॥ ५८ ॥

वेधाः स्वाङ्गोऽजितः कृष्णो दृढ सङ्कर्षणोऽच्युतः ।
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥ ५९ ॥

भगवान् भगहाऽऽनन्दी वनमाली हलायुधः ।
आदित्यो ज्योतिरादित्यः सहिष्णु-र्गतिसत्तमः ॥ ६० ॥

सुधन्वा खण्डपरशु-र्दारुणो द्रविणप्रदः ।
दिवःस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥ ६१ ॥

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।
संन्यासकृच्छमः शान्तो निष्ठा शान्तिः परायणम् ॥ ६२ ॥

शुभाङ्गः शान्तिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपति-र्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥ ६३ ॥

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतां वरः ॥ ६४ ॥



श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः ।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमान् लोकत्रयाश्रयः ॥ ६५ ॥

स्वक्षः स्वङ्गः शतानन्दो नन्दि-र्ज्योतिर्गणेश्वरः ।
विजितात्माऽविधेयात्मा सत्कीर्ति-श्छिन्नसंशयः ॥ ६६ ॥

उदीर्णः सर्वतश्चक्षु-रनीशः शाश्वतस्थिरः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥ ६८ ॥

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥ ६९ ॥

कामदेवः कामपालः कामी कान्तः कृतागमः ।
अनिर्देश्यवपु-र्विष्णु-र्वीरोऽनन्तो धनञ्जयः ॥ ७० ॥

ब्रह्मण्यो ब्रह्मकृद्-ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।
ब्रह्मविद् ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥ ७१ ॥

महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।
महाक्रतु-र्महायज्वा महायज्ञो महाहविः ॥ ७२ ॥

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोता रणप्रियः ।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्ति-रनामयः ॥ ७३ ॥

मनोजव-स्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसु-र्वसुमना हविः ॥ ७४ ॥

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥ ७५ ॥

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥ ७६ ॥

विश्वमूर्तिमहामूर्ति-र्दीप्तमूर्ति-रमूर्तिमान् ।
अनेकमूर्ति-रव्यक्तः शतमूर्तिः शताननः ॥ ७७ ॥

एको नैकः सवः कः किं यत्तत् पदमनुत्तमम् ।
लोकबन्धु-र्लोकनाथो माधवो भक्तवत्सलः ॥ ७८ ॥

सुवर्णवर्णो हेमाङ्गो वराङ्गश्चन्दनाङ्गदी ।
वीरहा विषमः शून्यो घृताशी-रचल-श्चलः ॥ ७९ ॥

अमानी मानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥ ८० ॥

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतां वरः ।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृङ्गो गदाग्रजः ॥ ८१ ॥

चतुर्मूर्ति-श्चतुर्बाहु-श्चतुर्व्यूह-श्चतुर्गतिः ।
चतुरात्मा चतुर्भाव-श्चतुर्वेदवि-देकपात् ॥ ८२ ॥

समावर्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥ ८३ ॥

शुभाङ्गो लोकसारङ्गः सुतन्तु-स्तन्तुवर्धनः ।
इन्द्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥ ८४ ॥

उद्भवः सुन्दरः सुन्दो रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृङ्गी जयन्तः सर्वविज्जयी ॥ ८५ ॥

सुवर्णबिन्दु-रक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः ।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥ ८६ ॥

कुमुदः कुन्दरः कुन्दः पर्जन्यः पावनोऽनिलः ।
अमृताशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥ ८७ ॥



सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुम्बरोऽश्वत्थ-श्चाणूरान्ध्रनिषूदनः ॥ ८८ ॥

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्ति-रनघोऽचिन्त्यो भयकृद्-भयनाशनः ॥ ८९ ॥

अणु-र्बृहत् कृशः स्थूलो गुणभृ-न्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥ ९० ॥

भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः ।
आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥ ९१ ॥

धनुर्धरो धनुर्वेदो दण्डो दमयिता दमः ।
अपराजितः सर्वसहो नियन्ताऽनियमोऽयमः ॥ ९२ ॥

सत्त्ववान् सात्विकः सत्यः सत्य-धर्म-परायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः ॥ ९३ ॥

विहायसगति-र्ज्योतिः सुरुचि-र्हुतभुग्विभुः ।
रवि-र्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥ ९४ ॥

अनन्तो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठान-मद्भुतः ॥ ९५ ॥

सनात्-सनातनतमः कपिलः कपि-रव्ययः ।
स्वस्तिदः स्वस्तिकृत् स्वस्ति स्वस्तिभुक् स्वस्तिदक्षिणः ॥ ९६ ॥

अरौद्रः कुण्डली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥ ९७ ॥

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणां वरः ।
विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥ ९८ ॥

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः सन्तो जीवनः पर्यवस्थितः ॥ ९९ ॥

अनन्तरूपोऽनन्तश्री-र्जितमन्यु-र्भयापहः ।
चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः ॥ १०० ॥

अनादि-र्भूर्भुवो लक्ष्मीः सुवीरो रुचिराङ्गदः ।
जननो जनजन्मादि-र्भीमो भीमपराक्रमः ॥ १०१ ॥

आधारनिलयोऽधाता पुष्पहासः प्रजागरः ।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥ १०२ ॥

प्रमाणं प्राणनिलयः प्राणभृत् प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्म-मृत्यु-जरातिगः ॥ १०३ ॥

भूर्भुवःस्वस्तरु-स्तारः सविता प्रपितामहः ।
यज्ञो यज्ञपति-र्यज्वा यज्ञांगो यज्ञवाहनः ॥ १०४ ॥

यज्ञभृ-द्यज्ञकृद्यज्ञी यज्ञभुग् यज्ञसाधनः ।
यज्ञान्तकृ-द्यज्ञगुह्य-मन्न-मन्नाद एव च ॥ १०५ ॥

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनन्दनः स्रष्टा क्षितीशः पापनाशनः ॥ १०६ ॥

शङ्खभृन्नन्दकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथाङ्गपाणि-रक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥ १०७ ॥

सर्वप्रहराणायुध ॐ नमः ॥ १०८ ॥

वनमाली गदी शाङ्र्गी शङ्खी चक्री च नन्दकी ।
वनमाली गदी शाङ्र्गी शङ्खी चक्री च नन्दकी ॥
श्रीमान्नारायणो विष्णुर्वासुदेवोऽभिरक्षतु ।
श्री वासुदेवोऽभिरक्षतु ओं नम इति ॥



## ॥ ફલશ્રુતિ ॥

**भीष्म उवाच**

इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्त्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥ १ ॥

ભીષ્મ કહે છે : આ પ્રમાણે કીર્તન કરવા યોગ્ય મહાત્મા શ્રી કેશવનાં આ દિવ્ય સહસ્ર(હજાર) નામ સંપૂર્ણપણે કહ્યાં.

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।
नाशुभं प्राप्नुयात्किञ्चित्सोऽमुत्रेह च मानवः ॥ २ ॥

જે મનુષ્ય આ સહસ્રનામને નિત્ય સાંભળે છે અથવા પાઠ કે કીર્તન કરે છે તે આ લોકમાં તથા પરલોકમાં કશું અશુભ પામતો નથી.

वेदान्तगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥ ३ ॥

તે બ્રાહ્મણ હોય તો વેદાન્તને પાર પામનારો થાય છે; જો ક્ષત્રિય હોય તો (રણસંગ્રામમાં) વિજયી થાય છે; જો વૈશ્ય હોય તો ધનથી સમૃદ્ધ થાય છે અને જો શુદ્ર હોય તો સુખ પામે છે.

धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी चाप्नुयात्प्रजाम् ॥ ४ ॥

ધર્મની ઈચ્છાવાળો હોય તો ધર્મ પામે છે; ધનની ઈચ્છાવાળો ધન પામે છે; કામની(ભોગ-વૈભવની) ઈચ્છા હોય તો કામને-ભોગવૈભવને-પામે છે અને પ્રજાની ઈચ્છાવાળો પ્રજાને-સંતતિને પ્રાપ્ત કરે છે.

भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।
सहस्त्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥ ५ ॥

જે ભક્તિમાન નિત્ય (વહેલો) ઊઠી, પવિત્ર થઈ તથા ભગવાનમાં મન પરોવી વાસુદેવ (વિષ્ણુ)નાં સહસ્રનામનો પાઠ કરે છે.

**यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।**
**अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥ ६ ॥**

તે પુષ્કળ યશ પ્રાપ્ત કરે છે, જ્ઞાતિમાં આગેવાન થાય છે; અચલ સંપત્તિ પામે છે અને ઉત્તમ શ્રેયને મેળવે છે.

**न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विन्दति ।**
**भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥ ७ ॥**

તે ક્યાંય ભય પામતો નથી; વીર્ય અને તેજ પામે છે, નિરામય, કાંતિમાન તેમ જ બળવાન, રૂપવાન અને ગુણવાન બને છે.

**रोगार्तो मुच्यते रोगाद्बद्धो मुच्येत बन्धनात् ।**
**भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः ॥ ८ ॥**

રોગથી પીડાતો (મનુષ્ય) રોગથી મુક્ત થાય છે; બંધનમાં આવ્યો હોય તો બંધનથી છૂટે છે; ભય પામેલો ભયથી મુક્ત થાય છે અને આપત્તિ પામેલો આપત્તિથી મુક્ત બને છે.

**दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।**
**स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः ॥ ९ ॥**

જે પુરુષ ભક્તિવાળો થઈ આ સહસ્રનામ વડે નિત્ય પુરુષોત્તમની સ્તુતિ કરે છે તે સર્વ વિઘ્નોને સત્વરે તરી જાય છે.

**वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।**
**सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥ १० ॥**

જે મનુષ્ય વાસુદેવનો આશ્રય કરે છે અને વાસુદેવપરાયણ થાય છે તે સર્વ પાપથી વિશુદ્ધ મનવાળો થઈ સનાતન બ્રહ્મને પામે છે.

**न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।**
**जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥ ११ ॥**

શ્રીવાસુદેવના ભક્તોનું કદી અશુભ થતું નથી; તેમ જ તેમને જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને રોગનો ભય લાગતો જ નથી.



**इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ।**
**युज्येतात्मसुखक्षान्तिश्रीधृतिस्मृतिकीर्तिभिः ॥ १२ ॥**

જે મનુષ્ય શ્રદ્ધા અને ભક્તિયુક્ત થઈ આ સ્તોત્રનો પાઠ કરે છે, તેને આત્માનું સુખ, ક્ષમા, લક્ષ્મી, ધૈર્ય, સ્મૃતિ અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

**न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।**
**भवन्ति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥ १३ ॥**

પુરુષોત્તમમાં ભક્તિવાળા પુણ્યશાળી મનુષ્યોને ક્રોધ, ઈર્ષ્યા, લોભ કે અશુભ બુદ્ધિ નીપજતાં નથી.

**द्यौः सचन्द्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ।**
**वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥ १४ ॥**

સ્વર્ગ, સૂર્ય, ચન્દ્ર તેમ જ નક્ષત્ર સહિત આકાશ અને દિશાઓ, પૃથ્વી, મહાસાગર આ સર્વ મહાત્મા શ્રીવાસુદેવના પ્રતાપથી ટકી રહ્યાં છે.

**ससुरासुरगन्धर्वं सयक्षोरगराक्षसम् ।**
**जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥ १५ ॥**

દેવ, દૈત્ય, ગંધર્વ, યક્ષ, સર્પ અને રાક્ષસો સહિત આ સચરાચર જગત શ્રીકૃષ્ણ પરમાત્માને અધીન વર્તે છે.

**इन्द्रियाणि मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः ।**
**वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च ॥ १६ ॥**

ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, સત્ત્વ, તેજ, બળ, ધૈર્ય, શરીર અને શરીરને જાણનાર, એ સર્વે વાસુદેવ જ છે એમ વેદવેત્તાઓ કહે છે.

**सर्वागमानामाचारः प्रथमं परिकल्पते ।**
**आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥ १७ ॥**

સર્વ શાસ્ત્રોમાં આચાર પ્રથમ (મુખ્ય) મનાય છે. આચારથી જ ધર્મની ઉત્પત્તિ છે અને ધર્મના સ્વામી અચ્યુત પરમાત્મા છે.

**ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।**
**जङ्गमाजङ्गमं चेदं जगन्नारायणोद्भवम् ॥ १८ ॥**

ઋષિઓ, પિતૃઓ, દેવતાઓ, પંચ મહાભૂતો, ધાતુઓ અને સ્થાવર તેમ જ જંગમ આ જગત શ્રીનારાયણથી ઉત્પન્ન થાય છે.

**योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादि कर्म च ।**
**वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात् ॥ १९ ॥**

યોગ, જ્ઞાન તથા સાંખ્ય, વિદ્યાઓ, શિલ્પ આદિ કર્મો, વેદો, શાસ્ત્રો અને વિજ્ઞાન આ બધું જનાર્દન ભગવાનથી ઉત્પન્ન થાય છે.

**एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः ।**
**त्रींल्लोकान्व्याप्य भूतात्मा भुङ्क्ते विश्वभुगव्ययः ॥ २० ॥**

શ્રીવિષ્ણુ એક જ મહાન ભૂતરૂપ છે, જે ભિન્ન ભિન્ન અનેક પ્રાણીપદાર્થરૂપે ત્રણે લોકમાં વ્યાપી રહ્યા છે, અને સર્વ ભૂતોના અવિનાશી આત્મા એ વિશ્વભોક્તા સર્વને ભોગવી રહ્યા છે.

**इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम् ।**
**पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च ॥ २१ ॥**

જે મનુષ્ય કલ્યાણ અને સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખતો હોય, તેણે શ્રીવ્યાસે કહેલા ભગવાન વિષ્ણુના આ સ્તોત્રનો પાઠ કરવો.

**विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम् ।**
**भजन्ति ये पुष्कराक्षं न ते यान्ति पराभवम् ॥ २२ ॥**

જે પ્રભુ વિશ્વના ઈશ્વર છે, જન્મરહિત છે, જગતની ઉત્પત્તિ અને પ્રલય કરનારા છે, કમળ સમાન નેત્રોવાળા છે તે પ્રભુને જે ભજે છે તેમનો પરાજય થતો નથી.

**अर्जुन उवाच**

**पद्मपत्रविशालाक्ष पद्मनाभ सुरोत्तम ।**
**भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥ २३ ॥**



**અર્જુને કહ્યું :**

હે કમળપત્ર સમાન વિશાળ નેત્રવાળા, નાભિમાં કમળને ધારણ કરનારા, દેવોમાં ઉત્તમ દેવ, હે જનાર્દન, આપ પ્રેમી ભક્તજનોનું રક્ષણ કરનારા થજો.

**श्री भगवानुवाच**

**यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पांडव ।**
**सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥ २४ ॥**

**શ્રી ભગવાને કહ્યું :**

હે પાંડવ, જે લોકો સહસ્રનામથી મારી સ્તુતિ કરવા ઈચ્છે છે, તે જો નીચેના એક જ શ્લોકથી મારી સ્તુતિ કરે તોપણ તેમણે મારી સઘળી જ સ્તુતિ કરી ગણાય એમાં સંશય નથી.

**नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।**
**सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटीयुगधारिणे नमः ॥ २५ ॥**

અનંત, હજારો સ્વરૂપવાળા તેમ જ હજારો પગ, આંખ, મસ્તક, સાથળ અને બાહુને ધારણ કરનારા, અસંખ્ય નામવાળા, હજારો કરોડ યુગને ધારણ કરનારા સનાતન પુરુષને હું નમસ્કાર કરું છું.

**नमः कमलनाभाय नमस्ते जलशायिने ।**
**नमस्ते केशवानन्त वासुदेव नमोऽस्तु ते ॥ २६ ॥**

જેમની નાભિમાં કમળ છે એવા આપને નમસ્કાર; જલમાં શયન કરનારને નમસ્કાર; હે કેશવ, હે અનંત, આપને નમસ્કાર; હે વાસુદેવ, આપને નમસ્કાર.

**व्यास उवाच**

**वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।**
**सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते ॥ २७ ॥**

વાસુદેવની ઈચ્છાથી જ ત્રણે ભુવનના લોકો વાસનાવાળા થાય છે અને હે વાસુદેવ, સર્વ ભૂતોમાં આપ જ વસેલા છો; આપને હું નમસ્કાર કરું છું.

**नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।**
**जगद्धिताय कृष्णाय गोविन्दाय नमो नमः ॥ २८ ॥**

બ્રાહ્મણોના દેવ અને ગૌ-બ્રાહ્મણોનું હિત કરનારાને નમસ્કાર; જગતનું હિત કરનારા શ્રીકૃષ્ણને અને ગોવિન્દને નમસ્કાર હો.

**आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।**
**सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥ २९ ॥**

જેમ આકાશમાંથી પડેલું જળ સાગરમાં જાય છે, તેમ સર્વ દેવોને કરેલા નમસ્કાર ભગવાન શ્રી કેશવને પહોંચે છે.

**एष निष्कटकः पन्थाः यत्र संपूज्यते हरिः ।**
**कुपथं तं विजानीयाद्गोविन्दरहितागमम् ॥ ३० ॥**

જે પંથમાં શ્રીહરિનું સ્મરણ થાય છે તે જ નિષ્કંટક પંથ છે અને જે પંથ ગોવિંદના સ્મરણ વિનાનો છે તેને કુમાર્ગ જાણવો.

**सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।**
**तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥ ३१ ॥**

સર્વ વેદો જાણવાથી જે પુણ્ય થાય છે અને સર્વ તીર્થોની યાત્રાથી જે ફળ મળે છે તે ફળ દેવ જનાર્દનની સ્તુતિ કરીને મનુષ્ય મેળવે છે.

**यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।**
**द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥ ३२ ॥**

જે મનુષ્ય દેવમંદિરમાં નિત્ય ત્રણ કાળ (પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ), બે કાળ (સવાર-સાંજ) કે એક કાળ (પ્રભાતે) શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે, તે સકલ પાપકર્મો દૂર કરે છે.

**दह्यन्ते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।**
**विलीयन्ते च पापानि स्तवे ह्यस्मिन्प्रकीर्तिते ॥ ३३ ॥**

જે લોકો આ સ્તોત્રનો પાઠ કરે છે તેમના શત્રુઓ બળીને ભસ્મ થાય છે, તેના સર્વ ગ્રહો સદા શાંત રહે છે અને તેનાં સર્વ પાપ નાશ પામે છે.

**येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।**
**दत्तानि सर्वदानानि सुराः सर्वे समर्चिताः ॥ ३४ ॥**



જેણે આ સ્તોત્રનું ધ્યાન, શ્રવણ કે પાઠ કર્યો હોય તેણે સર્વ દાન આપ્યાં ગણાય અને સર્વ દેવોની રૂડી રીતે પૂજા કરી એમ જાણવું.

**इह लोके परे वापि न भयं विद्यते क्वचित् ।**
**नाम्नां सहस्त्रं योऽधीते द्वादश्यां मम सन्निधौ ॥ ३५ ॥**

**शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ।**
**अश्वत्थसन्निधौ पार्थ तुलसौसन्निधौ तथा ॥ ३६ ॥**

**पठेन्नामसहस्त्रं तु गवां कोटिफलं लभेत् ।**
**शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥ ३७ ॥**

**नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ।**
**ब्रह्महत्यादिकं घोरं सर्वपापं विनश्यति ॥ ३८ ॥**

જે મનુષ્ય બારશને દિવસે મારી સન્નિધિમાં આ સહસ્રનામનો પાઠ કરે છે તેને આ લોકમાં કે પરલોકમાં કોઈ ઠેકાણે ભય રહેતો નથી. અને કરોડો કલ્પોનાં પાપ તે ધીમે ધીમે બાળી નાખે છે. હે અર્જુન, જે પીપળાના વૃક્ષ પાસે કે તુલસીના છોડ પાસે આ વિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે તે કરોડ ગાયોના દાનનું ફળ પ્રાપ્ત કરે છે. વળી જે મનુષ્ય નિત્ય શિવાલયમાં અથવા તુલસીવનમાં બેસી તેનો નિત્ય પાઠ કરે છે તે મોક્ષ પામે છે અને તેનાં બ્રહ્મહત્યાદિ ઘોર પાપ હોય તે પણ સર્વ નાશ પામે છે, એવું ચક્રધારી ભગવાનનું વચન છે.

**इति श्रीमहाभारते शतसाहस्त्र्यां संहितायां**
**वैयासिक्यामानुशासनिकपर्वणि दानधर्मे श्रीभीष्मयुधिष्ठिरसंवादे**
**श्रीविष्णोर्दिव्यसहस्त्रनामस्तोत्रं संपूर्णम् ॥ श्रीकृष्णार्पणमस्तु ॥**
**॥ ॐ तत् सत् ॥**

## ॥ સ્તોત્ર - વિવરણ ॥

**ૐ વિશ્વં વિષ્ણુર્વષટ્કારો ભૂતભવ્યભવત્પ્રભુઃ ।**
**ભૂતકૃદ્ ભૂતભૃદ્ ભાવો ભૂતાત્મા ભૂતભાવનઃ ॥ ૧ ॥**

૧. **વિશ્વમ્** - આવિર્ભાવ થયેલું જગત.
૨. **વિષ્ણુઃ** - સર્વવ્યાપક ચૈતન્ય.
૩. **વષટ્કારઃ** - યજ્ઞમાં આહુતિ હોમવાની ક્રિયાને વષટ્ક્રિયા કહેવામાં આવે છે. જેમને માટે આ ક્રિયા કરવામાં આવે છે તે વષટ્કાર કહેવાય છે.
૪. **ભૂતભવ્યભવત્પ્રભુઃ** - ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એ ત્રણેના સ્વામી.
૫. **ભૂતકૃદ્** - જીવમાત્રના કર્તા.
૬. **ભૂતભૃદ્** - જીવમાત્રનું ભરણપોષણ કરનાર.
૭. **ભાવઃ** - શુદ્ધ અસ્તિત્વ.
૮. **ભૂતાત્મા** - સર્વ પ્રાણીઓમાં રહેલા અન્તર્યામી.
૯. **ભૂતભાવનઃ** - જીવમાત્રની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરનાર.

**પૂતાત્મા પરમાત્મા ચ મુક્તાનાં પરમા ગતિઃ ।**
**અવ્યયઃ પુરુષઃ સાક્ષી ક્ષેત્રજ્ઞોઽક્ષર એવ ચ ॥ ૨ ॥**

૧૦. **પૂતાત્મા** - પવિત્ર થયેલો આત્મા.
૧૧. **પરમાત્મા** - ઈશ્વર, સર્વ લોકના સ્વામી.
૧૨. **મુક્તાનાં પરમા ગતિ** - મુક્ત પુરુષોની પરમ ગતિ.
૧૩. **અવ્યયઃ** - જેમાં કશો વ્યય એટલે વિનાશ કે વિકાર નથી તે.
૧૪. **પુરુષઃ** - (i) જે પુર કે શરીરમાં રહે છે તે આદિનારાયણ. (ii) સહસ્ર પુરુષ જે યજ્ઞ દ્વારા વિશ્વમાં આવિર્ભૂત થયો છે તે.
૧૫. **સાક્ષી** - દ્રષ્ટાપુરુષ.
૧૬. **ક્ષેત્રજ્ઞઃ** - ક્ષેત્ર એટલે દેહમાં રહેલા અન્તર્યામી.
૧૭. **અક્ષરઃ** - જેનો નાશ થતો નથી તે જીવાત્મા.

અવ્યય, પુરુષ, સાક્ષી, ક્ષેત્રજ્ઞ અને અક્ષરરૂપ પરમાત્મા જાણે કે આ ધરાતળ પર ઊતરી આવ્યા. હવે જીવાત્માએ તેના મૂળ સ્વરૂપને પામવું હોય તો તેણે પરમાત્મા ભણી આરોહણ કરવું જોઈએ.



**યોગો યોગવિદાં નેતા પ્રધાનપુરુષેશ્વરઃ ।**
**નારસિંહવપુઃ શ્રીમાન્ કેશવઃ પુરુષોત્તમઃ ॥ ૩ ॥**

૧૮. **યોગઃ** - પરમાત્મા સાથે એકત્વ પામી શકાય તેવા.
૧૯. **યોગવિદાં નેતા** - યોગવેત્તાઓના અગ્રણી.
૨૦. **પ્રધાનપુરુષેશ્વરઃ** - પ્રકૃતિ અને પુરુષના અધીશ્વર.
૨૧. **નારસિંહવપુઃ** - નરસિંહ સ્વરૂપ ધારણ કરનાર.
૨૨. **શ્રીમાન્** - (i) લક્ષ્મીવાન, (ii) કાન્તિમાન.
૨૩. **કેશવઃ** - (i) કેશી નામના અસુરને હણનાર, (ii) જેમના કેશ (વાળ) સુંદર છે તે (iv) જે ત્રણે - કઃ (બ્રહ્મા), અઃ (વિષ્ણુ) અને ઈશઃ (શિવ) છે તે.
૨૪. **પુરુષોત્તમઃ** - પુરુષોમાં ઉત્તમ.

**સર્વઃ શર્વઃ શિવઃ સ્થાણુર્ભૂતાદિર્નિધિરવ્યયઃ ।**
**સમ્ભવો ભાવનો ભર્તા પ્રભવઃ પ્રભુરીશ્વરઃ ॥ ૪ ॥**

૨૫. **સર્વઃ** - (i) સર્વનો જેમાં સમાવેશ થાય છે તે (ii) જે સર્વ વસ્તુઓને સર્વદા જાણે છે તે.
૨૬. **શર્વઃ** - પ્રલય સમયે સર્વનો સંહાર કરનાર.
૨૭. **શિવઃ** - (i) કલ્યાણકર્તા (i) જે પવિત્ર છે તે.
૨૮. **સ્થાણુઃ** - જે નિત્ય સ્થિર છે તે.
૨૯. **ભૂતાદિઃ** - સર્વ ભૂતો અને વસ્તુઓનું આદિકારણ.
૩૦. **નિધિઃ અવ્યયઃ** - અવિચળ અને અવિનાશી ભંડાર.
૩૧. **સમ્ભવઃ** - સ્વેચ્છાથી જન્મ ધારણ કરનાર.
૩૨. **ભાવનઃ** - ભક્તના હિતનું સદા ચિંતન કરનાર.
૩૩. **ભર્તા** - ભરણ-પોષણ કરનાર.
૩૪. **પ્રભવઃ** - જેમાંથી સર્વ કાંઈ ઉત્પન્ન થાય છે તે.
૩૫. **પ્રભુઃ** - સ્વામી.
૩૬. **ઈશ્વરઃ** - (i) જેનામાં અનંત શક્તિઓ રહી છે તે (ii) ઐશ્વર્યવાન

**સ્વયમ્ભૂઃ શંભુરાદિત્યઃ પુષ્કરાક્ષો મહાસ્વનઃ ।**
**અનાદિનિધનો ધાતા વિધાતા ધાતુરુત્તમઃ ॥ ૫ ॥**

૩૭. **સ્વયમ્ભૂઃ** - આપમેળે ઉત્પન્ન થયેલા.
૩૮. **શંભુઃ** - સુખ, શાંતિ અને કલ્યાણના કર્તા.
૩૯. **આદિત્યઃ** - દેવોની જનની અદિતિના પુત્ર.
૪૦. **પુષ્કરાક્ષઃ** - કમળ જેવાં નેત્રોવાળા.
૪૧. **મહાસ્વનઃ** - જેમાંથી મહાન નાદ-વેદ ઉદ્‌ભવે છે તે.
૪૨. **અનાદિનિધનઃ** - જેને જન્મ કે મૃત્યુ નથી તે.
૪૩. **ધાતા** - વિશ્વને ધારણ કરનાર.
૪૪. **વિધાતા** - કર્મ-ફળની રચના કરનાર બ્રહ્મા.
૪૫. **ધાતુરુત્તમઃ** - (i) ચૈતન્ય હોવાથી બધી ધાતુઓમાં ઉત્તમ છે તે (ii) દરેક વસ્તુનો અંતિમ આધાર.

**અપ્રમેયો હૃષીકેશઃ પદ્મનાભોઽમરપ્રભુઃ ।**
**વિશ્વકર્મા મનુસ્ત્વષ્ટા, સ્થવિષ્ઠઃ સ્થવિરો ધ્રુવઃ ॥ ૬ ॥**

૪૬. **અપ્રમેયઃ** - જે કોઈ પણ પ્રમાણથી જાણી ન શકાય તે.
૪૭. **હૃષીકેશઃ** - ઈન્દ્રિયોના સ્વામી.
૪૮. **પદ્મનાભઃ** - જેમની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું છે તેવા ભગવાન વિષ્ણુ.
૪૯. **અમરપ્રભુઃ** - અમર એટલે દેવતાઓના સ્વામી.
૫૦. **વિશ્વકર્મા** - વિશ્વનું નિર્માણ કરનાર.
૫૧. **મનુઃ** - (i) મનુષ્યજાતિના આદિ પિતા (ii) જે મંત્ર રૂપે પ્રગટ થાય છે તે.
૫૨. **ત્વષ્ટા** - જે પ્રલય પછી તક્ષણ કરે છે, એટલે કે રચના કરે છે તે.
૫૩. **સ્થવિષ્ઠઃ** - અતિશય સ્થૂલ છે તે.
૫૪. **સ્થવિરઃ ધ્રુવઃ** - અતિ પ્રાચીન અને અચળ.



**અગ્રાહ્યઃ શાશ્વતઃ કૃષ્ણો, લોહિતાક્ષઃ પ્રતર્દનઃ ।**
**પ્રભૂતસ્ત્રિકકુબ્ધામ પવિત્રં મંગલં પરમ્ ॥ ૭ ॥**

૫૫. **અગ્રાહ્યઃ** - જેને જ્ઞાનેન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકાતા નથી તેવા.
૫૬. **શાશ્વતઃ** - અવિનાશી.
૫૭. **કૃષ્ણઃ** - (i) આકર્ષણ કરનાર (ii) શ્યામ વર્ણને લીધે અત્યંત ગહન.
૫૮. **લોહિતાક્ષઃ** - જેનાં નેત્રો લાલ છે તે.
૫૯. **પ્રતર્દનઃ** - પ્રલય સમયે વિનાશ કરનાર.
૬૦. **પ્રભૂતઃ** - ઉત્કૃષ્ટ (જ્ઞાન, ઐશ્વર્ય વગેરે ગુણોથી યુક્ત) રૂપે જન્મ લેનાર.
૬૧. **ત્રિકકુબ્ધામઃ** - જીવની ત્રણેય કકુભો એટલે કે દિશાઓ (નીચી તિર્યક, મધ્ય મનુષ્ય અને ઉચ્ચ દેવ યોનિઓ)ના આશ્રય-સ્થાન.
૬૨. **પવિત્રમ્** - પાપરહિત, શુદ્ધ, પાવનકારી.
૬૩. **મંગલં પરમ્** - સર્વોત્તમ મંગલસ્વરૂપ.

**ઈશાનઃ પ્રાણદઃ પ્રાણો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠઃ પ્રજાપતિઃ ।**
**હિરણ્યગર્ભો ભૂગર્ભો માધવો મધુસૂદનઃ ॥ ૮ ॥**

૬૪. **ઈશાનઃ** - સર્વના નિયંતા.
૬૫. **પ્રાણદઃ** - પ્રાણદાતા.
૬૬. **પ્રાણઃ** - પરમ ચૈતન્યશક્તિ.
૬૭. **જ્યેષ્ઠઃ** - સૌથી મોટા.
૬૮. **શ્રેષ્ઠઃ** - સર્વોત્તમ.
૬૯. **પ્રજાપતિઃ** - સર્વ પ્રાણીઓના આદિ જનક.
૭૦. **હિરણ્યગર્ભઃ** - (i) સુવર્ણ સમાન કાન્તિમાન (ii) અંડાકાર ચૈતન્ય.
૭૧. **ભૂગર્ભઃ** - ભૂમિની અંતર્ગત રહેલું ચૈતન્ય.
૭૨. **માધવઃ** - મા એટલે લક્ષ્મી અથવા દૈવી સંપત્તિ - તેના સ્વામી તે માધવ.
૭૩. **મધુસૂદનઃ** - મધુ નામના અસુરનો નાશ કરનાર.

**ઈશ્વરો વિક્રમી ધન્વી મેધાવી વિક્રમઃ ક્રમઃ ।**
**અનુત્તમો દુરાધર્ષઃ કૃતજ્ઞઃ કૃતિરાત્મવાન્ ॥ ૯ ॥**

**૭૪. ઈશ્વરઃ** - સર્વનિયંતા, જેનામાં ઈશત્વ, એટલે કે ઇચ્છામાત્રથી સર્વનું નિયમન કરવાની શક્તિ છે તેવા.
**૭૫. વિક્રમી** - મહા પરાક્રમી.
**૭૬. ધન્વી** - ધનુર્ધારી.
**૭૭. મેધાવી** - જેનામાં સૂક્ષ્મ તત્ત્વને ધારણ કરવાની શક્તિ છે તે.
**૭૮. વિક્રમઃ** - (i) વિશેષપણે જે ઉત્ક્રમણ કરે છે તે (ii) જે ત્રણેય ગુણને અતિક્રમી જાય છે તે.
**૭૯. ક્રમઃ** - (i) જેના વડે સંસાર સાગરને ઓળંગવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે (ii) વૈદિક વિધિવિધાનને ક્રમઃ કહેવામાં આવે છે, કારણ કે તેના દ્વારા પરમાત્મા પ્રાપ્ત થાય છે.
**૮૦. અનુત્તમઃ** - જેનાથી કોઈ મહાન-ઉત્તમ નથી તે, સર્વોત્તમ.
**૮૧. દુરાધર્ષઃ** - જેને દબાવી શકવાનું શક્ય નથી તે.
**૮૨. કૃતજ્ઞઃ** - પરમાત્મા-પ્રીત્યર્થે જે કંઈ કૃત્ય કરવામાં આવે તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરનાર.
**૮૩. કૃતિઃ** - સ્વપ્રયત્નથી જે કાંઈ ક્રિયા કરવામાં આવે છે તે કૃતિ છે. તે કૃતિના આધાર એવા પરમાત્મા. પરમાત્મા વિશ્વના કર્તા, કારણ અને કૃતિ ત્રણેય છે. કૃતિ તરીકે પંચ કર્મ કહેવાય છે. (i) સર્જન - સૃષ્ટિની ઉત્પત્તિ (ii) સ્થિતિ-સાતત્યની જાળવણી (iii) સંહાર - પોતાના સ્વરૂપમાં લય (iv) વિલય - પોતાના સ્વરૂપમાં આચ્છાદિત અને (v) અનુગ્રહ - પોતાના પ્રકાશ સાથે સૃષ્ટિનું ઐક્ય સાધવું.
**૮૪. આત્મવાન્** - પોતાના સંપૂર્ણ આત્મસ્વરૂપમાં સ્થિત.

**જ્યોતીષિ વિષ્ણુર્ભુવનાનિ વિષ્ણુર્વનાનિ વિષ્ણુર્ગિરયો દિશશ્ચ ।**
**નદ્યઃ સમુદ્રાશ્ચ સ એવ સર્વં યદસ્તિ યન્નાસ્તિ ચ વિપ્રવર્યમ્ ॥**
**- વિષ્ણુપુરાણ**

તારા વિષ્ણુ છે, વિશ્વો વિષ્ણુ છે, અરણ્યો, પર્વતો, પ્રદેશો, નદીઓ અને સાગરો બધું જ વિષ્ણુ છે. જે કંઈ છે તે અને જે કંઈ નથી તે પણ તે પોતે જ (વિષ્ણુ) છે.



**સુરેશઃ શરણં શર્મ વિશ્વરેતાઃ પ્રજાભવઃ ।**
**અહઃ સંવત્સરો વ્યાલઃ પ્રત્યયઃ સર્વદર્શનઃ ॥ ૧૦ ॥**

**૮૫. સુરેશઃ** - સુર એટલે કે દેવતાઓનો સ્વામી.
**૮૬. શરણમ્** - દુઃખીઓનું આશ્રયસ્થાન, દુઃખીઓના શોકને દૂર કરનાર.
**૮૭. શર્મઃ** - શર્મના આનંદ, કૃપા અને સંરક્ષણ એવા અર્થ થાય છે. જે પરમાનંદ સ્વરૂપ છે તે.
**૮૮. વિશ્વરેતાઃ** - વિશ્વનું આદિકારણ-બીજ.
**૮૯. પ્રજાભવઃ** - જેમના દ્વારા સમસ્ત પ્રજાની ઉત્પત્તિ થાય છે તે.
**૯૦. અહઃ** - દિવસ જેવા પ્રકાશમાન.
**૯૧. સંવત્સરઃ** - પૃથ્વી સૂર્યની આજુબાજુ પરિભ્રમણ પૂરું કરે તેટલો ગાળો - એક વર્ષ, સમય-કાળ- વિષ્ણુનું સ્વરૂપ હોવાથી સંવત્સર નામ આપ્યું. **૯૨. વ્યાલઃ** - અનંત કાળરૂપી સર્પ-શેષનાગ.
**૯૩. પ્રત્યયઃ** - જે સ્વયં પ્રતીતિરૂપ છે એટલે કે સ્વયં જ્ઞાનરૂપ-ચૈતન્યરૂપ છે તે.
**૯૪. સર્વદર્શનઃ** - સર્વ કંઈ જોનાર.

**અજ સર્વેશ્વરઃ સિદ્ધઃ સિદ્ધિઃ સર્વાદિરચ્યુતઃ ।**
**વૃષાકપિરમેયાત્મા સર્વયોગવિનિઃસૃતઃ ॥ ૧૧ ॥**

**૯૫. અજઃ** - જેનો જન્મ નથી તેવા, અજન્મા.
**૯૬. સર્વેશ્વરઃ** - સર્વના નિયંતા.
**૯૭. સિદ્ધઃ** - જે નિત્ય સિદ્ધ છે, જે પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે તે.
**૯૮. સિદ્ધિઃ** - (i) પૂર્ણતાની પ્રાપ્તિરૂપ (ii) જેનું સ્વરૂપ બધાના કરતાં શ્રેષ્ઠ છે (iii) બધા પ્રયત્નોના ફળસ્વરૂપ.
**૯૯. સર્વાદિઃ** - સર્વના આદિકારણ.
**૧૦૦. અચ્યુતઃ** - જે કદાપિ ચલાયમાન થતા નથી તે. સ્ખલન વગરના.

**અહીં સહસ્રનામનાં ૧૦૦ નામ પૂરાં થાય છે.**

**૧૦૧. વૃષાકપિઃ** - (i) કામનાના બધા પદાર્થોને જે વરસાવે છે તે (ii) વરાહ (કપિ)રૂપ લઈ પૃથ્વીને પ્રલયમાંથી તારનાર.
**૧૦૨. અમેયાત્મા** - જેના સ્વરૂપનું માપ કાઢી ન શકાય તે.
**૧૦૩. સર્વયોગવિનિઃસૃતઃ** - સર્વ યોગ જેમાંથી વિશેષપણે નિઃસરણ પામ્યા છે તે. બધા જ સંપર્કો વગરના.

**વસુર્વસુમનાઃ સત્યઃ સમાત્મા સમ્મિતઃ સમઃ ।**
**અમોઘઃ પુણ્ડરીકાક્ષો વૃષકર્મા વૃષાકૃતિઃ ॥ ૧૨ ॥**

**૧૦૪. વસુઃ** - (i) જે સર્વમાં વસી રહ્યા છે (ii) જેમાં બધા વસેલા છે તે.
**૧૦૫. વસુમનાઃ** - વસુ એટલે શ્રેષ્ઠ વિભૂતિમય જેમનું મન છે તે.
**૧૦૬. સત્યઃ** - (i) જે ત્રણેય કાળમાં અસ્તિત્વ ધરાવે છે તે (ii) જેની પ્રકૃતિ સત્ (પ્રાણ), તિ (અન્ન) અને યમ (સૂર્ય)ની રહેલી છે તે - સત્રિયમ્-સત્યમ્.
**૧૦૭. સમાત્મા** - (i) સર્વ પ્રાણીઓમાં સમાન રૂપે રહેલ પરમાત્મા (ii) બધા તરફ સમાન વર્તાવ રાખનારા.
**૧૦૮. સમ્મિતઃ** - સમાન રીતે પરિમિત - વસી રહેલા.
**૧૦૯. સમઃ** - (i) સર્વ કાળે જે સમ-સ્વસ્થ-અવસ્થામાં રહે છે તે (ii) જે 'મા-મહાલક્ષ્મી' સાથે જોડાયેલા છે તે.
**૧૧૦. અમોઘઃ** - જેની ભક્તિ કદી નિષ્ફળ જતી નથી તે.
**૧૧૧. પુણ્ડરીકાક્ષઃ** - (i) કમળ સમાન નેત્રોવાળા (ii) હૃદયમાંના પુણ્ડરીક અથવા શ્વેત કમળમાં વ્યાપ્ત થઈને રહેનારા.
**૧૧૨. વૃષકર્મા** - જેમનાં કર્મ ધર્મરૂપ છે તે.
**૧૧૩. વૃષાકૃતિઃ** - મૂર્તિમંત ધર્મસ્વરૂપ.

**રુદ્રો બહુશિરા બભ્રુર્વિશ્વયોનિઃ શુચિશ્રવાઃ ।**
**અમૃતઃ શાશ્વતસ્થાણુર્વરારોહો મહાતપાઃ ॥ ૧૩ ॥**

**૧૧૪. રુદ્રઃ** - (i) જે રડાવે તે (ii) સંહારના સ્વામી હોવા છતાં કલ્યાણકર્તા શિવ છે તે.
**૧૧૫. બહુશિરાઃ** - જેને અનેક મસ્તકો છે તે.
**૧૧૬. બભ્રુઃ** - જે ભરણપોષણ કરે છે તે.
**૧૧૭. વિશ્વયોનિઃ** - જેમાંથી વિશ્વ ઉત્પન્ન થાય છે તે.
**૧૧૮. શુચિશ્રવાઃ** - જેમનું શ્રવણ અને મહિમા પવિત્ર કરનારાં-આનંદ આપનારાં છે તે.
**૧૧૯. અમૃતઃ** - જે અમર, અવિનાશી, મૃત્યુથી રહિત છે તે.
**૧૨૦. શાશ્વતસ્થાણુઃ** - નિત્ય અને સ્થિર છે તે.
**૧૨૧. વરારોહઃ** - 'વર' એટલે શ્રેષ્ઠ અને 'આરોહઃ' એટલે ઉચ્ચ પદ, જેમનું પદ શ્રેષ્ઠ અને ઉચ્ચ છે તે.
**૧૨૨. મહાતપાઃ** - જેમનું તપ મહાન છે તે.



**સર્વગઃ સર્વવિદ્ભાનુર્વિષ્વક્સેનો જનાર્દનઃ ।**
**વેદો વેદવિદવ્યઙ્ગો વેદાઙ્ગો વેદવિત્ કવિઃ ॥ ૧૪ ॥**

**૧૨૩. સર્વગઃ** - સર્વત્ર ગતિ આપનાર.
**૧૨૪. સર્વવિદ્ભાનુઃ** - સર્વજ્ઞ અને પ્રકાશમાન છે તે.
**૧૨૫. વિષ્વક્સેનઃ** - (i) જેની સામે કોઈ પણ પ્રબળ સેના ટકી શકતી નથી તે (ii) મહાકાલ.
**૧૨૬. જનાર્દનઃ** - (i) આસુરી વૃત્તિઓનો નાશ કરનાર (ii) જન્મમરણના ફેરાનો નાશ કરે છે તે.
**૧૨૭. વેદઃ** - વેદ રૂપે પ્રગટ થયેલું ભગવાનનું વાઙ્મય સ્વરૂપ.
**૧૨૮. વેદવિત્** - વેદને જાણનાર.
**૧૨૯. અવ્યઙ્ગઃ** - (i) જે વ્યંગ એટલે કે વિકલાંગ નથી તે (ii) સ્વયંપૂર્ણ છે તે. **૧૩૦. વેદાઙ્ગઃ** - વેદ જેમના અંગરૂપ છે તે.
**૧૩૧. વેદવિત્** - વેદના જ્ઞાતા. **૧૩૨. કવિઃ** - ક્રાન્તદર્શી, જેમની દૃષ્ટિ સર્વ પડદાઓ હટાવીને સત્યને જોઈ શકે છે તેવા.

**લોકાધ્યક્ષઃ સુરાધ્યક્ષો ધર્માધ્યક્ષઃ કૃતાકૃતઃ ।**
**ચતુરાત્મા ચતુર્વ્યૂહશ્ચતુર્દંષ્ટ્રશ્ચતુર્ભુજઃ ॥ ૧૫ ॥**

**૧૩૩. લોકાધ્યક્ષઃ** - બધા લોકોના અધ્યક્ષ. **૧૩૪. સુરાધ્યક્ષઃ** - દેવોના અધ્યક્ષ
**૧૩૫. ધર્માધ્યક્ષઃ** - (i) ધર્મના અધ્યક્ષ (ii) પ્રાણીઓના ધર્મ અને અધર્મ જાણીને તે પ્રમાણે તેમને ફળ આપનારા.
**૧૩૬. કૃતાકૃતઃ** - (i) વ્યક્ત અને અવ્યક્ત છે તે. (ii) કારણ અને કાર્ય બંને છે તે.
**૧૩૭. ચતુરાત્મા** - ચાર રૂપે (અંડજ-ઈંડા દ્વારા, સ્વેદજ-પરસેવા દ્વારા, ઉદ્ભિજ્જ- જલ દ્વારા અને જરાયુજ-ઓર દ્વારા) વ્યક્ત થતું પરમાત્માનું સ્વરૂપ.
**૧૩૮. ચતુર્વ્યૂહઃ** - ચાર વ્યૂહ (વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ) રૂપે રહેલા પરમાત્મા.
**૧૩૯. ચતુર્દંષ્ટ્રઃ** - જેમને ચાર દાઢ છે તેવા (ચાર બાધાઓ-અવરોધ, પ્રતિરોધ, વિરોધ અને નિરોધને ચાર દાઢ કહેવામાં આવે છે)
**૧૪૦. ચતુર્ભુજઃ** - ચાર ભુજાઓવાળા, ચારે ભુજાઓમાં જે શંખ (આનંદધ્વનિ), ચક્ર (જ્ઞાનદૃષ્ટિ), ગદા (યોગદૃષ્ટિ) અને પદ્મ (નિર્મળ નિર્લેપ ચિંતન પ્રાપ્તિ) રૂપે આયુધો છે તે.

**ભ્રાજિષ્ણુર્ભોજનં ભોક્તા સહિષ્ણુર્જગદાદિજઃ ।**
**અનઘો વિજયો જેતા વિશ્વયોનિઃ પુનર્વસુઃ ॥ ૧૬ ॥**

**૧૪૧. ભ્રાજિષ્ણુઃ** - તેજસ્વી, કાંતિમાન, 'સ્વ'માં કેન્દ્રિત પ્રકાશ સ્વરૂપ
**૧૪૨. ભોજનમ્** - ભગવાન વડે જે ભોગવાય છે તે. પ્રકૃતિને અથવા માયાને ભોજન કહેવામાં આવે છે.
**૧૪૩. ભોક્તા** - ભોગવનાર **૧૪૪. સહિષ્ણુઃ** - સર્વ કંઈ સહન કરનાર
**૧૪૫. જગદાદિજઃ** - જગતનું આદિ કારણ.
**૧૪૬. અનઘઃ** - પાપવિહીન. **૧૪૭. વિજયઃ** - વિજેતા.
**૧૪૮. જેતા** - જે સ્વભાવથી જ સર્વને જીતનારા છે તે.
**૧૪૯. વિશ્વયોનિઃ** - વિશ્વનું ઉત્પત્તિસ્થાન.
**૧૫૦. પુનર્વસુઃ** - ફરી ફરીને જુદાં જુદાં શરીરોમાં જીવરૂપે વસનાર.

**ઉપેન્દ્રો વામનઃ પ્રાંશુરમોઘઃ શુચિરૂર્જિતઃ ।**
**અતીન્દ્રઃ સંગ્રહઃ સર્ગો ધૃતાત્મા નિયમો યમઃ ॥ ૧૭ ॥**

**૧૫૧. ઉપેન્દ્રઃ** - વિષ્ણુને ઈન્દ્રના નિકટના બંધુ ગણવામાં આવ્યા હોવાથી તે ઉપેન્દ્ર કહેવાય છે.
**૧૫૨. વામનઃ** - બટુક રૂપધારી, જેમણે બલિરાજાની પાસેથી સાડા ત્રણ ડગલાં રૂપે બધું વિશ્વ કબજે કરી તેને વશ કર્યો હતો.
**૧૫૩. પ્રાંશુઃ** - ઊંચા કદવાળા, જેમના વૈશ્વિક સ્વરૂપમાં પૃથ્વી પર પગ, મસ્તક આકાશમાં અને સૂર્ય-ચંદ્ર બે આંખો હતી.
**૧૫૪. અમોઘઃ** - જેમની ક્રિયા કદી વ્યર્થ જતી નથી તે.
**૧૫૫. શુચિઃ** - (i) પવિત્ર (ii) જેનો સ્પર્શ જ પવિત્ર કરે છે તેવા.
**૧૫૬. ઊર્જિતઃ** - (i) શક્તિયુક્ત (ii) મહા પરાક્રમી.
**૧૫૭. અતીન્દ્રઃ** - ઈન્દ્રથી પણ ચડિયાતા.
**૧૫૮. સંગ્રહઃ** - સંચય કરનાર.
**૧૫૯. સર્ગઃ** - સર્જન રૂપે વિસ્તરેલા જગતના કારણરૂપ.
**૧૬૦. ધૃતાત્માઃ** - જે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહે છે તે.
**૧૬૧. નિયમઃ** - નિયમનમાં રાખનાર.
**૧૬૨. યમઃ** - (i) જે આંતર વૃત્તિઓને વશમાં રાખે છે તે (ii) જે બધાંનું તેમની અંદર રહીને નિયમન કરે છે તે.



**વેદ્યો વૈદ્યઃ સદાયોગી વીરહા માધવો મધુઃ ।**
**અતીન્દ્રિયો મહામાયો મહોત્સાહો મહાબલઃ ॥ ૧૮ ॥**

**૧૬૩. વેદ્યઃ** - મોક્ષની ઈચ્છાવાળાએ જાણવા યોગ્ય.
**૧૬૪. વૈદ્યઃ** - સર્વ વિદ્યાઓના જાણકાર.
**૧૬૫. સદાયોગી** - જે નિત્ય યોગી છે તે.
**૧૬૬. વીરહા** - ધર્મના રક્ષણ માટે શૂરવીર અસુરોનો નાશ કરનાર.
**૧૬૭. માધવઃ** - મા એટલે વિદ્યાના ધવ એટલે અધિપતિ.
**૧૬૮. મધુઃ** - જે મધુ એટલે મધ જેવા મીઠા છે તે.
**૧૬૯. અતીન્દ્રિયઃ** - ઈન્દ્રિયોથી જાણી ન શકાય તેવા.
**૧૭૦. મહામાયઃ** - મહા માયાવી.
**૧૭૧. મહોત્સાહઃ** -જેમનું સર્જન, પોષણ અને મરણ જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહ એટલે કાર્યરતપણું સતત ચાલુ હોય છે તે.
**૧૭૨. મહાબલઃ** - બધા બલિષ્ઠોમાં જેમનું બળ મહાન છે તે.

**મહાબુદ્ધિર્મહાવીર્યો મહાશક્તિર્મહાદ્યુતિઃ ।**
**અનિર્દેશ્યવપુઃ શ્રીમાનમેયાત્મા મહાદ્રિધૃક્ ॥ ૧૯ ॥**

**૧૭૩. મહાબુદ્ધિઃ** - જેમની બુદ્ધિ મહાન છે તે.
**૧૭૪. મહાવીર્યઃ** - જેમનું પરાક્રમ મહાન છે તે.
**૧૭૫. મહાશક્તિઃ** - જેમની શક્તિ મહાન છે તે.
**૧૭૬. મહાદ્યુતિઃ** - જે અંદર અને બહાર પરમ જ્યોતિમય છે તે.
**૧૭૭. અનિર્દેશ્યવપુઃ** - જેનું શરીર નિર્દેશ (ઉલ્લેખ) કરી શકાય તેવું નથી તેવા.
**૧૭૮. શ્રીમાન્** - (i) બધા પ્રકારની મહત્તાઓથી યુક્ત (ii) શ્રીથી યુક્ત
**૧૭૯. અમેયાત્મા** - જે કોઈ પણ માપ (પ્રમાણ)થી પર છે તે.
**૧૮૦. મહાદ્રિધૃક્** -સમુદ્રમંથન વખતે કૂર્મરૂપ ધારણ કરી મંદરાચલરૂપી મહાન પર્વતને તેમજ કૃષ્ણાવતારમાં ગોવર્ધન પર્વતને જેમણે ધારણ કર્યો છે તે.

**મહેશ્વાસો મહીભર્તા શ્રીનિવાસઃ સતાં ગતિઃ ।**
**અનિરુદ્ધઃ સુરાનન્દો ગોવિન્દો ગોવિદાં પતિઃ ॥ ૨૦ ॥**

**૧૮૧. મહેશ્વાસઃ** - જેમણે મહાન ધનુષ્ય ધારણ કરેલું છે તે. આ મહાધનુ શબ્દ રૂપે, ધ્વનિ રૂપે, જ્યોતિ રૂપે અને તત્ત્વ રૂપે રહેલું છે.
**૧૮૨. મહીભર્તા** - પૃથ્વીના પાલક અને પોષક.
**૧૮૩. શ્રીનિવાસઃ** - જેમના હૃદયમાં લક્ષ્મીનો સદાય નિવાસ છે તેવા.
**૧૮૪. સતાં ગતિઃ** - જે સત્પુરુષોને ઉચ્ચતમ ગતિ આપે છે તે.
**૧૮૫. અનિરુદ્ધઃ** - (i) જેને કશો અવરોધ નથી તે (ii) અપ્રતિહત.
**૧૮૬. સુરાનન્દઃ** - દેવતાઓને આનંદ આપનાર.
**૧૮૭. ગોવિન્દઃ** - ગો એટલે વાણી તેમજ ઈન્દ્રિયોને જે યથાર્થ જાણે છે તે
**૧૮૮. ગોવિદાં પતિઃ** - ગો એટલે વાણી કે ઈન્દ્રિયોને જે જાણે છે તે 'ગોવિદ્' કહેવાય છે. આવા 'ગોવિદ્'ના પણ સ્વામી છે તે.

**મરીચિર્દમનો હંસઃ સુપર્ણો ભુજગોત્તમઃ ।**
**હિરણ્યનાભઃ સુતપાઃ પદ્મનાભઃ પ્રજાપતિઃ ॥ ૨૧ ॥**

**૧૮૯. મરીચિઃ** - તેજસ્વીનું પણ પરમ તેજ ધરાવે છે તેવા.
**૧૯૦. દમનઃ** - સર્વ આસુરી વૃત્તિઓનું દમન કરનાર.
**૧૯૧. હંસઃ** - સર્વના અન્તરાત્મા રૂપે રહેલા પરમાત્મા.
**૧૯૨. સુપર્ણઃ** - ધર્મ અને અધર્મરૂપી બે સુંદર પાંખોવાળા.
**૧૯૩. ભુજગોત્તમઃ** - ઉત્તમ નાગ - અનંત શેષનાગ પર શયન કરનારા.
**૧૯૪. હિરણ્યનાભઃ** - હિરણ્ય (સુવર્ણ) સમાન પ્રકાશિત જેની નાભિ છે એવા.
**૧૯૫. સુતપાઃ** - નર અને નારાયણરૂપે બદરિકાશ્રમમાં મહાન તપ કરનાર.
**૧૯૬. પદ્મનાભઃ** - જેની નાભિ કમળ જેવી સુંદર છે તે.
**૧૯૭. પ્રજાપતિઃ** - સર્વ લોકોના સ્વામી.



**અમૃત્યુઃ સર્વદૃક્ સિંહઃ સન્ધાતા સન્ધિમાન્ સ્થિરઃ ।**
**અજો દુર્મર્ષણઃ શાસ્તા વિશ્રુતાત્મા સુરારિહા ॥ ૨૨ ॥**

**૧૯૮. અમૃત્યુઃ** - જેનું મૃત્યુ નથી તેવા.
**૧૯૯. સર્વદૃક્** - પોતાની જ્ઞાનશક્તિથી સર્વને નિહાળનાર.
**૨૦૦. સિંહઃ** - (i) સર્વશક્તિમાન (ii) જે હિંસા કે વિનાશ કરી શકે છે તે.

અહીં સહસ્રનામનાં ૨૦૦ નામ પૂરાં થાય છે.

**૨૦૧. સન્ધાતા** - જીવોને તેમનાં કર્મનાં ફળ સાથે જોડનાર.
**૨૦૨. સન્ધિમાન્** - કર્મફળોના ભોક્તા છે તે.
**૨૦૩. સ્થિરઃ** - સદા એકરૂપ અને અચળ.
**૨૦૪. અજઃ** - (i) જે ભક્તોના હૃદયમાં પ્રવેશે છે તે (ii) જે અસુરોનો નાશ કરે છે તે.
**૨૦૫. દુર્મર્ષણઃ** - જેના તાપ દુષ્ટો સહન કરી શકતા નથી તેવા.
**૨૦૬. શાસ્તા** - શાસ્ત્ર પ્રમાણે શાસન કરનાર.
**૨૦૭. વિશ્રુતાત્મા** - જેમનો યશ વિશેષ રૂપે સદ્‌ગુણો દ્વારા વ્યાપ્ત છે.
**૨૦૮. સુરારિહા** - દેવોના શત્રુઓનો નાશ કરનાર.

**ગુરુર્ગુરુતમો ધામઃ સત્યઃ સત્યપરાક્રમઃ ।**
**નિમિષોઽનિમિષઃ સ્રગ્વી વાચસ્પતિરુદારધીઃ ॥ ૨૩ ॥**

**૨૦૯. ગુરુઃ** - વિશાળ અને મહાન તત્ત્વ, સર્વ વિદ્યાઓના ઉપદ્રષ્ટા.
**૨૧૦. ગુરુતમઃ** - (i) ગુરુઓમાં શ્રેષ્ઠ (ii) બ્રહ્મા જેવી દિવ્યતાઓને જ્ઞાન આપનાર.
**૨૧૧. ધામઃ** - પ્રકાશ, સર્વોચ્ચ પ્રકાશના ધારક.
**૨૧૨. સત્યઃ** - ખાસ કરીને 'સત્ય'ના સદ્‌ગુણના મૂર્તિમંત સ્વરૂપવાળા.
**૨૧૩. સત્યપરાક્રમઃ** - જેમનું પરાક્રમ અમોઘ છે તે.
**૨૧૪. નિમિષઃ** - અન્તર્મુખ દૃષ્ટિવાળા.
**૨૧૫. અનિમિષઃ** - (i) અપલક દૃષ્ટિવાળા (ii) સદા જાગ્રત.
**૨૧૬. સ્રગ્વી** - 'સ્રગ' એટલે માળા(વૈજયંતી)ને ધારણ કરનારા.
**૨૧૭. વાચસ્પતિરુદારધીઃ** - વાણીના સ્વામી તથા જેમની બુદ્ધિ ઉદાર છે તેવા.

**અગ્રણીર્ગ્રામણીઃ શ્રીમાન્ ન્યાયો નેતા સમીરણઃ ।**
**સહસ્રમૂર્ધા વિશ્વાત્મા સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ॥ ૨૪ ॥**

**૨૧૮. અગ્રણીઃ** - આગળ લઈ જનાર, આગેવાન.
**૨૧૯. ગ્રામણીઃ** - (i) ભૂતગ્રામ એટલે કે પંચમહાભૂતના સમુદાયને દોરનાર (ii) ગામ (સમૂહ)ને આગળ લઈ જનારા.
**૨૨૦. શ્રીમાન્** - દેવકાંતિથી યુક્ત.
**૨૨૧. ન્યાયઃ** - કર્મના યથાયોગ્ય ફળદાતા.
**૨૨૨. નેતા** - દોરી જનાર, આગેવાન.
**૨૨૩. સમીરણઃ** - સમ્યક્ (સમુચિત) ગતિમાન શ્વાસ રૂપે જે બધાં પ્રાણીઓને કાર્યરત રાખે છે તે.
**૨૨૪. સહસ્રમૂર્ધા** - સહસ્ર (હજાર) - અનેક - મસ્તકવાળા.
**૨૨૫. વિશ્વાત્મા** - વિશ્વના આત્મા.
**૨૨૬. સહસ્રાક્ષઃ** - સહસ્ર - અનેક - નેત્રોવાળા.
**૨૨૭. સહસ્રપાત્** - સહસ્ર - અનેક - ચરણવાળા.

**આવર્તનો નિવૃત્તાત્મા સંવૃતઃ સમ્પ્રમર્દનઃ ।**
**અહઃસંવર્તકો વહ્નિરનિલો ધરણીધરઃ ॥ ૨૫ ॥**

**૨૨૮. આવર્તનઃ** - સૃષ્ટિના ચક્રને ઘુમાવનાર.
**૨૨૯. નિવૃત્તાત્મા** - સર્વ બંધનોથી મુક્ત - અસ્પૃશ્ય.
**૨૩૦. સંવૃતઃ** - બધાંને આચ્છાદિત કરતી અવિદ્યા અથવા અજ્ઞાનથી આચ્છાદિત, ઢંકાયેલા.
**૨૩૧. સમ્પ્રમર્દનઃ** -તેમની રુદ્ર, યમ જેવી વિભૂતિઓ દ્વારા સારી રીતે દમન કરનાર.
**૨૩૨. અહઃસંવર્તકઃ** - (i) 'અહઃ' એટલે આવિર્ભાવનો પ્રકાશ અને 'સંવર્તકઃ' એટલે પ્રલયના મેઘનો અંધકાર, પ્રકાશ-અંધકારનું નિયમન કરનાર (ii) સૂર્ય રૂપે દિવસ-રાત્રિનું ક્રમશઃ નિયમન કરનાર.
**૨૩૩. વહ્નિઃ** - અગ્નિની માફક યજ્ઞમાં દેવોને આપતા હવિને સ્વીકારનાર.
**૨૩૪. અનિલઃ** - (i) વાયુ (ii) જેનું રહેઠાણ નિયત નથી તે (iii) જેનો આદિ નથી તે.
**૨૩૫. ધરણીધરઃ** - પૃથ્વીને ધારણ કરનાર, સૂર્ય આદિ શેષ અથવા વરાહરૂપી ભગવાન.



**સુપ્રસાદઃ પ્રસન્નાત્મા વિશ્વધૃગ્વિશ્વભુગ્વિભુઃ ।**
**સત્કર્તા સત્કૃતઃ સાધુર્જહ્નુર્નારાયણો નરઃ ॥ ૨૬ ॥**

**૨૩૬. સુપ્રસાદઃ** - અત્યંત કૃપાળુ.
**૨૩૭. પ્રસન્નાત્મા** - (i) મૂર્તિમંત આનંદ (ii) આત્મસંતોષવાળા.
**૨૩૮. વિશ્વધૃક્** - વિશ્વને ધારણ કરનાર. **૨૩૯. વિશ્વભુક્** - વિશ્વના ભોક્તા.
**૨૪૦. વિભુઃ** - સર્વવ્યાપક પરમાત્મા. **૨૪૧. સત્કર્તા** - સત્ય-સર્જક.
**૨૪૨. સત્કૃતઃ** - જેમના દ્વારા સત્કૃત્ય થયું છે તે.
**૨૪૩. સાધુઃ** - (i) સાત્ત્વિક પુરુષ (ii) જેણે બધા સાધ્યો (મેળવવા જેવી વસ્તુઓ) પ્રાપ્ત કરેલાં છે તે.
**૨૪૪. જહ્નુઃ** - (i) જે પ્રલય સમયે બધાનું હનન કરે છે તે (ii) જે દુષ્ટોને એક બાજુ રાખી ભક્તને મુક્તિ આપે છે તે.
**૨૪૫. નારાયણઃ** - (i) નાર એટલે પોતાનામાં લય કરે છે તે. પંચતત્ત્વોમાં જે નિવાસ કરે છે તે નારાયણ (ii) નાર એટલે જળમાં જેનું શયન છે તે.
**૨૪૬. નરઃ** - દરેક વસ્તુનું માર્ગદર્શન આપનાર હોવાથી તે શાશ્વત પરમાત્માને નર કહેવામાં આવે છે.

**અસંખ્યેયોઽપ્રમેયાત્મા વિશિષ્ટઃ શિષ્ટકૃચ્છુચિઃ ।**
**સિદ્ધાર્થઃ સિદ્ધસંકલ્પઃ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ ॥ ૨૭ ॥**

**૨૪૭. અસંખ્યેયઃ** - (i) સંખ્યાથી પર (ii) નામરૂપથી પર.
**૨૪૮. અપ્રમેયાત્મા** - જેનું સ્વરૂપ કોઈ પણ જ્ઞાન દ્વારા પ્રમેય (માપી શકાય તેવું)થી પર છે તે.
**૨૪૯. વિશિષ્ટઃ** - વિશેષ ગુણયુક્ત, ભગવાન પ્રાણીમાત્રમાં દરેકની એક આગવી વિશિષ્ટતા જાળવીને પ્રગટ થાય છે એટલા માટે વિશિષ્ટ છે.
**૨૫૦. શિષ્ટકૃત્** - સજ્જનોને જે શિષ્ટ એટલે સંસ્કૃત(સારા સંસ્કારવાળા) કરે છે તે, રક્ષણ કરે છે તે.
**૨૫૧. શુચિઃ** - (i) બાહ્યાભ્યંતર (બહારની અને અંદરની) પવિત્રતાવાળા (ii) પવિત્ર કરનારા.
**૨૫૨. સિદ્ધાર્થઃ** - જેમને સમસ્ત સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે તે.
**૨૫૩. સિદ્ધસંકલ્પઃ** - જેનો સંકલ્પ પૂર્ણ થયો છે તે.
**૨૫૪. સિદ્ધિદઃ** - સિદ્ધિઓના આપનારા.
**૨૫૫. સિદ્ધિસાધનઃ** - સિદ્ધિરૂપ ક્રિયાના સાધક.

**વૃષાહી વૃષભો વિષ્ણુર્વૃષપર્વા વૃષોદરઃ ।**
**વર્ધનો વર્ધમાનશ્ચ વિવિક્તઃ શ્રુતિસાગરઃ ॥ ૨૮ ॥**

**૨૫૬. વૃષાહી** - વૃષ એટલે ધર્મરૂપી દિવસનો ઉદય કરનાર.
**૨૫૭. વૃષભઃ** - (i) સાક્ષાત્ ધર્મપુરુષ (ii) ભક્તો જે માગે તેની તેમના પર વર્ષા કરનારા. **૨૫૮. વિષ્ણુઃ** - વ્યાપક પરમાત્મા.
**૨૫૯. વૃષપર્વા** - 'વૃષ' એટલે ધર્મ, 'પર્વમ્' એટલે પગથિયાં, વૃષપર્વા એટલે ધર્મનાં પગથિયાંરૂપ પરમાત્મા.
**૨૬૦. વૃષોદરઃ** - ધર્મના ઉદરરૂપ પરમાત્મા.
**૨૬૧. વર્ધનઃ** - વૃદ્ધિ કરનાર, 'અવિદ્યા-માયા'માંથી મુક્ત થઈ મનુષ્ય 'વિદ્યા-માયા'નો આશ્રય લે છે ત્યારે તે અભિવૃદ્ધિ તથા શ્રેયને પામે છે. **૨૬૨. વર્ધમાનઃ** - વિશ્વ રૂપે વૃદ્ધિ પામનાર.
**૨૬૩. વિવિક્તઃ** - (i) એકાંતસેવી (ii) વર્ધમાન હોવા છતાં નિસબત વગરના તેમજ અસર ન થાય તેવા.
**૨૬૪. શ્રુતિસાગરઃ** - વેદોના ભંડાર રૂપે અને વેદોમાં રહેલા તત્ત્વ રૂપે છે તે.

**સુભુજો દુર્ધરો વાગ્મી મહેન્દ્રો વસુદો વસુઃ ।**
**નૈકરૂપો બૃહદ્રૂપઃ શિપિવિષ્ટઃ પ્રકાશનઃ ॥ ૨૯ ॥**

**૨૬૫. સુભુજઃ** - સુંદર ભુજાવાળા જે જગતનું રક્ષણ કરે છે તે.
**૨૬૬. દુર્ધરઃ** - (i) ધારણ કરવા માટે અત્યંત કઠિન (ii) બીજાથી ધારણ કરી ન શકાય તેવા (iii) મોક્ષના સાધકોના ધ્યાનમાં મુશ્કેલીથી આવનાર. **૨૬૭. વાગ્મી** - વાણીના સ્વામી.
**૨૬૮. મહેન્દ્રઃ** - મહાન ઈન્દ્ર, દેવાધિપતિ.
**૨૬૯. વસુદઃ** - વસુ એટલે (i) સાત્ત્વિક પ્રકાશના આપનાર (ii) સંપત્તિના આપનાર.
**૨૭૦. વસુઃ** - (i) વસુ એટલે સર્વ દિવ્ય કિરણોરૂપી ધનરૂપ (ii) માયા દ્વારા પોતાના સાચા સ્વરૂપને ઢાંકનારા (iii) આકાશમાં વસનારા.
**૨૭૧. નૈકરૂપઃ** - અનેક સ્વરૂપ ધારણ કરનાર.
**૨૭૨. બૃહદ્રૂપઃ** - વિશાળ, ગહન રૂપ ધારણ કરનારા.
**૨૭૩. શિપિવિષ્ટઃ** - 'શિપિ'ના બે અર્થ થાય છે : (i) પશુ (ii) કિરણ. સર્વ પશુઓમાં ભગવાન આત્મા રૂપે બિરાજમાન હોવાથી તે 'શિપિવિષ્ટઃ' છે અને એ પશુઓમાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણભૂત ભૂમિકા સુધી જે કિરણો પ્રકાશે છે તે પણ ભગવાનનું જ સ્વરૂપ છે એટલે 'શિપિવિષ્ટઃ' છે.
**૨૭૪. પ્રકાશનઃ** - સર્વના પ્રકાશક.



**ઓજસ્તેજોદ્યુતિધરઃ પ્રકાશાત્મા પ્રતાપનઃ ।**
**ઋદ્ધઃ સ્પષ્ટાક્ષરો મંત્રશ્ચન્દ્રાંશુર્ભાસ્કરદ્યુતિઃ ॥ ૩૦ ॥**

**૨૭૫. ઓજસ્તેજોદ્યુતિધરઃ** - ઓજસ, તેજ અને દ્યુતિને ધારણ કરનાર.
**૨૭૬. પ્રકાશાત્મા** - પ્રકાશ સ્વરૂપ.
**૨૭૭. પ્રતાપનઃ** - પ્રતાપશાળી, પ્રતાપવાન.
**૨૭૮. ઋદ્ધઃ** - જે સંપન્ન, સમૃદ્ધ છે તે.
**૨૭૯. સ્પષ્ટાક્ષરઃ** - નામચેતના, સ્પષ્ટ એટલે અનુભૂતિમાં આવેલું ચૈતન્યમય નામ.
**૨૮૦. મન્ત્રઃ** - મનન વડે તારે તે.
**૨૮૧. ચન્દ્રાંશુઃ** - ચંદ્ર જેવા શીતળ તેજવાળા.
**૨૮૨. ભાસ્કરદ્યુતિઃ** - સૂર્ય સમાન તેજવાળા.

**અમૃતાંશૂદ્ભવો ભાનુઃ શશબિન્દુઃ સુરેશ્વરઃ ।**
**ઔષધં જગતઃ સેતુઃ સત્યધર્મપરાક્રમઃ ॥ ૩૧ ॥**

**૨૮૩. અમૃતાંશૂદ્ભવઃ** - 'અમૃતાંશુ' એટલે અમૃતનાં કિરણો, તેમને ધરાવતા ચન્દ્રનું ઉદ્ભવસ્થાન.
**૨૮૪. ભાનુઃ** - પ્રકાશમાન.
**૨૮૫. શશબિન્દુઃ** - 'શશ' એટલે સસલાનું જેમાં ચિહ્ન છે તે શશી, ચંદ્રમાની માફક જે બધાં પ્રાણીઓનું સંવર્ધન કરે છે તે.
**૨૮૬. સુરેશ્વરઃ** - (i) 'સુરો' એટલે પ્રકાશમાન દેવતાઓ, તેમના અધીશ્વર (ii) પ્રકાશના સ્વામી.
**૨૮૭. ઔષધમ્** - સંસારરૂપી વ્યાધિનો નાશ કરનાર.
**૨૮૮. જગતઃ સેતુઃ** - સંસારસાગરને પાર કરવાના સેતુરૂપ.
**૨૮૯. સત્યધર્મપરાક્રમઃ** - જેની વીરતા અને સત્ય ધર્મથી યુક્ત છે.

**ભૂતભવ્યભવન્નાથઃ પવનઃ પાવનોઽનલઃ ।**
**કામહા કામકૃત્ કાન્તઃ કામઃ કામપ્રદઃ પ્રભુઃ ॥ ૩૨ ॥**

૨૯૦. **ભૂતભવ્યભવન્નાથઃ** - ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી.
૨૯૧. **પવનઃ** - (i) જે પવિત્ર કરે છે તે (ii) જે અત્યંત વેગમાન છે તે વાયુ. ૨૯૨. **પાવનઃ** - પવિત્ર કરનાર.
૨૯૩. **અનલઃ** - (i) જેને 'અલઃ' એટલે કે અન્ત નથી તે અગ્નિ (ii) 'નલ'-ગંધ-વાસ નથી તેવા.
૨૯૪. **કામહા** - કામનાઓનો નાશ કરનારા.
૨૯૫. **કામકૃત્** - કામને જન્મ આપનારા. **૨૯૬. કાન્તઃ** - સુન્દર, સ્વામી
૨૯૭. **કામઃ** - (i) ઈચ્છાસ્વરૂપ (ii) ક - બ્રહ્મા, અ - વિષ્ણુ અને મ - શિવ એમ ત્રિમૂર્તિસ્વરૂપ.
૨૯૮. **કામપ્રદઃ** - ભક્તોની સર્વ કામનાઓના પ્રદાતા.
૨૯૯. **પ્રભુઃ** - સર્વશક્તિમાન સ્વામી.

**યુગાદિકૃત્ યુગાવર્તો નૈકમાયો મહાશનઃ ।**
**અદૃશ્યોઽવ્યક્તરૂપશ્ચ સહસ્રજિદનન્તજિત્ ॥ ૩૩ ॥**

૩૦૦. **યુગાદિકૃત્** - યુગો (કલિ, દ્વાપર, ત્રેતા અને સત)નો પ્રારંભ કરનાર.
<u>અહીં સહસ્રનામનાં ૩૦૦ નામ પૂરાં થાય છે.</u>
૩૦૧. **યુગાવર્તઃ** - યુગોનું આવર્તન (પરિવર્તન) કરનાર, જે વસ્તુતઃ વિદ્યમાન નથી, પણ વિદ્યમાન જેવી પ્રતીત થાય છે તે 'માયા' કહેવાય છે.
૩૦૨. **નૈકમાયઃ** - અનેક પ્રકારની માયાને સર્જનાર.
૩૦૩. **મહાશનઃ** - સર્વનો ગ્રાસ કરનાર.
૩૦૪. **અદૃશ્યઃ** - જે દૃષ્ટિગોચર નથી તે.
૩૦૫. **વ્યક્તરૂપઃ** - જે વ્યક્ત રૂપે છે તે, અવતાર રૂપે જે વ્યક્ત બને છે તે.
૩૦૬. **સહસ્રજિત્** - સહસ્ર-અનેક-ના વિજેતા.
૩૦૭. **અનન્તજિત્** - અનંતના વિજેતા. મનુષ્યની શક્તિ શતમુખી ગણવામાં આવે છે. સહસ્ર દેવશક્તિ માટે યોજાય છે. 'સહસ્રજિત્' તે નારાયણ છે અને 'અનન્તજિત્' તે મહાનારાયણ છે. આ મહાનારાયણ એ પરમાત્માનું અવ્યક્ત પદ છે. ત્યાં કોઈ વાતનું દ્વંદ્વ નથી.



**ઇષ્ટોઽવિશિષ્ટઃ શિષ્ટેષ્ટઃ શિખંડી નહુષો વૃષઃ ।**
**ક્રોધહા ક્રોધકૃત્કર્તા વિશ્વબાહુર્મહીધરઃ ॥ ૩૪ ॥**

૩૦૮. **ઇષ્ટઃ** - પ્રિય દેવતા.
૩૦૯. **અવિશિષ્ટઃ** - (i) વિશેષતા રહિત (ii) બધાની અંદર નિવાસ કરનારા.
૩૧૦. **શિષ્ટેષ્ટઃ** - જ્ઞાની જનોને ઈષ્ટ-પ્રિય છે તેવા.
૩૧૧. **શિખંડી** - જ્યારે ગોપ હતા ત્યારે મોરપીંછને ધારણ કરનાર.
૩૧૨. **નહુષઃ** - માયા દ્વારા પ્રાણીઓને બાંધનાર.
૩૧૩. **વૃષઃ** - (i) જે વર્ષા કરે છે તે (ii) જે ધર્મસ્વરૂપ છે તે. 'શિખંડી, નહુષ અને વૃષઃ' એ ત્રણેય નામમાં વ્યક્તિ રૂપે, અન્તર્યામી રૂપે અને વિશ્વના ધારક તત્ત્વ રૂપે રહેલા ભગવાનનું દર્શન થાય છે.
૩૧૪. **ક્રોધહા** - ક્રોધને હણનાર.
૩૧૫. **ક્રોધકૃત્કર્તા** - (i) દુષ્ટ લોકોમાં ક્રોધના સરજનહાર (ii) વિશ્વના સર્જક.
૩૧૬. **વિશ્વબાહુઃ** - (i) વિશ્વના સહાયક (ii) જેના બાહુઓમાં બધા સમાયેલા છે તે.
૩૧૭. **મહીધરઃ** - (i) પૃથ્વી(મહી)ના ધારક (ii) બધા પ્રકારની પૂજા (મહી)ના સ્વીકારનાર.

**અચ્યુતઃ પ્રથિતઃ પ્રાણઃ પ્રાણદો વાસવાનુજઃ ।**
**અપાં નિધિરધિષ્ઠાનમપ્રમત્તઃ પ્રતિષ્ઠિતઃ ॥ ૩૫ ॥**

૩૧૮. **અચ્યુતઃ** - કદી ચ્યુત ન થનાર, અચળ.
૩૧૯. **પ્રથિતઃ** - પ્રખ્યાત. 'પ્રથિતઃ' પ્રાણનું પ્રવેશદ્વાર છે, પ્રાણમાં ભક્તિનો પ્રવેશ થાય પછી તેની ધારા સહજ બને છે અને એ જ રાધાભાવ છે. અહીં ભક્ત અને ભગવાનનું સાયુજ્ય સંધાય છે.
૩૨૦. **પ્રાણઃ** - ચૈતન્યનો ઉન્મેષ(સ્ફુરણ).
૩૨૧. **પ્રાણદઃ** - (i) પ્રાણના દાતા (ii) બીજાને માટે પ્રાણ આપનારા.
૩૨૨. **વાસવાનુજઃ** - ઈન્દ્રના નાના ભાઈ, ઉપેન્દ્ર.
૩૨૩. **અપાં નિધિઃ** - જળનો ભંડાર અથવા મહદ્બ્રહ્મ.
૩૨૪. **અધિષ્ઠાનમ્** - દરેક વસ્તુનો આધાર.
૩૨૫. **અપ્રમત્તઃ** - કર્મનાં ફળ આપવામાં સદા પ્રમાદરહિત, સદા જાગ્રત.
૩૨૬. **પ્રતિષ્ઠિતઃ** - પોતાની મહત્તામાં સુસ્થિત.

**સ્કન્દઃ સ્કન્દધરો ધુર્યો વરદો વાયુવાહનઃ ।**
**વાસુદેવો બૃહદ્‌ભાનુરાદિદેવઃ પુરન્દરઃ ॥ ૩૬ ॥**

**૩૨૭. સ્કન્દઃ** - જે સ્કંદન કરે છે એટલે કે ઊછળીને બહાર આવે છે તે દેવશક્તિ.

**૩૨૮. સ્કન્દધરઃ** - (i) સ્કન્દ એટલે કે દેવશક્તિને ધારણ કરનાર (ii) સાચા માર્ગને ધારણ કરનાર.

**૩૨૯. ધુર્યઃ** - ધુરા વહન કરનાર, ધુરંધર.

**૩૩૦. વરદઃ** - વરદાન આપનારા.

**૩૩૧. વાયુવાહનઃ** - વાયુ જેનું વાહન છે તે.

**૩૩૨. વાસુદેવઃ** - (i) સર્વમાં નિવાસ કરી રહેલા (ii) દરેક વસ્તુને ઢાંકી દેનારા. **૩૩૩. બૃહદ્‌ભાનુઃ** - મહત્તર પ્રકાશ ધરાવનાર.

**૩૩૪. આદિદેવઃ** - (i) સર્વના કારણ (ii) બધા દેવોનું ઉદ્‌ગમસ્થાન.

**૩૩૫. પુરન્દરઃ** - (i) દેવોના દુશ્મનોનાં પુર એટલે કે નગરોનો નાશ કરનાર (ii) દેહનગરીમાં રહેલા જીવના દેહભાવનો નાશ કરનાર.

**અશોકસ્તારણસ્તારઃ શૂરઃ શૌરિર્જનેશ્વરઃ ।**
**અનુકૂલઃ શતાવર્તઃ પદ્મી પદ્મનિભેક્ષણઃ ॥ ૩૭ ॥**

**૩૩૬. અશોકઃ** - શોક, મોહ, ભૂખ, તરસ, જન્મ અને મરણ જેવી છ ક્ષતિઓથી મુક્ત. **૩૩૭. તારણઃ** - સંસારસાગરમાંથી તારનાર.

**૩૩૮. તારઃ** - (i) સર્વોચ્ચ ધ્વનિ ૐ (ii) ગર્ભાવસ્થા, જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા વગેરેના ભયમાંથી છુટકારો કરે છે તે.

**૩૩૯. શૂરઃ** - (i) અત્યંત પરાક્રમી, (ii) જે જીવનના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પૂર્તિ કરે છે તે.

**૩૪૦. શૌરિઃ** - શૂરસેનના કુળમાં જન્મ લેનાર વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ.

**૩૪૧. જનેશ્વરઃ** - સહુ પ્રાણીઓના હૃદયમાં રહેલા અંતર્યામી.

**૩૪૨. અનુકૂલઃ** - બધાને માટે સુખદ અને સહાયક.

**૩૪૩. શતાવર્તઃ** - (i) વારંવાર આવર્તન કરનાર અથવા અવતાર ધારણ કરનાર (ii) સેંકડો (અનેક) વાર ભક્તોની મદદે દોડી આવનાર (iii) સર્વના આદિ કાળે પ્રકાશતા પરમાત્મા.

**૩૪૪. પદ્મી** - હાથમાં પદ્મ(કમળ) ધારણ કરનાર.

**૩૪૫. પદ્મનિભેક્ષણઃ** - પદ્મ-કમળ જેવાં નેત્રોવાળા.



**પદ્મનાભોઽરવિન્દાક્ષઃ પદ્મગર્ભઃ શરીરભૃત્ ।**
**મહર્દ્ધિર્ઋદ્ધો વૃદ્ધાત્મા મહાક્ષો ગરુડધ્વજઃ ॥ ૩૮ ॥**

**૩૪૬. પદ્મનાભઃ** - (i) પદ્મની નાભિવાળા (ii) જે નાભિમાં વસે છે તે.

**૩૪૭. અરવિન્દાક્ષઃ** - નીલકમળ સમાન નેત્રોવાળા.

**૩૪૮. પદ્મગર્ભઃ** - પદ્મની મધ્યમાં રહેલા.

**૩૪૯. શરીરભૃત્** - અન્ન અને પ્રાણ આપી પ્રાણીઓનાં શરીરોનું પોષણ કરનાર.

**૩૫૦. મહર્દ્ધિઃ** - મહાન બુદ્ધિ અથવા વિભૂતિવાળા.

**૩૫૧. ઋદ્ધઃ** - (i) સ્વેચ્છાથી બંધન સ્વીકારનાર (ii) વિશ્વ સ્વરૂપે ઊભા રહેલા તે.

**૩૫૨. વૃદ્ધાત્મા** - સૌથી પુરાતન.

**૩૫૩. મહાક્ષઃ** - (i) મહાન દૃષ્ટિવાળા (ii) જેને બે અથવા ઘણી દિવ્ય આંખો છે તેવા.

**૩૫૪. ગરુડધ્વજઃ** - જેમની ધજા પર ગરુડનું ચિહ્ન છે તેવા.

**અતુલઃ શરભો ભીમઃ સમયજ્ઞો હવિર્હરિઃ ।**
**સર્વલક્ષણલક્ષણ્યો લક્ષ્મીવાન્ સમિતિઞ્જયઃ ॥ ૩૯ ॥**

**૩૫૫. અતુલઃ** - જેમની તુલના બીજા કોઈની સાથે ન થઈ શકે તેવા.

**૩૫૬. શરભઃ** - (i) સિંહનો પણ સંહાર કરનાર પૌરાણિક પ્રાણી (ii) શરીરમાં રહેલા અંતરાત્મા રૂપે પ્રકાશતા પરમેશ્વર.

**૩૫૭. ભીમઃ** - ભય ઉપજાવે તેવા.

**૩૫૮. સમયજ્ઞઃ** - (i) સર્જન, પોષણ અને લયના સમયના જ્ઞાતા (ii) સમાનપણે યજ્ઞરૂપે રહેનારા (iii) છ સમય(ઋતુઓ)ના જાણકાર.

**૩૫૯. હવિર્હરિઃ** - હવિ(યજ્ઞમાં હોમેલાં દ્રવ્યો)ને ગ્રહણ કરનાર.

**૩૬૦. સર્વલક્ષણલક્ષણ્યઃ** - સર્વ લક્ષણોથી જેનું જ્ઞાન થાય છે તે.

**૩૬૧. લક્ષ્મીવાન્** - (i) લક્ષ્મીથી યુક્ત (ii) જેની છાતી પર લક્ષ્મીનો વાસ છે તેવા લક્ષ્મીના પતિ.

**૩૬૨. સમિતિઞ્જયઃ** - સભા કે સંગ્રામમાં વિજય મેળવનાર.

**વિક્ષરો રોહિતો માર્ગો હેતુર્દામોદરઃ સહઃ ।**

**મહીધરો મહાભાગો વેગવાનમિતાશનઃ ॥ ૪૦ ॥**

**૩૬૩. વિક્ષરઃ** - વિશેષપણે ક્ષયથી રહિત, પરમાત્મા.
**૩૬૪. રોહિતઃ** - રોહિતના ત્રણ અર્થ થાય છે : અગ્નિ, સૂર્ય અને મત્સ્યના સ્વરૂપ રૂપે.
**૩૬૫. માર્ગઃ** - (i) પરમાત્માને પ્રાપ્ત કરવાનું સાધન અથવા ઉપાય (ii) મોક્ષની આકાંક્ષાવાળા જેને શોધે છે તે.
**૩૬૬. હેતુઃ** - જે વિશ્વનાં આદિકારણ અને અંતિમ ઉદ્દેશ છે તે.
**૩૬૭. દામોદરઃ** - (i) દમ(આત્મસંયમ) વગેરે સાધનોમાં જે ઉત્કૃષ્ટ છે તે (ii) બાલકૃષ્ણ તરીકે જે યશોદા દ્વારા દોરડાથી બંધાયેલા હતા તે
**૩૬૮. સહઃ** - સહન કરનાર, વિષ્ણુને 'સહિષ્ણુ' સહનશીલ પણ કહ્યા છે.
**૩૬૯. મહીધરઃ** - પૃથ્વીના ધારક, જુઓ-૩૧૭.
**૩૭૦. મહાભાગઃ** - અત્યંત ઐશ્વર્યવાન **૩૭૧. વેગવાન્** - અત્યંત ગતિશીલ
**૩૭૨. અમિતાશનઃ** - (i) અતિશય આહાર કરનાર, મિત એટલે મર્યાદિત સ્વરૂપવાળા જીવ, અમિત એટલે અમર્યાદિત પરમાત્મતત્ત્વમાં વિલીન થઈ જાય છે. (ii) પ્રલય વખતે જે સમગ્ર સૃષ્ટિનો લય કરે છે તે.

**ઉદ્ભવઃ ક્ષોભણો દેવઃ શ્રીગર્ભઃ પરમેશ્વરઃ ।**

**કરણં કારણં કર્તા વિકર્તા ગહનો ગુહઃ ॥ ૪૧ ॥**

**૩૭૩. ઉદ્ભવઃ** - આ નામના બે અર્થ છે : (i) ઉત્પત્તિસ્વરૂપ છે તે (ii) ઉત્+ભવ એટલે કે સંસારથી ઉપર છે તે.
**૩૭૪. ક્ષોભણઃ** - ક્ષુબ્ધ કરનાર, આ ક્ષોભણઃ પરમાત્મશક્તિનો અનુભવ થયા પછી ગુણવિભાગ શમી જાય છે અને એક જ ચિત્-પ્રકાશમાં મનુષ્યનું ચિત્ત લય પામે છે.
**૩૭૫. દેવઃ** - (i) પ્રકાશમાન (ii) સર્જન અને બીજી વૈશ્વિક પ્રવૃત્તિઓ દ્વારા ક્રીડા કરે છે તે.
**૩૭૬. શ્રીગર્ભઃ** - જેમના અંતરમાં લક્ષ્મી રહેલી છે તે.
**૩૭૭. પરમેશ્વરઃ** - સર્વના સ્વામી.
**૩૭૮. કરણમ્** - આ સૃષ્ટિના સર્જન માટેનું ખૂબ મહત્ત્વનું સાધન.
**૩૭૯. કારણમ્** - વિશ્વના ઉપાદાન(સંબંધ કારણ) તેમ જ નિમિત્ત કારણરૂપે રહેલા છે તે. **૩૮૦. કર્તા** - સર્જનહાર.
**૩૮૧. વિકર્તા** - વિશેષ કર્મ કરનાર અથવા વિલય કરનાર.
**૩૮૨. ગહનઃ** - જેનાં પ્રકૃતિ, મહાનતા અને કર્મો અગમ્ય અને અગોચર છે તેવા. **૩૮૩. ગુહઃ** - પોતાની માયાશક્તિથી ગુપ્તપણે રહેલા.



**વ્યવસાયો વ્યવસ્થાનઃ સંસ્થાનઃ સ્થાનદો ધ્રુવઃ ।**

**પરર્દ્ધિઃ પરમસ્પષ્ટસ્તુષ્ટઃ પુષ્ટઃ શુભેક્ષણઃ ॥ ૪૨ ॥**

**૩૮૪. વ્યવસાયઃ** - ઉદ્યમ અથવા નિશ્ચયના જ્ઞાનરૂપ.
**૩૮૫. વ્યવસ્થાનઃ** - વિશ્વની વ્યવસ્થા કરનાર.
**૩૮૬. સંસ્થાનઃ** - (i) જેમાં બધા જ જીવ લયની સ્થિતિમાં રહે છે તે (ii) જે અંતિમ અસ્તિત્વ છે તે.
**૩૮૭. સ્થાનદઃ** - કર્મ પ્રમાણે સ્થાન આપનાર.
**૩૮૮. ધ્રુવઃ** - નિત્ય, સ્થિર, અવિનાશી.
**૩૮૯. પરર્દ્ધિઃ** - પરમ ઋદ્ધિ(જેની કળા વધતી જાય છે)વાળા.
**૩૯૦. પરમસ્પષ્ટઃ** - અત્યંત શુદ્ધ અને પારદર્શક.
**૩૯૧. તુષ્ટઃ** - સદા તૃપ્ત, પરમ સંતોષી છે તે.
**૩૯૨. પુષ્ટઃ** - જે પરિપૂર્ણ છે તે. **૩૯૩. શુભેક્ષણઃ** - શુભ દૃષ્ટિવાળા.

**રામો વિરામો વિરતો માર્ગો નેયો નયોઽનયઃ ।**

**વીરઃ શક્તિમતાં શ્રેષ્ઠો ધર્મો ધર્મવિદુત્તમઃ ॥ ૪૩ ॥**

**૩૯૪. રામઃ** - (i) સચરાચરમાં રમી રહેલા પરમાત્મા (ii) જેણે પોતે મોહિત કરનાર દશરથના પુત્ર રામનું રૂપ ધર્યું છે તે.
**૩૯૫. વિરામઃ** - જે બધાનું વિરામસ્થાન છે તે.
**૩૯૬. વિરતઃ** - આસક્તિ રહિત.
**૩૯૭. માર્ગઃ** - (i) જેને જાણવાથી ભક્ત અમરતા પ્રાપ્ત કરે તેવા (ii) સાધનાપથ આપનાર.
**૩૯૮. નેયઃ** - જે મનુષ્યને કલ્યાણને માર્ગે આત્મસાક્ષાત્કાર દ્વારા દોરી જાય છે તે.
**૩૯૯. નયઃ** - આધ્યાત્મિક પ્રકાશ રૂપે જે દોરવણી આપે છે તે.
**૪૦૦. અનયઃ** - જેને કોઈ દોરી શકે તેમ નથી તે.

અહીં સહસ્રનામનાં ૪૦૦ નામ પૂરાં થાય છે.

**૪૦૧. વીરઃ** - પરાક્રમશીલ.
**૪૦૨. શક્તિમતાં શ્રેષ્ઠઃ** - શક્તિમાનોમાં શ્રેષ્ઠ.
**૪૦૩. ધર્મઃ** - (i) સર્વને ધારણ કરવાવાળા (ii) જે બધા ધર્મોથી શોભી રહ્યા છે તે.
**૪૦૪. ધર્મવિદુત્તમઃ** - ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ.

**વૈકુણ્ઠઃ પુરુષઃ પ્રાણઃ પ્રાણદઃ પ્રણવઃ પૃથુઃ ।**
**હિરણ્યગર્ભઃ શત્રુઘ્નો વ્યાપ્તો વાયુરધોક્ષજઃ ॥ ૪૪ ॥**

**૪૦૫. વૈકુણ્ઠઃ** - જીવાત્માની ત્રણ કુણ્ઠાઓ છે - મળ, વિક્ષેપ અને આવરણ. જેને કશી કુણ્ઠા એટલે કે અવરોધ નથી તે.
**૪૦૬. પુરુષઃ** - (i) શરીર(પુર)માં રહેલી ચૈતન્યમયી શક્તિ (ii) જે બધાં પાપોને ભૂંસી નાખે છે તે.
**૪૦૭. પ્રાણઃ** - (i) વાયુમય ચૈતન્યરૂપે કાર્યશીલ (ii) જે ક્ષેત્રજ્ઞ રૂપે રહે છે તે.
**૪૦૮. પ્રાણદઃ** - પ્રાણદાતા.
**૪૦૯. પ્રણવઃ** - જેને ૐકાર સાથે પ્રણામ કરીએ છીએ તે.
**૪૧૦. પૃથુઃ** - (i) જેણે પોતાની જાતને પૃથ્વી જેવી વિશાળ બનાવી છે (ii) પૃથુ વિષ્ણુનો એક અંશાવતાર છે.
**૪૧૧. હિરણ્યગર્ભઃ** - સૃષ્ટિમાં બીજ રૂપે રહેલ ચૈતન્ય.
**૪૧૨. શત્રુઘ્નઃ** - શત્રુઓનો નાશ કરનાર. **૪૧૩. વ્યાપ્તઃ** - જે સર્વવ્યાપક છે તે.
**૪૧૪. વાયુઃ** - (i) જે વહન કરે છે તે (ii) જે ગંધનું કારણ છે તે.
**૪૧૫. અધોક્ષજઃ** - (i) જેમણે નીચે નેત્રો ઢાળ્યાં છે તે (ii) જે અધોમુખી દૃષ્ટિવાળા જીવોમાં વસેલા છે તે.

**ઋતુઃ સુદર્શનઃ કાલઃ પરમેષ્ઠી પરિગ્રહઃ ।**
**ઉગ્રઃ સંવત્સરો દક્ષો વિશ્રામો વિશ્વદક્ષિણઃ ॥ ૪૫ ॥**

**૪૧૬. ઋતુઃ** - જે સમયના ચક્ર દ્વારા દર્શાવાતા કાળસ્વરૂપ છે તે.
**૪૧૭. સુદર્શનઃ** - (i) જેનું દર્શન સુંદર છે તે (ii) કમળની પાંખડીઓ માફક જેનાં નેત્રો લાંબાં અને પવિત્ર છે તે (iii) જેનું ભક્તો સરળતાથી દર્શન કરી શકે છે તેવા.
**૪૧૮. કાલઃ** - જે દરેકની કલના-ગણતરી તથા મર્યાદા નક્કી કરે છે તે.
**૪૧૯. પરમેષ્ઠી** - પરમ પદમાં વાસ કરનાર.
**૪૨૦. પરિગ્રહઃ** - (i) ભક્તોના નૈવેદને ગ્રહણ કરનાર (ii) જે તેનામાં આશ્રય શોધે છે તેને સ્વીકારનાર.
**૪૨૧. ઉગ્રઃ** - (i) જે પ્રતાપી છે તે. (ii) જે ભયાનક છે તે.
**૪૨૨. સંવત્સરઃ** - (i) ઋતુનો જેનાથી પ્રારંભ થાય છે તે (ii) જેમાં બધા જીવો રહે છે તે.
**૪૨૩. દક્ષઃ** - (i) કર્મકુશળ છે તે (ii) સંસારસાગરના વિવિધ તાપોમાંથી મુક્ત કરનાર. **૪૨૪. વિશ્રામઃ** - વિશ્રાંતિસ્વરૂપ.
**૪૨૫. વિશ્વદક્ષિણઃ** - વિશ્વમાં સર્વશ્રેષ્ઠ કર્મકુશળ.



**વિસ્તારઃ સ્થાવર સ્થાણુઃ પ્રમાણં બીજમવ્યયમ્ ।**
**અર્થોઽનર્થો મહાકોશો મહાભોગો મહાધનઃ ॥ ૪૬ ॥**

**૪૨૬. વિસ્તારઃ** - જેનામાં બધા લોકો વિસ્તૃત રૂપે રહેલા છે તે.
**૪૨૭. સ્થાવરસ્થાણુઃ** - સ્વરૂપમાં દૃઢ રીતે સ્થિત છે તે.
**૪૨૮. પ્રમાણમ્** - શુદ્ધ ચૈતન્યના સ્વભાવ જેનો છે તે.
**૪૨૯. બીજમવ્યયમ્** - સંસારના અવિનાશી બીજરૂપ.
**૪૩૦. અર્થઃ** - પરમાનંદરૂપી સંપત્તિ આપનાર.
**૪૩૧. અનર્થઃ** - અર્થરહિત. અહં અને ઈચ્છા છે ત્યાં સુધી અર્થભાવ રહે છે. અર્થથી પર જતાં અનર્થની પ્રાપ્તિ થતાં જે આત્મતૃપ્ત રહે છે તે.
**૪૩૨. મહાકોશઃ** - અન્નમય, પ્રાણમય જેવા મહાન કોશો(આવરણ)ના રચનાર.
**૪૩૩. મહાભોગઃ** - અત્યંત સુખરૂપ છે તેવા.
**૪૩૪. મહાધનઃ** - આખું વિશ્વ જેની પરમ સંપત્તિ છે તે.

**અનિર્વિણ્ણઃ સ્થવિષ્ઠોઽભૂર્ધર્મયૂપો મહામખઃ ।**
**નક્ષત્રનેમિર્નક્ષત્રી ક્ષમઃ ક્ષામઃ સમીહનઃ ॥ ૪૭ ॥**

**૪૩૫. અનિર્વિણ્ણઃ** - આપ્તકામ હોવાથી ઉદ્વેગ રહિત.
**૪૩૬. સ્થવિષ્ઠઃ** - વિરાટ સ્વરૂપવાળા.
**૪૩૭. અભૂઃ** - અજન્મા.
**૪૩૮. ધર્મયૂપઃ** - ધર્મરૂપી સ્તંભ.
**૪૩૯. મહામખઃ** - મહાન યજ્ઞસ્વરૂપ.
**૪૪૦. નક્ષત્રનેમિઃ** - નક્ષત્રોનો પરિઘ(વર્તુળનો ઘેરાવો) ધરાવનાર.
**૪૪૧. નક્ષત્રી** - નક્ષત્રોના સ્વામી. નક્ષત્ર એટલે જેનો નાશ થતો નથી તે.
**૪૪૨. ક્ષમઃ** - ક્ષમતાશીલ, સમર્થ.
**૪૪૩. ક્ષામઃ** - (i) ક્ષીણ રૂપે રહેલા (ii) જીવભાવ ક્ષીણ થતાં અંતે જે અગોચર તત્ત્વમાં ઐક્ય પામે છે તે.
**૪૪૪. સમીહનઃ** - જેની સર્જન વગેરે માટેની સમ્યક્ ઈહા અથવા ચેષ્ટા છે તે.

**યજ્ઞ ઇજ્યો મહેજ્યશ્ચ ક્રતુઃ સત્રં સતાં ગતિઃ ।**
**સર્વદર્શી વિમુક્તાત્મા સર્વજ્ઞો જ્ઞાનમુત્તમમ્ ॥ ૪૮ ॥**

**૪૪૫. યજ્ઞઃ** - (i) જે યજ્ઞસ્વરૂપે બધા દેવોને આનંદ આપે છે તે (ii) સર્વજ્ઞાતા (iii) યજ્ઞસ્વરૂપ. **૪૪૬. ઇજ્યઃ** - પૂજનીય.
**૪૪૭. મહેજ્યઃ** - સર્વથી શ્રેષ્ઠ પૂજવા યોગ્ય.
**૪૪૮. ક્રતુઃ** - અમૃત પ્રાપ્ત કરવા માટે થતા સોમયજ્ઞસ્વરૂપ.
**૪૪૯. સત્રમ્** - યજ્ઞ કે અનુષ્ઠાનના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધીનો સમય. તે દરમિયાન યજ્ઞના અગ્નિની સાથે શરીરમાં રહેલો અગ્નિ પણ પ્રજ્વલિત થઈ તેની શારીરિક ચેતનાથી માંડી તેના સર્વ સંબંધોને શુદ્ધ કરતો જાય છે અને દેવલોકના આદિત્ય સાથે એકરૂપ થતાં અંધકાર જતાં જ્ઞાનપ્રાપ્તિ થાય છે.
**૪૫૦. સતાં ગતિઃ** - સત્પુરુષોની ગતિનો આધાર.
**૪૫૧. સર્વદર્શી** - સર્વનાં સારાંખોટાં કર્મોને જોનારા.
**૪૫૨. વિમુક્તાત્મા** - નિત્ય મુક્ત ચૈતન્ય. **૪૫૩. સર્વજ્ઞઃ** - સર્વના જ્ઞાતા.
**૪૫૪. જ્ઞાનમુત્તમમ્** - ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે તે.

**સુવ્રતઃ સુમુખઃ સૂક્ષ્મઃ સુઘોષઃ સુખદઃ સુહૃત્ ।**
**મનોહરો જિતક્રોધો વીરબાહુર્વિદારણઃ ॥ ૪૯ ॥**

**૪૫૫. સુવ્રતઃ** - આશ્રય શોધતા લોકોને બચાવવા માટે ઉદાર વ્રત ધારણ કરનાર.
**૪૫૬. સુમુખઃ** - સુંદર મુખવાળા, બધા પ્રકારની વિદ્યાનું શિક્ષણ આપનાર.
**૪૫૭. સૂક્ષ્મઃ** - અત્યંત સૂક્ષ્મસ્વરૂપ.
**૪૫૮. સુઘોષઃ** - મેઘ જેવો સુંદર નાદ કરનારા.
**૪૫૯. સુખદઃ** - સજ્જનોના સુખદાતા.
**૪૬૦. સુહૃત્** - (i) બદલાની આશા વગર મદદ કરનાર (ii) સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા પરમ સખા.
**૪૬૧. મનોહરઃ** - મનનું હરણ કરનારા.
**૪૬૨. જિતક્રોધઃ** - ક્રોધને જીતનારા.
**૪૬૩. વીરબાહુઃ** - પરાક્રમશીલ.
**૪૬૪. વિદારણઃ** - અધર્મ આચરનારનું વિદીર્ણ કરનાર, નાશ કરનાર.



**સ્વાપનઃ સ્વવશો વ્યાપી નૈકાત્મા નૈકકર્મકૃત્ ।**
**વત્સરો વત્સલો વત્સી રત્નગર્ભો ધનેશ્વરઃ ॥ ૫૦ ॥**

**૪૬૫. સ્વાપનઃ** - (i) અજ્ઞાનનિદ્રામાં પોઢેલા જીવોને બચાવનાર (ii) સર્વ સ્વપ્નને આધીન કરનાર એવા.
**૪૬૬. સ્વવશઃ** - જે ફક્ત પોતાનાથી જ સ્વાધીન છે બીજા કોઈથી પણ નહિ.
**૪૬૭. વ્યાપી** - અણુ અણુમાં વ્યાપી રહેલા.
**૪૬૮. નૈકાત્મા** - અનેક જીવાત્મા રૂપે રહેલા.
**૪૬૯. નૈકકર્મકૃત્** - સર્જન, પોષણ, રક્ષણ જેવી અનેક પ્રકારની પ્રવૃત્તિઓના કર્તા રૂપે રહેલા.
**૪૭૦. વત્સરઃ** - જેમાં બંને અયન (ઉત્તરાયન અને દક્ષિણાયન), બાર માસ, શુકલ અને કૃષ્ણ પક્ષ તથા સાત વાર એમ બધાં રહેલાં છે તે.
**૪૭૧. વત્સલઃ** - ભક્તો પ્રત્યે વાત્સલ્ય ધરાવનાર.
**૪૭૨. વત્સી** - ભક્તોનું સ્નેહથી પાલન કરનારા.
**૪૭૩. રત્નગર્ભઃ** - જેના અંતરમાં રત્નરૂપી ઉજ્જ્વલ સંપત્તિ રહી છે તે.
**૪૭૪. ધનેશ્વરઃ** - ધનના સ્વામી.

**ધર્મગુબ્ધર્મકૃદ્ધર્મી સદસત્ક્ષરમક્ષરમ્ ।**
**અવિજ્ઞાતા સહસ્રાંશુર્વિધાતા કૃતલક્ષણઃ ॥ ૫૧ ॥**

**૪૭૫. ધર્મગુપ્** - ધર્મના રક્ષક. **૪૭૬. ધર્મકૃત્** - ધર્મના કર્તા.
**૪૭૭. ધર્મી** - ધર્મને ધારણ કરનારા.
**૪૭૮. સત્** - સત્સ્વરૂપ (તે નિરંજન, નિરાકાર અને નિષ્ક્રિય છે)
**૪૭૯. અસત્** - (i) મિથ્યા આભાસરૂપ (ii) અપરબ્રહ્મ સૃષ્ટિ રૂપે પ્રગટ થયેલા હોવાથી અસત્ કહેવાયા.
**૪૮૦. ક્ષરમ્** - નાશવંત.
**૪૮૧. અક્ષરમ્** - સ્થૂલ અને સૂક્ષ્મ દેહમાં નિર્વિકાર રહેતો આત્મા, કૂટસ્થ.
**૪૮૨. અવિજ્ઞાતા** - (i) વિશેષ જ્ઞાનથી રહિત (ii) જીવ(વિજ્ઞાન)ના લાક્ષણિક ગુણોથી રહિત.
**૪૮૩. સહસ્રાંશુઃ** - (i) સહસ્ર કિરણોવાળા (ii) સૂર્યનું તેજ જેને લીધે છે તે.
**૪૮૪. વિધાતા** - વિશેષ રૂપે ધર્મને ધારણ કરનાર.
**૪૮૫. કૃતલક્ષણઃ** - પોતાને પામવાનાં લક્ષણો(શાસ્ત્રો) જેમણે રચેલાં છે તે.

**ગભસ્તિનેમિઃ સત્ત્વસ્થઃ સિંહો ભૂતમહેશ્વરઃ ।**
**આદિદેવો મહાદેવો દેવેશો દેવભૃદ્ગુરુઃ ॥ ૫૨ ॥**

૪૮૬. **ગભસ્તિનેમિઃ** - સૂર્યના પ્રકાશની પરિધિ(વર્તુળનો ઘેરાવો)માં રહેલા છે તે.
૪૮૭. **સત્ત્વસ્થઃ** - (i) શુદ્ધ સત્ત્વમાં સ્થિત (ii) જે બધા જીવો(સત્ત્વો)માં રહેલા છે તે.
૪૮૮. **સિંહઃ** - (i) સર્વ પરાક્રમી (ii) નૃસિંહ અવતારી.
૪૮૯. **ભૂતમહેશ્વરઃ** - સર્વ પ્રાણીઓના સ્વામી.
૪૯૦. **આદિદેવઃ** - (i) સર્વથી પ્રથમ દેવસ્વરૂપ (ii) જે બધા જીવોને પોતાની તરફ ખેંચે છે તે.
૪૯૧. **મહાદેવઃ** - મહાન પ્રકાશરૂપ ભગવાન.
૪૯૨. **દેવેશઃ** - દેવોના અધિપતિ.
૪૯૩. **દેવભૃદ્ગુરુઃ** - (i) દેવતાઓના પોષણકર્તા અને જ્ઞાનદાતા ગુરુ (ii) દેવભૃત્ એટલે ઈન્દ્ર, તે ઈન્દ્રના નિયામક.

**ઉત્તરો ગોપતિર્ગોપ્તા જ્ઞાનગમ્યઃ પુરાતનઃ ।**
**શરીરભૂતભૃદ્ ભોક્તા કપીન્દ્રો ભૂરિદક્ષિણઃ ॥ ૫૩ ॥**

૪૯૪. **ઉત્તરઃ** - (i) ઊર્ધ્વ સ્વરૂપ (ii) સંસારથી મુક્ત છે તે.
૪૯૫. **ગોપતિઃ** - ગો એટલે પૃથ્વી, વાણી, ઈન્દ્રિયો અને ગાયના સ્વામી.
૪૯૬. **ગોપ્તા** - બધા જીવોનું રક્ષણ કરનાર.
૪૯૭. **જ્ઞાનગમ્યઃ** - જ્ઞાન દ્વારા જ પામી શકાય તેવા.
૪૯૮. **પુરાતનઃ** - જે પ્રાચીનતમ છે તે.
૪૯૯. **શરીરભૂતભૃદ્** - (i) શરીરરૂપી બનેલી પરા અને અપરા પ્રકૃતિના પાલક, (ii) શરીરમાં રહેલા પંચતત્ત્વોના માલિક.
૫૦૦. **ભોક્તા** - ઉપભોગ કરનાર, રક્ષણ કરનાર.

<u>અહીં સહસ્રનામનાં ૫૦૦ નામ પૂરાં થાય છે.</u>

૫૦૧. **કપીન્દ્રઃ** - (i) વાનરો(કપિ)ના સ્વામી, (ii) વરાહ(કપિ) તરીકે પ્રગટ થયેલા તે.
૫૦૨. **ભૂરિદક્ષિણઃ** - મહાન દાની. ભગવાન જમણા હાથની અભય મુદ્રા દ્વારા રક્ષણ કરે છે અને ડાબા હાથની વરદ મુદ્રા દ્વારા દાન કરે છે.



**સોમપોઽમૃતપઃ સોમઃ પુરુજિત્પુરુસત્તમઃ ।**
**વિનયો જયઃ સત્યસન્ધો દાશાર્હઃ સાત્ત્વતામ્પતિઃ ॥ ૫૪ ॥**

૫૦૩. **સોમપઃ** - સોમરસનું પાન કરનાર; સોમના ઘણા અર્થ છે - સોમ નામની વનસ્પતિ સોમવલ્લી, ચંદ્ર, ઈડા નાડી તથા સાધના દ્વારા મળતો આનંદ. સોમપઃ એટલે અક્ષય આનંદની પ્રાપ્તિ કરાવનાર. **૫૦૪. અમૃતપઃ** - અમૃતનું પાન કરનાર.
૫૦૫. **સોમઃ** - ચંદ્રની માફક અમૃતની વર્ષા કરનાર.
૫૦૬. **પુરુજિત્** - (i) અનેકત્વના ભાવને જીતનાર (ii) અનેક લોકોને જીતનાર.
૫૦૭. **પુરુસત્તમઃ** - પુર (દેહ કે વિશ્વ)માં ઉત્તમ રૂપે રહેલા.
૫૦૮. **વિનયઃ** - વિશેષરૂપે નિયમન કરનારા.
૫૦૯. **જયઃ** - (i) જય સ્વરૂપ (ii) બધા પર જય મેળવનાર.
૫૧૦. **સત્યસંધઃ** - (i) સત્ય સાથે સંધાન કરનાર (ii) જેના બધા સંકલ્પો સદા સાચા હોય છે તે.
૫૧૧. **દાશાર્હઃ** - યાદવોની એક શાખા દશાર્હમાં જન્મેલા શ્રીકૃષ્ણ.
૫૧૨. **સાત્ત્વતાં પતિઃ** - સાત્વતો (વંશનું નામ સાત્વત)ના સ્વામી, સત્યવત્ શબ્દ પરથી સત્વત્ શબ્દ બન્યો. આ સત્વત્ ધર્મનું પાલન કરનારા સાત્વતો કહેવાય છે.

**જીવો વિનયિતાસાક્ષી મુકુન્દોઽમિતવિક્રમઃ ।**
**અમ્ભોનિધિરનન્તાત્મા મહોદધિશયોઽન્તકઃ ॥ ૫૫ ॥**

૫૧૩. **જીવઃ** - શરીરમાં પ્રાણ રૂપે રહીને શરીરને જિવાડનાર.
૫૧૪. **વિનયિતાસાક્ષીઃ** - બધા ભક્તોના વિનયના સાક્ષી.
૫૧૫. **મુકુન્દઃ** - ભક્તોની ભીડ સમયે મુક્તિદાતા.
૫૧૬. **અમિતવિક્રમઃ** - અનંત પરાક્રમશાળી.
૫૧૭. **અંભોનિધિઃ** - જળનો અખૂટ ભંડાર; 'અંભો' એટલે કે બધા લોકો-દેવો, મનુષ્યો, પિતૃઓ અને અસુરો-જેમાં રહેલા છે તે.
૫૧૮. **અનન્તાત્મા** - દેશ અને કાળથી પર એવી ભગવદ્શક્તિ.
૫૧૯. **મહોદધિશયઃ** - મહાસાગરમાં શયન કરનાર.
૫૨૦. **અન્તકઃ** - ભૂતમાત્રનો અંત કરનાર.

**અજો મહાર્હઃ સ્વાભાવ્યો જિતામિત્રઃ પ્રમોદનઃ ।**
**આનન્દો નન્દનો નન્દઃ સત્યધર્મા ત્રિવિક્રમઃ ॥ ૫૬ ॥**

**૫૨૧. અજઃ** - (i) જન્મરહિત (ii) 'અ' એટલે મહાવિષ્ણુ, તેમનામાંથી જેનો જન્મ થયેલો છે તે - કામદેવ.
**૫૨૨. મહાર્હઃ** - મહાપૂજાને યોગ્ય.
**૫૨૩. સ્વાભાવ્યઃ** - (i) સ્વતઃ સ્વભાવથી પ્રગટ થનારા (ii) પોતાની મેળે ઉત્પન્ન થનારા.
**૫૨૪. જિતામિત્રઃ** - શત્રુ (રાવણ, કંસ જેવા બહારના શત્રુ અને આસુરી સંપત્તિ)ને જીતનાર.
**૫૨૫. પ્રમોદનઃ** - આનંદ અથવા હર્ષ આપનારા.
**૫૨૬. આનન્દઃ** - આનંદમૂર્તિ. **૫૨૭. નન્દનઃ** - આનંદ આપે છે તે.
**૫૨૮. નન્દઃ** - સર્વ પ્રકારની સિદ્ધિઓથી સંપન્ન, પૂર્ણ.
**૫૨૯. સત્યધર્મા** - સત્ય ધર્મવાળા.
**૫૩૦. ત્રિવિક્રમઃ** - ત્રણ પગલાં ભરી ભુવનને માપનારા. ત્રણ પગલાં કયાં ? સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ-દેહ; ભૂત, વર્તમાન અને ભવિષ્ય-કાળ; ત્રિગુણી માયા, ઉત્પત્તિ, સ્થિતિ અને લય; જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ-અવસ્થા; જીવ, ઈશ્વર અને તત્ત્વબ્રહ્મ.

**મહર્ષિઃ કપિલાચાર્યઃ કૃતજ્ઞો મેદિનીપતિઃ ।**
**ત્રિપદસ્ત્રિદશાધ્યક્ષો મહાશૃઙ્ગઃ કૃતાન્તકૃત્ ॥ ૫૭ ॥**

**૫૩૧. મહર્ષિઃ કપિલાચાર્યઃ** - મહર્ષિ કપિલાચાર્ય - કર્દમ ઋષિ અને દેવહુતિના પુત્ર કપિલ મુનિ વિષ્ણુના અવતાર ગણાય છે.
**૫૩૨. કૃતજ્ઞઃ** - કરેલાં કર્મો કે ગુણોને જાણનાર.
**૫૩૩. મેદિનીપતિઃ** - પૃથ્વીના સ્વામી.
**૫૩૪. ત્રિપદઃ** - ત્રણેય લોકમાં જેમની ગતિ છે તે.
**૫૩૫. ત્રિદશાધ્યક્ષઃ** - (i) તેત્રીસ કોટી દેવતાઓના અધ્યક્ષ (ii) જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રિદશાના અધ્યક્ષ.
**૫૩૬. મહાશૃઙ્ગઃ** - મોટાં શિંગડાંવાળા - મત્સ્યાવતારમાં તેમનાં શિંગડાં સાથે પ્રલયમાંથી બચેલાની નાવ બાંધી રાખેલી હતી અને તે રીતે રક્ષા કરી હતી.
**૫૩૭. કૃતાન્તકૃત્** - કાળના પણ કાળ.



**મહાવરાહો ગોવિન્દઃ સુષેણઃ કનકાઙ્ગદી ।**
**ગુહ્યો ગભીરો ગહનો ગુપ્તશ્ચક્રગદાધરઃ ॥ ૫૮ ॥**

**૫૩૮. મહાવરાહઃ** - મહાન વરાહ અવતાર જેમાં તે પોતાના દંતૂશળ ઉપર પૃથ્વીને ઊંચકી લે છે અને પ્રલયમાંથી ઉગારે છે.
**૫૩૯. ગોવિન્દઃ** - (i) 'ગો' એટલે ઇન્દ્રિયોના જ્ઞાતા ભગવાન (ii) 'ગો' એટલે પૃથ્વી અને પૃથ્વીના કાર્યરૂપ સ્થૂલ શરીરને જાણનારા ક્ષેત્રજ્ઞ (iii) 'ગો' એટલે બ્રહ્મવિદ્યાના જ્ઞાતા પરમાત્મા (iv) ભગવાનના લીલાવતારમાં કૃષ્ણ રૂપે 'ગો' ગાયોને ચારનાર.
**૫૪૦. સુષેણઃ** - દૈવી સંપત્તિરૂપ સૈન્યવાળા.
**૫૪૧. કનકાઙ્ગદીઃ** - કનકના બાજુબંધ પહેર્યા છે એવા ચતુર્ભુજ ભગવાન.
**૫૪૨. ગુહ્યઃ** - ગુપ્ત, પ્રાણીઓની હૃદયગુહામાં અત્યંત ગુપ્ત રીતે બિરાજમાન એવા.
**૫૪૩. ગભીરઃ** - જેમનો પાર પામી શકાતો નથી એવા ગંભીર.
**૫૪૪. ગહનઃ** - અકળ, પ્રવેશ કરી શકાય નહિ તેવા.
**૫૪૫. ગુપ્તઃ** - અદૃશ્ય રૂપે રહેલા.
**૫૪૬. ચક્રગદાધરઃ** - ગદા અને ચક્રને ધારણ કરનાર.

**વેધાઃ સ્વાઙ્ગોઽજિતઃ કૃષ્ણો દૃઢઃ સંકર્ષણોઽચ્યુતઃ ।**
**વરુણો વારુણો વૃક્ષઃ પુષ્કરાક્ષો મહામનાઃ ॥ ૫૯ ॥**

**૫૪૭. વેધાઃ** - (i) વિશ્વના કર્તા (ii) જે વિશ્વનું વિધાન કે નિયમન કરે છે તે
**૫૪૮. સ્વાઙ્ગઃ** - કાર્ય કરવામાં સ્વયં અંગરૂપ. **૫૪૯. અજિતઃ** - અજેય.
**૫૫૦. કૃષ્ણઃ** - (i) ઘનશ્યામ સ્વરૂપ (ii) મહર્ષિ વ્યાસ - કૃષ્ણ દ્વૈપાયન-ભગવાન કૃષ્ણનો જ અવતાર હતા તે.
**૫૫૧. દૃઢઃ** - અડગ, નિશ્ચલ.
**૫૫૨. સંકર્ષણોઽચ્યુતઃ** - એકીસાથે સમગ્રપણે જે આકર્ષણ કરે છે તે અવિચળ તત્ત્વ.
**૫૫૩. વરુણઃ** - વરુણદેવ એટલે અનંત બ્રહ્માંડના સ્વામી અને નિયામક, સાંજના સૂર્યને 'વરુણ' કહેવામાં આવે છે.
**૫૫૪. વારુણઃ** - વરુણના પુત્રો વસિષ્ઠ, અગસ્ત્ય.
**૫૫૫. વૃક્ષઃ** - વૃક્ષની માફક નિત્ય સ્થિર તત્ત્વ.
**૫૫૬. પુષ્કરાક્ષઃ** - કમલનયનવાળા.
**૫૫૭. મહામનાઃ** - મહાન મનવાળા.

**ભગવાન્ ભગહાનન્દી વનમાલી હલાયુધઃ ।**
**આદિત્યો જ્યોતિરાદિત્યઃ સહિષ્ણુર્ગતિસત્તમઃ ॥ ૬૦ ॥**

**૫૫૮. ભગવાન્** - (i) 'ભગ' એટલે ઐશ્વર્ય અને ભગવાન એટલે ઐશ્વર્યવાન, (ii) પ્રાણીઓનાં ઉગમ, લય, બંધન અને મોક્ષ તથા જ્ઞાન, અજ્ઞાનને જે જાણે છે તે.
**૫૫૯. ભગહા** - લય વખતે ભગ(ઐશ્વર્ય)નો નાશ કરનાર.
**૫૬૦. આનન્દી** - આનંદરૂપ.
**૫૬૧. વનમાલી** - વૈજયન્તીમાળા ધારણ કરનાર.
**૫૬૨. હલાયુધઃ** - બલરામના અવતારમાં હળને આયુધ રૂપે ધારણ કરનાર.
**૫૬૩. આદિત્યઃ** - અદિતિ અને કશ્યપના પુત્ર.
**૫૬૪. જ્યોતિરાદિત્યઃ** - સૂર્ય જેવા પ્રકાશમાન.
**૫૬૫. સહિષ્ણુઃ** - સહનશીલ, ધીર.
**૫૬૬. ગતિસત્તમઃ** - બધાને સર્વોત્તમ ગતિ અને આશ્રય આપનાર.

**સુધન્વા ખણ્ડપરશુર્દારુણો દ્રવિણપ્રદઃ ।**
**દિવિસ્પૃક્ સર્વદૃગ્વ્યાસો વાચસ્પતિરયોનિજઃ ॥ ૬૧ ॥**

**૫૬૭. સુધન્વા** - ઉત્તમ ધનુષ્યને ધારણ કરનારા
**૫૬૮. ખણ્ડપરશુઃ** - પરશુ(કુહાડી)થી ટુકડા કરનાર, અહીં વિષ્ણુના પરશુરામ અવતારનો નિર્દેશ છે.
**૫૬૯. દારુણઃ** - દુષ્ટ લોકો તરફ અત્યંત ભયાનક અને ક્રૂર
**૫૭૦. દ્રવિણપ્રદઃ** - ભક્તોને સંપત્તિ આપનારા
**૫૭૧. દિવિસ્પૃક્** - પ્રકાશને સ્પર્શનારા, સ્વર્ગમાં સ્થિર
**૫૭૨. સર્વદૃગ્વ્યાસઃ** - (i) સર્વને પ્રત્યક્ષ જોનારા વ્યાસ (ii) જે બધામાં 'દૃક્' એટલે કે સમજશક્તિ રૂપે રહેલા છે તે (iii) તેની મર્યાદામાં રહેલી દરેક વસ્તુની જેને સમજ છે તે
**૫૭૩. વાચસ્પતિરયોનિજઃ** - ભગવાન જ્ઞાનના સ્વામી હોવાથી 'વાચસ્પતિ' અને તેમનો માતા દ્વારા જન્મ થયો નહિ હોવાથી 'અયોનિજ' કહેવાય છે.



**ત્રિસામા સામગઃ સામ નિર્વાણં ભેષજં ભિષક્ ।**
**સંન્યાસકૃચ્છમઃ શાન્તો નિષ્ઠ શાન્તિઃ પરાયણમ્ ॥ ૬૨ ॥**

**૫૭૪. ત્રિસામા** - (i) ત્રણ સ્વરો અને ત્રણ ગ્રામો (ગ્રામ એટલે મૂર્છના-સાત સ્વરોનો ક્રમસર આરોહ-અવરોહ)ના સામગાયકોના આશ્રયરૂપ (ii) ત્રણ પરાક્રમને આવરી લેનારા.
**૫૭૫. સામગઃ** - સામવેદને જાણનારા, ગાનારા.
**૫૭૬. સામઃ** - વેદોમાં હું સામવેદ છું તેમ માનનારા.
**૫૭૭. નિર્વાણમ્** - પરમાનંદની પ્રાપ્તિરૂપ બ્રહ્મગતિ અર્પનારા.
**૫૭૮. ભેષજમ્** - સંસાર રોગનું ઔષધ.
**૫૭૯. ભિષક્** - (i) વૈદ્ય, (ii) ધન્વંતરીના અવતાર (iii) બ્રહ્મરૂપી ઔષધ આપનાર.
**૫૮૦. સંન્યાસકૃત્** - સર્વ આસક્તિઓથી અને સંસારપાશથી મુક્ત કરનારા
**૫૮૧. શમઃ** - મનની શાંતિ જેણે પ્રાપ્ત કરી છે તે. **૫૮૨. શાંતઃ** - શાંતસ્વરૂપ.
**૫૮૩. નિષ્ઠા** - (i) શાંત નિષ્ઠાવાળા (ii) સત્ય નિષ્ઠાયુક્ત (iii) પ્રલયકાળમાં પ્રાણી ભગવાનમાં જ સ્થિર રહે છે તે કારણે પણ તેમને નિષ્ઠા નામ આપ્યું છે.
**૫૮૪. શાન્તિઃ** - (i) શાંતિ, (ii) જેનામાં અવિદ્યાનો પૂરો અભાવ છે તેવા.
**૫૮૫. પરાયણમ્** - પરમ ઉત્કૃષ્ટ સ્થાન સ્વરૂપ.

**શુભાઙ્ગઃ શાન્તિદઃ સ્રષ્ટા કુમુદઃ કુવલેશયઃ ।**
**ગોહિતો ગોપતિર્ગોપ્તા વૃષભાક્ષો વૃષપ્રિયઃ ॥ ૬૩ ॥**

**૫૮૬. શુભાઙ્ગઃ** - સારાં અંગવાળા હોવાથી સર્વ રીતે શુભમય, કલ્યાણમય છે.
**૫૮૭. શાન્તિદઃ** - શાંતિ આપનાર. **૫૮૮. સ્રષ્ટા** - સર્જનહાર.
**૫૮૯. કુમુદઃ** - (i) કુમુદ (પુષ્પ)ના જેવો આનંદ આપનારા (ii) જે 'કુ' એટલે ધરતીને 'મુદ' એટલે આનંદ આપનારા.
**૫૯૦. કુવલેશયઃ** - 'કુવલ' એટલે જળમાં પોઢેલા શેષશાયી ભગવાન.
**૫૯૧. ગોહિતઃ** - (i) 'ગો' ઇન્દ્રિયોનું હિત કરનારા, (ii) કૃષ્ણાવતારમાં ગોવર્ધન પર્વત ઊંચકી 'ગો' ગાયોનું રક્ષણ કરનારા.
**૫૯૨. ગોપતિઃ** - ઇન્દ્રિયો, વાણી અને પૃથ્વીના સ્વામી.
**૫૯૩. ગોપ્તા** - (i) ધરતીના રક્ષણકર્તા (ii) જે પોતાની માયાથી સંતાયેલા રહે છે તે.
**૫૯૪. વૃષભાક્ષઃ** - 'વૃષ' એટલે ધર્મ, ધર્મદૃષ્ટિવાળા.
**૫૯૫. વૃષપ્રિયઃ** - (i) ધર્મપ્રિય (ii) જે ધર્મ છે અને બધાને પ્રિય છે (iii) જેને ધર્મ પ્રત્યે અપાર પ્રીતિ છે તે.

**અનિવર્તી નિવૃત્તાત્મા સંક્ષેપ્તા ક્ષેમકૃચ્છિવઃ ।**
**શ્રીવત્સવક્ષાઃ શ્રીવાસઃ શ્રીપતિઃ શ્રીમતાં વરઃ ॥ ૬૪ ॥**

**૫૯૬. અનિવર્તી** - જે અસુરો સાથેની લડાઈમાં કદી પાછા નથી હટતા તે.
**૫૯૭. નિવૃત્તાત્મા** - (i) પ્રવૃત્તિથી રહિત (ii) ઇન્દ્રિયજન્ય પદાર્થોથી જેનું મન પાછું ખેંચાયેલું છે તેવા.
**૫૯૮. સંક્ષેપ્તા** - પ્રલય વખતે વિશ્વને સંક્ષિપ્ત કરી સૂક્ષ્મ સ્થિતિમાં લાવનાર.
**૫૯૯. ક્ષેમકૃત્** - જે વસ્તુઓ પ્રાપ્ત થઈ છે તેનું રક્ષણ કરનારા.
**૬૦૦. શિવઃ** - (i) કલ્યાણકારી (ii) જે પોતાના નામ માત્રથી દરેકને પવિત્ર કરે છે તે.

અહીં સહસ્રનામનાં ૬૦૦ નામ પૂરાં થાય છે.

**૬૦૧. શ્રીવત્સવક્ષાઃ** - શ્રીવત્સ ચિહ્ન વક્ષસ્થળમાં ધારણ કરનારા.
**૬૦૨. શ્રીવાસઃ** - લક્ષ્મીએ જેમાં વાસ કર્યો છે એવા.
**૬૦૩. શ્રીપતિઃ** - (i) પરમ ઉજ્જ્વળ ચિન્મયી આનન્દમયી શક્તિના સ્વામી (ii) લક્ષ્મીપતિ (iii) માયાપતિ.
**૬૦૪. શ્રીમતાં વરઃ** - જે કંઈ કાંતિમાન છે એવા બ્રહ્મા જેવા બધા દેવોમાં સર્વોપરી.

**શ્રીદઃ શ્રીશઃ શ્રીનિવાસઃ શ્રીનિધિઃ શ્રીવિભાવનઃ ।**
**શ્રીધરઃ શ્રીકરઃ શ્રેયઃ શ્રીમાન્ લોકત્રયાશ્રયઃ ॥ ૬૫ ॥**

**૬૦૫. શ્રીદઃ** - શ્રી (લક્ષ્મી)ને આપનાર. **૬૦૬. શ્રીશઃ** - શ્રીના સ્વામી.
**૬૦૭. શ્રીનિવાસઃ** - લક્ષ્મીના નિવાસરૂપ. **૬૦૮. શ્રીનિધિઃ** - શ્રીનો ભંડાર.
**૬૦૯. શ્રીવિભાવનઃ** - દરેક પ્રાણીની પાત્રતા અનુસાર તેને પોતાની વિવિધ શક્તિઓનું દાન કરનાર.
**૬૧૦. શ્રીધરઃ** - લક્ષ્મીને હૃદયમાં ધારણ કરનાર.
**૬૧૧. શ્રીકરઃ** - શ્રી એટલે દિવ્ય ગુણોનો ઉદય કરનાર. શ્રીની સાથે નીચેના ગુણો આવે છે : કીર્તિ, વાણી, સ્તુતિ, બુદ્ધિ, ધૃતિ અને ક્ષમા. નારીઓમાં શ્રેષ્ઠ એવાં શ્રી લક્ષ્મીના આ સ્વાભાવિક ગુણો છે અને ભગવાન નારાયણ સાથે લક્ષ્મી જોડાયેલાં છે ત્યારે આ ગુણો ઉત્તમ રીતે પ્રકાશે છે.
**૬૧૨. શ્રેયઃ** - પરમ કલ્યાણકારી.
**૬૧૩. શ્રીમાન્** - લક્ષ્મીવાન, કાંતિવાન, ઐશ્વર્યવાન.
**૬૧૪. લોકત્રયાશ્રયઃ** - ત્રણે લોકને આશ્રય આપનાર.



**સ્વક્ષઃ સ્વઙ્ગઃ શતાનન્દો નન્દિર્જ્યોતિર્ગણેશ્વરઃ ।**
**વિજિતાત્માऽવિધેયાત્મા સત્કીર્તિશ્છિન્નસંશયઃ ॥ ૬૬ ॥**

**૬૧૫. સ્વક્ષઃ** - સુંદર અને સુશોભિત નેત્રોવાળા.
**૬૧૬. સ્વઙ્ગઃ** - સુંદર અંગોવાળા.
**૬૧૭. શતાનન્દઃ** - (i) અનંત આનંદરૂપ (ii) અદ્વૈત અને પરમાનંદી હોવા છતાં વિવિધ ઉપાધિઓ(જોડાયેલી ગૌણ વસ્તુઓ) ધારણ કરવાથી અનેક ભાસે છે તે.
**૬૧૮. નન્દિઃ** - પરમાનંદ ધરાવતા.
**૬૧૯. જ્યોતિર્ગણેશ્વરઃ** - જ્યોતિઓના સમૂહને પોતાની આત્મજ્યોતિ વડે પ્રકાશિત કરનાર જ્યોતિઓના સ્વામી.
**૬૨૦. વિજિતાત્મા** - (i) મનને વશ કરનારા (ii) ભક્તાધીન.
**૬૨૧. અવિધેયાત્મા** - જે સર્વ વિધિ-નિયમોથી મુક્ત છે તે.
**૬૨૨. સત્કીર્તિઃ** - ઉજ્જ્વળ યશવાળા.
**૬૨૩. છિન્નસંશયઃ** - (i) જેના વિના સંશયો છિન્નભિન્ન થઈ ગયા છે તે (ii) જેને કોઈ સંશય નથી તે.

**ઉદીર્ણઃ સર્વતશ્ચક્ષુરનીશઃ શાશ્વતસ્થિરઃ ।**
**ભૂશયો ભૂષણો ભૂતિર્વિશોકઃ શોકનાશનઃ ॥ ૬૭ ॥**

**૬૨૪. ઉદીર્ણઃ** - જે બધા કરતાં ઉત્કૃષ્ટ છે, શ્રેષ્ઠ છે તે.
**૬૨૫. સર્વતશ્ચક્ષુઃ** - શુદ્ધ ચૈતન્યવાળા હોવાથી સર્વના દૃષ્ટા.
**૬૨૬. અનીશઃ** - જેમના કોઈ સ્વામી ન હોઈ શકે તે.
**૬૨૭. શાશ્વતસ્થિરઃ** - નિરંતર સ્થિર.
**૬૨૮. ભૂશયઃ** - લંકા પહોંચવા પહેલાં સમુદ્રતીરે ભૂમિ પર શયન કરનાર શ્રીરામ.
**૬૨૯. ભૂષણઃ** - (i) જે શોભારૂપ છે તે (ii) જેમણે વિવિધ અવતારો લઈ ભૂમિને શોભાવી છે તેવા.
**૬૩૦. ભૂતિઃ** - (i) જે વિભૂતિરૂપ છે તે (ii) જે ઐશ્વર્યરૂપ છે તે.
**૬૩૧. વિશોકઃ** - જે શોકસંતાપ રહિત છે તે.
**૬૩૨. શોકનાશનઃ** - શોકનો નાશ કરનારા.

**અર્ચિષ્માનર્ચિતઃ કુંભો વિશુદ્ધાત્મા વિશોધનઃ ।**
**અનિરુદ્ધોઽપ્રતિરથઃ પ્રદ્યુમ્નોઽમિતવિક્રમઃ ॥ ૬૮ ॥**

૬૩૩. **અર્ચિષ્માન્** - જેના તેજથી સૂર્ય, ચંદ્ર વગેરે તેજવાળા બન્યા છે તે.
૬૩૪. **અર્ચિતઃ** - સર્વને પૂજ્ય.
૬૩૫. **કુંભઃ** - (i) ભગવાનના એક અવતાર ધન્વન્તરીએ ધારણ કરેલા અમૃતકુંભ રૂપે અને (ii) બધું પોતાનામાં સમાવીને કેવળ કુંભ રૂપે રહેલા.
૬૩૬. **વિશુદ્ધાત્મા** - ત્રણે ગુણોથી પર શુદ્ધ આત્મતત્ત્વ.
૬૩૭. **વિશોધનઃ** - (i) પવિત્ર કરનારા (ii) આત્મતત્ત્વનું શોધન કરનારા (iii) સ્મરણ માત્રમાં બધાં પાપનો નાશ કરનારા.
૬૩૮. **અનિરુદ્ધઃ** - (i) સ્વતંત્ર (ii) કોઈથી પણ રોકી ન શકાય તેવા.
૬૩૯. **અપ્રતિરથઃ** - (i) પ્રતિસ્પર્ધી વિનાના (ii) જેમનો કોઈ સામનો ન કરી શકે એવા.
૬૪૦. **પ્રદ્યુમ્નઃ** - (i) શ્રીકૃષ્ણના પુત્ર (ii) જ્ઞાનની વિભૂતિ. (iii) જેમની 'દ્યુમ્ન'-સંપત્તિ ઉચ્ચતર અને પવિત્ર છે તેવા.
૬૪૧. **અમિતવિક્રમઃ** - (i) અતુલ પરાક્રમી (ii) જેમની વીરતાને કોઈ અટકાવી શકે નહિ તેવા.

**કાલનેમિનિહા વીરઃ શૌરિઃ શૂરજનેશ્વરઃ ।**
**ત્રિલોકાત્મા ત્રિલોકેશઃ કેશવઃ કેશિહા હરિઃ ॥ ૬૯ ॥**

૬૪૨. **કાલનેમિનિહા** - (i) કાલનેમિ એટલે કાળનો પરિઘ, તેના નિહંતા એટલે કાળના પરિઘનો નાશ કરનારા (ii) કાલનેમિ અસુરનો નાશ કરનાર. ૬૪૩. **વીરઃ** - શૂરવીર.
૬૪૪. **શૌરિઃ** - શૂર કુટુંબમાં અવતાર લેનાર શ્રીકૃષ્ણ.
૬૪૫. **શૂરજનેશ્વરઃ** - શૂરવાનોના ઈશ્વર. માતા અને પિતાથી મનુષ્યનો દેહ બંધાય છે. તેમાં રહેલું મહદ્તત્ત્વ સંકોચાઈ જાય છે અને સાધના દ્વારા મુક્ત બની તે શુદ્ધ માર્ગમાં પ્રવેશે છે. આ શુદ્ધ વિદ્યાના માર્ગો દ્વારા તે ઈશ્વરમંડળમાં પ્રવેશે છે. એ જ શૂરજનેશ્વર પદ છે.
૬૪૬. **ત્રિલોકાત્મા** - ત્રણ લોકોના આત્મા. ૬૪૭. **ત્રિલોકેશઃ** - ત્રણ લોકોના અધિપતિ.
૬૪૮. **કેશવઃ** - (i) પ્રકાશિત કિરણોવાળા (ii) બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દિવ્ય શક્તિવાળા હોવાથી 'કેશ' કહેવાય છે. આ શક્તિઓને ધારણ કરનાર 'કેશવ' ૬૪૯. **કેશિહા** - કેશિ દૈત્યને મારનારા.
૬૫૦. **હરિઃ** - વાસનાઓના, પાપોના હરનારા.



**કામદેવઃ કામપાલઃ કામી કાન્તઃ કૃતાગમઃ ।**
**અનિર્દેશ્યવપુર્વિષ્ણુર્વીરોઽનન્તો ધનઞ્જયઃ ॥ ૭૦ ॥**

૬૫૧. **કામદેવઃ** - સર્વ કામનાઓના અધિષ્ઠાતા દેવ, સર્વ કામનાઓ પૂરી પાડનારા.
૬૫૨. **કામપાલઃ** - કામનાઓનું પાલન કરનારા.
૬૫૩. **કામી** - પૂર્ણકામ.
૬૫૪. **કાન્તઃ** - પરમ સુંદર દેહ ધારણ કરનાર, માયાપતિ.
૬૫૫. **કૃતાગમઃ** - આગમો જેવા ધર્મગ્રંથોની રચના કરનાર.
૬૫૬. **અનિર્દેશ્યવપુઃ** - (i) વ્યાપક અવ્યક્ત (ii) નિરાકાર ચૈતન્ય શરીર ધરાવતા.
૬૫૭. **વિષ્ણુઃ** - (i) સર્વવ્યાપક વિષ્ણુ. (ii) જેનું તેજ આકાશ તેમજ પૃથ્વી પર ફેલાયેલું છે તે. ૬૫૮. **વીરઃ** - સર્વ પ્રપંચોને જીતી લેનારા.
૬૫૯. **અનન્તઃ** - દેશ, કાળ ને વસ્તુ પરિચ્છેદ (સીમા) રહિત.
૬૬૦. **ધનઞ્જયઃ** - વિશ્વવિજય કરી જેણે અપાર ધનને જીતી લીધું છે એવો પુરુષ જ નહિ, પણ અવિદ્યા અને માયાના ક્ષેત્રમાં જે અખૂટ આત્મધનને પામી શક્યો છે તે. ગીતાવચન-પાંડવોમાં હું ધનંજય (અર્જુન) છું.

**બ્રહ્મણ્યો બ્રહ્મકૃદ્ બ્રહ્મા બ્રહ્મ બ્રહ્મવિવર્ધનઃ ।**
**બ્રહ્મવિદ્ બ્રાહ્મણો બ્રહ્મી બ્રહ્મજ્ઞો બ્રાહ્મણપ્રિયઃ ॥ ૭૧ ॥**

૬૬૧. **બ્રહ્મણ્યઃ** - બ્રહ્મભાવમાં એટલે કે વિશાળતામાં લઈ જઈ શુભ કરનાર.
૬૬૨. **બ્રહ્મકૃત્** - બ્રહ્મભાવને જાગ્રત કરનાર.
૬૬૩. **બ્રહ્મા** - બૃહત્ સૃષ્ટિની રચના કરનાર.
૬૬૪. **બ્રહ્મ** - સર્વવ્યાપક તત્ત્વ બ્રહ્મ(સત્, ચિત્ અને આનંદ) 'સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ' પ્રમાણે બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે.
૬૬૫. **બ્રહ્મવિવર્ધનઃ** - બ્રહ્મભાવનું વર્ધન કરનાર પરમ શક્તિ.
૬૬૬. **બ્રહ્મવિત્** - બ્રહ્મને જાણનાર.
૬૬૭. **બ્રાહ્મણઃ** - બ્રહ્મભાવને જીવનમાં પ્રગટ કરનાર.
૬૬૮. **બ્રહ્મી** - બ્રહ્મભાવમાં નિત્ય નિવાસ કરનાર.
૬૬૯. **બ્રહ્મજ્ઞઃ** - બ્રહ્મ તત્ત્વના જ્ઞાતા.
૬૭૦. **બ્રાહ્મણપ્રિયઃ** - બ્રાહ્મણો(પવિત્ર માણસો)ને પ્રિય.

**મહાક્રમો મહાકર્મા મહાતેજા મહોરગઃ ।**
**મહાક્રતુર્મહાયજ્વા મહાયજ્ઞો મહાહવિઃ ॥ ૭૨ ॥**

**૬૭૧. મહાક્રમો** - જેનાં પગલાં મહાન - પ્રચંડ - છે તેવા.
**૬૭૨. મહાકર્મા** - 'જગતનું સર્જન' જેવાં મહાન કર્મ કરનાર.
**૬૭૩. મહાતેજઃ** - મહાન તેજસ્વરૂપ. જેના તેજમાંથી સૂર્ય વગેરે તેજ ગ્રહણ કરે છે તે.
**૬૭૪. મહોરગઃ** - મહાન સર્પ. અહીં 'ઉરગ' એટલે કુંડલિની શક્તિનો નિર્દેશ છે.
**૬૭૫. મહાક્રતુઃ** - જે મહાન યજ્ઞ છે તે.
**૬૭૬. મહાયજ્વા** - જે મહાન યજ્ઞનું અનુષ્ઠાન કરે છે તે.
**૬૭૭. મહાયજ્ઞઃ** - મહા યજ્ઞસ્વરૂપ.
**૬૭૮. મહાહવિઃ** - જેને મહા હુતદ્રવ્ય આપવામાં આવે છે તે. ભગવાન માત્ર યજ્ઞકર્તા કે યજ્ઞ જ નથી, પરંતુ યજ્ઞનું જે હુતદ્રવ્ય, સમિધ છે, તે ભગવાન જ છે.

**સ્તવ્યઃ સ્તવપ્રિયઃ સ્તોત્રં સ્તુતિઃ સ્તોતા રણપ્રિયઃ ।**
**પૂર્ણઃ પૂરયિતા પુણ્યઃ પુણ્યકીર્તિરનામયઃ ॥ ૭૩ ॥**

**૬૭૯. સ્તવ્યઃ** - સ્તુતિ કરવા યોગ્ય. ભગવાનને સત્, ચિત્ અને આનંદ કહ્યા છે. સત્ તત્ત્વનું અનુસંધાન કરનાર ઐશ્વર્ય, ચિત્તનું અનુસંધાન કરનાર જ્ઞાન અને આનંદનું અનુસંધાન કરનાર ભક્તિ પામે છે.
**૬૮૦. સ્તવપ્રિયઃ** - જેમને સ્તુતિ પ્રિય છે એવા ભગવાન.
**૬૮૧. સ્તોત્રમ્** - સ્તોત્ર (ભગવાનનું ગુણકીર્તન) રૂપ.
**૬૮૨. સ્તુતિઃ** - સ્તવનની ક્રિયા.
**૬૮૩. સ્તોતા** - સ્તુતિ કરનાર, ભગવાન સ્તુતિ જ નહિ પણ સ્તવન કરનાર પણ છે.
**૬૮૪. રણપ્રિયઃ** - જેમને યુદ્ધભૂમિ પ્રિય છે એવા.
**૬૮૫. પૂર્ણઃ** - આપ્તકામ, પૂર્ણકામ.
**૬૮૬. પૂરયિતા** - સર્વ કામનાઓને પૂરી કરનાર.
**૬૮૭. પુણ્યઃ** - (i) મૂર્તિમાન પુણ્ય (ii) જેના નામના શ્રવણથી બધાં પાપ નાશ થાય છે.
**૬૮૮. પુણ્યકીર્તિઃ** -પવિત્ર કીર્તિવાળા.
**૬૮૯. અનામયઃ** - વિકારરહિત, રોગરહિત.



**મનોજવસ્તીર્થકરો વસુરેતા વસુપ્રદઃ ।**
**વસુપ્રદો વાસુદેવો વસુર્વસુમના હવિઃ ॥ ૭૪ ॥**

**૬૯૦. મનોજવઃ** - મન સમાન વેગવાળા.
**૬૯૧. તીર્થકરઃ** - (i) તીર્થોના રચનારા (ii) 'તીર્થ' એટલે વિદ્યા. જે બધી વિદ્યાઓનું ઉગમ છે તે.
**૬૯૨. વસુરેતાઃ** - સુવર્ણ જેવા પ્રકાશિત વીર્યવાળા.
**૬૯૩. વસુપ્રદઃ** - (i) શુદ્ધ કાંતિના દાતા (ii) ભક્તો પર શ્રેષ્ઠ સંપત્તિ-મોક્ષ-ના દાતા.
**૬૯૪. વસુપ્રદઃ** - (i) શુદ્ધ ધનના દાતા (ii) દેવોના શત્રુઓની સંપત્તિનો નાશ કરનારા.
**૬૯૫. વાસુદેવઃ** - (i) સર્વના અંતરમાં વાસ કરનાર (ii) વસુદેવના પુત્ર
**૬૯૬. વસુઃ** - (i) પોતામાં સર્વભૂત વસાવનાર (ii) સર્વ ભૂતોમાં પોતે વસનાર.
**૬૯૭. વસુમના** - સર્વ પદાર્થોમાં અને ભક્તના હૃદયમાં વસનાર મનવાળા.
**૬૯૮. હવિઃ** - જે હુતદ્રવ્યરૂપે છે તે.

**સદ્ગતિઃ સત્કૃતિઃ સત્તા સદ્ભૂતિઃ સત્પરાયણઃ ।**
**શૂરસેનો યદુશ્રેષ્ઠઃ સન્નિવાસઃ સુયામુનઃ ॥ ૭૫ ॥**

**૬૯૯. સદ્ગતિઃ** - સ્વરૂપની પ્રાપ્તિ તરફ લઈ જનારી ગતિ.
**૭૦૦. સત્કૃતિઃ** - જેમની કૃતિ એટલે કે વિશ્વ સુંદર છે તે.

<u>અહીં સહસ્રનામનાં ૭૦૦ નામ પૂરાં થાય છે.</u>

**૭૦૧. સત્તા** - સત્તારૂપ, અસ્તિત્વરૂપ.
**૭૦૨. સદ્ભૂતિઃ** - યોગવિભૂતિ, ઉત્તમ વિભૂતિરૂપ.
**૭૦૩. સત્પરાયણઃ** - (i) સત્યપરાયણ (ii) સત્યનો સાક્ષાત્કાર કરીને પવિત્ર માણસોએ પ્રાપ્ત કરવા જેવું ઉચ્ચતમ સ્થાન.
**૭૦૪. શૂરસેનઃ** - (i) શૂરસેન કુળમાં જન્મ લેનાર ભગવાન શ્રીકૃષ્ણ (ii) જેની સેનામાં શૂરા અને પૂરા ભક્તો પ્રવેશ કરી શકે છે તેવા ભગવાન.
**૭૦૫. યદુશ્રેષ્ઠઃ** - યદુકુળમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ.
**૭૦૬. સન્નિવાસઃ** - સત્‌ને સેવતા સંતોના હૃદયમાં જેમનો નિવાસ છે તેવા ભગવાન.
**૭૦૭. સુયામુનઃ** - યમુનાને કિનારે વસતા શ્રીકૃષ્ણ જેમનું બ્રહ્મા અને બીજા દેવોએ પૂજન કર્યું હતું.

**ભૂતાવાસો વાસુદેવઃ સર્વાસુનિલયોઽનલઃ ।**
**દર્પહા દર્પદો દૃપ્તો દુર્ધરોઽપરાજિતઃ ॥ ૭૬ ॥**

**૭૦૮. ભૂતાવાસઃ** - સર્વ પ્રાણીઓ જેમાં નિવાસ કરે છે તે પરબ્રહ્મ.
**૭૦૯. વાસુદેવઃ** - (i) જગતને માયાથી આચ્છાદિત કરનાર (ii) ઐશ્વર્યોથી યુક્ત વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ.
**૭૧૦. સર્વાસુનિલયઃ** - સર્વ પ્રાણીઓનાં નિવાસસ્થાન.
**૭૧૧. અનલઃ** - (i) અગ્નિ (ii) જેની સંપત્તિ અને સત્તાને કોઈ મર્યાદા નથી તે.
**૭૧૨. દર્પહા** - ગર્વનો નાશ કરનાર.
**૭૧૩. દર્પદઃ** - (i) ગર્વ આપનાર - અહીં ગર્વ તેની વિરુદ્ધ શબ્દ સ્વમાનના અર્થમાં લઈ શકાય (ii) ગૌરવ આપનાર
**૭૧૪. દૃપ્તઃ** - નિત્ય આનંદિત.
**૭૧૫. દુર્ધરઃ** - ધ્યાન દ્વારા હૃદયમાં ધારણ કરવા કષ્ટ સાધ્ય.
**૭૧૬. અપરાજિતઃ** - જેને આસક્તિ જેવા આંતરિક શત્રુ અને અસુરો જેવા બાહ્ય શત્રુઓમાંથી કોઈ પણ પરાજિત ન કરી શકે તેવા.

**વિશ્વમૂર્તિર્મહામૂર્તિર્દીપ્તમૂર્તિરમૂર્તિમાન્ ।**
**અનેકમૂર્તિરવ્યક્તઃ શતમૂર્તિઃ શતાનનઃ ॥ ૭૭ ॥**

**૭૧૭. વિશ્વમૂર્તિઃ** - વિશ્વરૂપે સાકાર.
**૭૧૮. મહામૂર્તિઃ** - વિરાટ સ્વરૂપ ભગવાન.
**૭૧૯. દીપ્તમૂર્તિઃ** - પ્રકાશથી જાજવલ્યમાન ભગવાન.
**૭૨૦. અમૂર્તિમાન્** - સર્વ મૂર્તિથી પર એવું અમૂર્ત સ્વરૂપ.
**૭૨૧. અનેકમૂર્તિઃ** - અનેક સ્વરૂપે વ્યક્ત, વિવિધ અવતારો દ્વારા અનેકપણું દર્શાવે છે.
**૭૨૨. અવ્યક્તઃ** - અપ્રગટ, અગોચર.
**૭૨૩. શતમૂર્તિઃ** - અસંખ્ય રૂપવાળા ભગવાન.
**૭૨૪. શતાનનઃ** - અસંખ્ય મુખવાળા ભગવાન.



**એકો નૈકઃ સવઃ કઃ કિં યત્તત્પદમનુત્તમમ્ ।**
**લોકબન્ધુર્લોકનાથો માધવો ભક્તવત્સલઃ ॥ ૭૮ ॥**

**૭૨૫. એકઃ** - એક અને અદ્વિતીય. **૭૨૬. નૈકઃ** - અનેક સ્વરૂપવાળા.
**૭૨૭. સવઃ** - (i) સોમયજ્ઞ, સોમ એટલે મનુષ્યના અંતરતમમાં રહેલું અમૃત (ii) જેમાં સોમ કાઢવામાં આવે તેવો યજ્ઞ.
**૭૨૮. કઃ** - સુખ, આનંદ આપનાર.
**૭૨૯. કિમ્** - શું અથવા વિચારવા યોગ્ય.
**૭૩૦. યત્** - જે અસ્તિત્વ ધરાવે છે તે.
**૭૩૧. તત્** - તે, બ્રહ્મ જે તત્‌થી સંબોધાય છે તે.
**૭૩૨. પદમનુત્તમમ્** - સર્વશ્રેષ્ઠ પદ.
**૭૩૩. લોકબન્ધુઃ** - સર્વ લોકના બંધુ તેમજ સગા અથવા સુહૃદ.
**૭૩૪. લોકનાથઃ** - સર્વ લોકના સ્વામી.
**૭૩૫. માધવઃ** - (i) માયાપતિ, લક્ષ્મીપતિ (ii) 'મધુ'ના કુળમાં જન્મેલા.
**૭૩૬. ભક્તવત્સલઃ** - ભક્તો પ્રત્યે અપાર વાત્સલ્ય દાખવનારા.

**સુવર્ણવર્ણો હેમાઙ્ગો વરાઙ્ગશ્ચન્દનાઙ્ગદી ।**
**વીરહા વિષમઃ શૂન્યો ઘૃતાશીરચલશ્ચલઃ ॥ ૭૯ ॥**

**૭૩૭. સુવર્ણવર્ણઃ** - સુવર્ણ સમાન કાંતિવાળા.
**૭૩૮. હેમાઙ્ગઃ** - સુવર્ણ અંગવાળા.
**૭૩૯. વરાઙ્ગઃ** - શ્રેષ્ઠ અંગવાળા.
**૭૪૦. ચન્દનાઙ્ગદી** - જેમનાં અંગો ચંદનથી વિભૂષિત છે તે.
**૭૪૧. વીરહા** - (i) બળવાન (હિરણ્યાક્ષ જેવા)નો નાશ કરનાર (ii) વિવિધ પ્રેરણાઓને ખતમ કરીને બધીને પોતાનામાં એકત્ર કરનાર.
**૭૪૨. વિષમઃ** - જે વિલક્ષણ છે તે.
**૭૪૩. શૂન્યઃ** - (i) શૂન્યરૂપ (ii) સર્વ રીતે વૃત્તિવિહીન અવસ્થાવાળા
**૭૪૪. ઘૃતાશીઃ** - (i) ઘીનું ભક્ષણ કરનારા (ii) અયાચક (iii) સદૈવ તૃપ્ત (iv) જેના આશીર્વાદ અમોઘ હોય છે તેવા.
**૭૪૫. અચલઃ** - અચ્યુત, કૂટસ્થ.
**૭૪૬. ચલઃ** - (i) ચલન શક્તિરૂપ (ii) જે વાયુ સ્વરૂપે ભ્રમણ કરે છે તે.

**અમાની માનદો માન્યો લોકસ્વામી ત્રિલોકધૃક્ ।**
**સુમેધા મેધજો ધન્યઃ સત્યમેધા ધરાધરઃ ॥ ૮૦ ॥**

**૭૪૭. અમાની** - જેમનામાં માનનો અંશ પણ નથી તે મહદ્ આત્મા.
**૭૪૮. માનદઃ** - ભક્તજનોને માન આપનારા.
**૭૪૯. માન્યઃ** - સર્વ લોકને પૂજ્ય, માનવા યોગ્ય.
**૭૫૦. લોકસ્વામી** - ચૌદ લોકના સ્વામી.
**૭૫૧. ત્રિલોકધૃક્** - ત્રણ લોકને પોતાની અંદર ધારણ કરનારા.
**૭૫૨. સુમેધા** - સુંદર મેધાવાળા.
**૭૫૩. મેધજઃ** - મેધ(યજ્ઞ)માંથી આવિર્ભાવ પામેલા.
**૭૫૪. ધન્યઃ** - ધન્યવાદને પાત્ર, કૃતાર્થ.
**૭૫૫. સત્યમેધાઃ** - સત્યપરાયણ પ્રજ્ઞાવાળા.
**૭૫૬. ધરાધરઃ** - આદિશેષ જેવા અંશથી ધરા (પૃથ્વી)ને ધારણ કરવાવાળા.

**તેજોવૃષો દ્યુતિધરઃ સર્વશસ્ત્રભૃતાં વરઃ ।**
**પ્રગ્રહો નિગ્રહો વ્યગ્રો નૈકશૃઙ્ગો ગદાગ્રજઃ ॥ ૮૧ ॥**

**૭૫૭. તેજોવૃષઃ** - સૂર્ય રૂપે તેજની તથા જળની વર્ષા કરનારા.
**૭૫૮. દ્યુતિધરઃ** - કાંતિને ધારણ કરનારા.
**૭૫૯. સર્વશસ્ત્રભૃતાં વરઃ** - સર્વ શસ્ત્રોને ધારણ કરનારા અને તેમનો શ્રેષ્ઠ ઉપયોગ કરી જાણનારા.
**૭૬૦. પ્રગ્રહઃ** - (i) સુદઢપણે અને ભાવપૂર્વક ભક્તોના નૈવેદ્યને ગ્રહણ કરનાર (ii) જંગલી ઘોડાઓ જેવી ઈન્દ્રિયોને કાબૂમાં રાખનાર લગામ જેવા.
**૭૬૧. નિગ્રહઃ** - વશ રાખનાર, સ્વતંત્ર અને નિઃસ્પૃહ.
**૭૬૨. વ્યગ્રઃ** - (i) ભક્તોની પ્રાર્થનાઓને માન્ય કરવા માટે ખૂબ સાવધાન, વ્યગ્રચિત્ત (ii) જેને કોઈ છેડો (અગ્ર) નથી તેવા.
**૭૬૩. નૈકશૃઙ્ગઃ** -(i) અનેક શૃંગ (શિખર-શિંગડાં)વાળા (ii) ચાર શિંગડાંવાળા વૃષભરૂપી તે.
**૭૬૪. ગદાગ્રજઃ** - ગદ્(વાણી)થી અગ્રે જનારા પ્રકાશરૂપ.



**ચતુર્મૂર્તિશ્ચતુર્બાહુશ્ચતુર્વ્યૂહશ્ચતુર્ગતિઃ ।**
**ચતુરાત્મા ચતુર્ભાવશ્ચતુર્વેદવિદેકપાત્ ॥ ૮૨ ॥**

**૭૬૫. ચતુર્મૂર્તિઃ** - (i) ચતુર્વિધ (વિરાટ, સૂત્રાત્મા, અવ્યક્ત અને તુરીય) રૂપવાળા (ii) સફેદ, લાલ, પીળા અને કાળા ચાર શિંગડાંવાળા.
**૭૬૬. ચતુર્બાહુઃ** - ચાર ભુજાવાળા.
**૭૬૭. ચતુર્વ્યૂહઃ** - ચાર વ્યૂહ(આવિર્ભાવ)વાળા (વ્યૂહસ્વરૂપના ચાર પ્રકાર : (i) સ્વયંવ્યક્ત (ii) દિવ્ય (iii) સૈદ્ધ (iv) માનુષ)
**૭૬૮. ચતુર્ગતિઃ** - ચાર આશ્રમ અને ચાર વર્ણ એમ ચાર પ્રકારની ગતિવાળા. ચાર પ્રકારની ગતિ જરાયુજ(પશુ), અંડજ(પક્ષી), સ્વેદજ (જીવજંતુ) અને ઉદ્ભિજ્જ(વનસ્પતિ) પણ ગણાય છે.
**૭૬૯. ચતુરાત્મા** - ચાર રૂપવાળા (પ્રાણીમાં (i) વૈશ્વાનર રૂપે, બ્રહ્માંડમાં (ii) હિરણ્યગર્ભ રૂપે અને (iii) અન્તર્યામી તથા (iv) ઈશ્વર રૂપે)
**૭૭૦. ચતુર્ભાવઃ** - ચતુર્વિધ ભાવયુક્ત. ચાર ભાવ - (i) દાસ્ય (ii) સખ્ય (iii) વાત્સલ્ય અને (iv) મધુર.
**૭૭૧. ચતુર્વેદવિત્** - ચારેય વેદના જ્ઞાતા
**૭૭૨. એકપાત્** - (i) જે ચતુર્વિધ મૂર્તિ, બાહુ, વ્યૂહ, ગતિ, આત્મા અને ભાવનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તે ભગવાનના માત્ર એક જ અંશને વ્યક્ત કરે છે. ગીતામાં ભગવાનનું વચન છે કે : 'એકાંશેન સ્થિતો જગત્ ।' (ગીતા ૧૦-૪૨) (ii) જેને એક જ પગ છે તેવા.

**એકોઽપિ કૃષ્ણસ્ય કૃતઃ પ્રણામો દશાશ્વમેધાવભૃથેન તુલ્યઃ ।**
**દશાશ્વમેધી પુનરેતિ જન્મ કૃષ્ણપ્રણામી ન પુનર્ભવાય ॥**

શ્રીકૃષ્ણને કરેલા એક સાષ્ટાંગ પ્રણામ દસ અશ્વમેધ યજ્ઞોના અવભૃથ સ્નાન બરાબર છે. જે મનુષ્યે દસ અશ્વમેધ યજ્ઞ કર્યા હશે તેને ફરીથી જન્મ લેવો પડે છે પણ શ્રીકૃષ્ણને સાષ્ટાંગ પ્રણામ કરનારને જન્મ લેવો પડતો નથી, તેનો મોક્ષ થઈ જાય છે. **- શાંતિ પર્વ**

**સમાવર્તોઽનિવૃત્તાત્મા દુર્જયો દુરતિક્રમઃ ।**
**દુર્લભો દુર્ગમો દુર્ગો દુરાવાસો દુરારિહા ॥ ૮૩ ॥**

૭૭૩. **સમાવર્તઃ** - સમસ્ત વિશ્વ(સંસાર)ને સરખી રીતે ઘુમાવનાર.
૭૭૪. **અનિવૃત્તાત્મા** - (i) સ્વતંત્ર ઉપસ્થિત (ii) જેનું મન બધા ઈન્દ્રિય-પદાર્થોમાંથી પાછું ફરેલું છે તેવા.
૭૭૫. **દુર્જયઃ** - કષ્ટસાધ્ય, જીતી ન શકાય તેવા.
૭૭૬. **દૂરતિક્રમઃ** - જેનું અતિક્રમણ ન થઈ શકે તેવા, જેનું કદી ઉલ્લંઘન ન થઈ શકે તેવા.
૭૭૭. **દુર્લભઃ** - સહેલાઈથી પ્રાપ્ત ન થઈ શકે તેવા પરમાત્મા.
૭૭૮. **દુર્ગમઃ** - (i) અગમ્ય (ii) પ્રાપ્ત કરવા મુશ્કેલ છે તેવા.
૭૭૯. **દુર્ગઃ** - વિભિન્ન અવરોધોને લીધે જેની પ્રાપ્તિ મુશ્કેલ બની છે તેવા.
૭૮૦. **દૂરાવાસઃ** - યોગીઓ માટે પણ સમાધિમાં જેમને પોતાના હૃદયમાં વસાવવા ખૂબ મુશ્કેલ છે તે.
૭૮૧. **દુરારિહા** - દુષ્ટ વૃત્તિઓનો નાશ કરનાર.

**શુભાઙ્ગો લોકસારઙ્ગઃ સુતન્તુસ્તન્તુવર્ધનઃ ।**
**ઈન્દ્રકર્મા મહાકર્મા કૃતકર્મા કૃતાગમઃ ॥ ૮૪ ॥**

૭૮૨. **શુભાઙ્ગઃ** - જેમનાં પ્રત્યેક અંગ શુભ છે તેવા.
૭૮૩. **લોકસારઙ્ગઃ** - (i) સારંગ-મધમાખી-ની માફક સૃષ્ટિના સારને જે ગ્રહણ કરે છે તે (ii) ત્રણેય લોકના સારને જે બ્રહ્મની જેમ ગ્રહણ કરે છે તે.
૭૮૪. **સુતન્તુઃ** - (i) સ્નેહના અને સૌન્દર્યના તંતુરૂપ (ii) જે અનંત એવા આ વિશ્વના અધિપતિ છે તે.
૭૮૫. **તન્તુવર્ધનઃ** - આ જગતની કરોળિયાના જાળાની માફક તંતુની વૃદ્ધિ કરનાર.
૭૮૬. **ઇન્દ્રકર્મા** - વજ્ર પ્રહારથી મહા અસુર વૃત્રનો નાશ કરનાર ઈન્દ્ર જેવા પરાક્રમી.
૭૮૭. **મહાકર્મા** - મહાન કાર્યોના કરવાવાળા.
૭૮૮. **કૃતકર્મા** - (i) જેનાં સર્વ કર્મો કૃતાર્થી થયાં છે તે (ii) જેણે કર્મ ધર્મ રૂપે આચર્યાં છે તેવા.
૭૮૯. **કૃતાગમઃ** - ‘આગમ’ - વેદોના કર્તા.



**ઉદ્ભવઃ સુન્દરઃ સુન્દો રત્નનાભઃ સુલોચનઃ ।**
**અર્કો વાજસનઃ શૃઙ્ગી જયન્તઃ સર્વવિજ્જયી ॥ ૮૫ ॥**

૭૯૦. **ઉદ્ભવઃ** - સમસ્ત વિશ્વનું પ્રભવસ્થાન, આદિકારણ.
૭૯૧. **સુંદરઃ** - દરેકને આશ્ચર્ય પમાડતા સુંદર સ્વરૂપવાળા.
૭૯૨. **સુન્દઃ** - કરુણાવાન, સુંદરની સાથે કરુણાવાન પણ છે તે.
૭૯૩. **રત્નનાભઃ** - જેની નાભિ રત્ન જેવી ઉજ્જ્વલ અને પ્રકાશિત છે તે.
૭૯૪. **સુલોચનઃ** - જેમનાં નેત્રો સુંદર છે તેવા ભગવાન.
૭૯૫. **અર્કઃ** - (i) સૂર્ય (ii) સર્વોત્તમ સારતત્ત્વ.
૭૯૬. **વાજસનઃ** - (i) આત્મપ્રકાશના દાતા (ii) જે તેને ભજે છે તેને ‘વાજમ્’ (ભોજન) આપનાર.
૭૯૭. **શૃઙ્ગીઃ** - શિંગવાળો મત્સ્યાવતાર.
૭૯૮. **જયંતઃ** - (i) વિજેતા (ii) શત્રુ પર વિજય મેળવવાના કારણરૂપ.
૭૯૯. **સર્વવિજ્જયી** - (i) સર્વને જીતનારા (ii) સર્વજ્ઞ.

**સુવર્ણબિન્દુરક્ષોભ્યઃ સર્વવાગીશ્વરેશ્વરઃ ।**
**મહાહ્રદો મહાગર્તો મહાભૂતો મહાનિધિઃ ॥ ૮૬ ॥**

૮૦૦. **સુવર્ણબિન્દુઃ** - સુવર્ણ સમાન શુદ્ધ અને કાન્તિમાન ‘બિન્દુ’-અંગવાળા.

અહીં સહસ્રનામનાં ૮૦૦ નામ પૂરાં થાય છે.

૮૦૧. **અક્ષોભ્યઃ** - ક્ષોભ ન પામનારા, અવિકારી.
૮૦૨. **સર્વવાગીશ્વરેશ્વરઃ** - સર્વ વાણીના ઈશ્વર.
૮૦૩. **મહાહ્રદઃ** - (i) મહાન સરોવરરૂપ (ii) ઊંડા ખાડાની માફક જેની માયાને ઓળંગવી મુશ્કેલ છે તેવા.
૮૦૪. **મહાગર્તઃ** - (i) વિલય અવસ્થા (ii) શૂન્યાવસ્થા.
૮૦૫. **મહાભૂતઃ** - (i) નિત્યરૂપ (ii) ત્રણેય કાળથી પર એવું ભગવદ્સ્વરૂપ.
૮૦૬. **મહાનિધિઃ** - જેમાં સર્વ લોક નિવાસ કરી રહ્યા છે તે.

**કુમુદઃ કુન્દરઃ કુન્દઃ પર્જન્યઃ પાવનોઽનિલઃ ।**
**અમૃતાશોઽમૃતવપુઃ સર્વજ્ઞઃ સર્વતોમુખઃ ॥ ૮૭ ॥**

૮૦૭. **કુમુદઃ** - સર્વને આનંદ આપનાર.
૮૦૮. **કુન્દરઃ** - 'કુ' એટલે પૃથ્વી. તેને બચાવનાર કુન્દર એટલે સ્વયં વરાહ ભગવાન.
૮૦૯. **કુન્દઃ** - (i) સ્ફટિક જેવા નિર્મળ, સ્વચ્છ અંગોવાળા (ii) 'કુન્દ' મોગરાના ફૂલ જેવાં સુંદર અંગોવાળા.
૮૧૦. **પર્જન્યઃ** - (i) મેઘની માફક બધી કામનાઓ પૂરી કરનાર (ii) ત્રિવિધ તાપોનો નાશ કરનાર પ્રભુકૃપા.
૮૧૧. **પાવનઃ** - (i) પવનની જેમ શુદ્ધ કરનારા (ii) નામસ્મરણથી પતિતને પાવન કરનારા, તેનો ઉદ્ધાર કરનારા.
૮૧૨. **અનિલઃ** - (i) શુદ્ધ વાયુરૂપ (ii) જે કોઈ પણ પ્રકારના પ્રેરક હેતુ વગરના છે તે.
૮૧૩. **અમૃતાશઃ** - ક્ષીરસાગરમાંથી નીકળેલ અમૃતનું પાન કરનારા.
૮૧૪. **અમૃતવપુઃ** - (i) ચૈતન્ય સ્વરૂપ (ii) જેનો દેહ અમર છે તેવા.
૮૧૫. **સર્વજ્ઞઃ** - સર્વને એકીકાળે જાણનાર.
૮૧૬. **સર્વતોમુખઃ** - સર્વ તરફ મુખવાળા, ગીતામાં ભગવાનને સર્વ તરફ આંખો, મસ્તક અને મુખવાળા કહ્યા છે.

**સુલભઃ સુવ્રતઃ સિદ્ધઃ શત્રુજિત્શત્રુતાપનઃ ।**
**ન્યગ્રોધોદુમ્બરોઽશ્વત્થશ્ચાણૂરાન્ધ્રનિષૂદનઃ ॥ ૮૮ ॥**

૮૧૭. **સુલભઃ** - સહજ પ્રાપ્ત એવા.
૮૧૮. **સુવ્રતઃ** - (i) ઉત્તમ વ્રતરૂપ (ii) ઉત્તમ વ્રતોનું પાલન કરનારા.
૮૧૯. **સિદ્ધઃ** - પૂર્ણકામ, આપ્તકામ. ૮૨૦. **શત્રુજિત્** - શત્રુને જીતનારા.
૮૨૧. **શત્રુતાપનઃ** - (i) શત્રુને તાપ-સંતાપ - આપનારા (ii) બધાં અનિષ્ટ બળોના વિજેતા.
૮૨૨. **ન્યગ્રોધઃ** - (i) વડ (ii) વડના પાનમાં પોઢનાર ભગવાનનું સ્મરણ (iii) સમગ્ર સૃષ્ટિના ઉગમ.
૮૨૩. **ઉદુમ્બરઃ** - (i) ઉમરડાનું વૃક્ષ (ii) 'ઉદમ્બરમ્'નો અર્થ અન્ન થાય છે. આખા વિશ્વનું અન્ન દ્વારા પોષણ કરે છે તે.
૮૨૪. **અશ્વત્થઃ** - (i) પીપળો (ii) પીપળા જેવા અવિનાશી.
૮૨૫. **ચાણૂરાન્ધ્રનિષૂદનઃ** - (i) ચાણૂર મલ્લનો નાશ કરનાર (ii) મોહમુગ્ધ પ્રાણીઓને હણી નાખી તેમને કાલાતીત પદમાં સ્થાપનાર.



**સહસ્રાર્ચિઃ સપ્તજિહ્વઃ સપ્તૈધાઃ સપ્તવાહનઃ ।**
**અમૂર્તિરનઘોઽચિન્ત્યો ભયકૃદ્-ભયનાશનઃ ॥ ૮૯ ॥**

૮૨૬. **સહસ્રાર્ચિઃ** - સહસ્ર-અનેક- કિરણોવાળા.
૮૨૭. **સપ્તજિહ્વઃ** - અગ્નિરૂપમાં સાત જીભોવાળા.
૮૨૮. **સપ્તૈધાઃ** - (i) સાત એધ(ઈંધણ)થી ભક્ષણ કરવાવાળા (ii) સર્વભક્ષી.
૮૨૯. **સપ્તવાહનઃ** - જેમને સૂર્યના સાત અશ્વરૂપી વાહન છે તે.
૮૩૦. **અમૂર્તિઃ** - (i) અમૂર્ત બ્રહ્મ (ii) મૂર્તિ (શરીર અને અવયવો) રહિત નિરાકાર અવ્યક્ત પદ.
૮૩૧. **અનઘઃ** - (i) દોષ અને પાપથી રહિત (ii) વિકારોથી રહિત નિર્વિકાર બ્રહ્મ.
૮૩૨. **અચિન્ત્યઃ** - અતર્ક્યરૂપ, ચિંતનથી પર.
૮૩૩. **ભયકૃત્** - (i) ભયને ઉપજાવનાર (ii) જે ભયના મૂળને કાપી નાખે છે તે.
૮૩૪. **ભયનાશનઃ** - સજ્જનોના ભયનો નાશ કરનારા.

**અણુર્બૃહત્કૃશઃ સ્થૂલો ગુણભૃન્નિર્ગુણો મહાન્ ।**
**અધૃતઃ સ્વધૃતઃ સ્વાસ્યઃ પ્રાગ્વંશો વંશવર્ધનઃ ॥ ૯૦ ॥**

૮૩૫. **અણુઃ** - અણુ જેવા સૂક્ષ્મ.
૮૩૬. **બૃહત્** - સર્વથી વધુ વિશાળ અને શક્તિમાન.
૮૩૭. **કૃશઃ** - અભૌતિક ચૈતન્ય. ૮૩૮. **સ્થૂલઃ** - બધાની અંદર પ્રસરેલો છે તે.
૮૩૯. **ગુણભૃત્** - ત્રણે ગુણોના આધાર.
૮૪૦. **નિર્ગુણઃ** - જેનામાં પ્રકૃતિના ગુણો નથી તે.
૮૪૧. **મહાન્** - (i) માહાત્મ્યવાળા. (ii) જે શાશ્વત, નિશુદ્ધ અને સર્વવ્યાપક મહાન છે તે.
૮૪૨. **અધૃતઃ** - કોઈનાથી પણ ધારણ ન કરી શકાય તેવા.
૮૪૩. **સ્વધૃતઃ** - (i) સ્વસ્વરૂપને ધારણ કરનારા (ii) વ્યષ્ટિ સ્વરૂપ અને સમષ્ટિ સ્વરૂપ.
૮૪૪. **સ્વાસ્યઃ** - (i) જેમનું વદન સુંદર અને કમળના ફૂલની અંદરની બાજુ જેવું જરા લાલ છે તે. (ii) મનુષ્યને જીવનનાં મૂળભૂત મૂલ્યો સમજાવવા માટે જેના મુખમાંથી વેદનો ઘોષ નીકળે છે તે.
૮૪૫. **પ્રાગ્વંશઃ** - જેમાંથી આ સમગ્ર વિશ્વ આવિર્ભૂત થયું છે તે આદિનારાયણ.
૮૪૬. **વંશવર્ધનઃ** - વંશવૃદ્ધિ કરનાર.

**ભારભૃત્કથિતો યોગી યોગીશઃ સર્વકામદઃ ।**
**આશ્રમઃ શ્રમણઃ ક્ષામઃ સુપર્ણો વાયુવાહનઃ ॥ ૯૧ ॥**

૮૪૭. **ભારભૃત્** - અનન્ત રૂપ ધરીને પૃથ્વીનો ભાર વહન કરનાર.
૮૪૮. **કથિતઃ** - જેમનો યશ સર્વત્ર ગવાઈ રહ્યો છે તે.
૮૪૯. **યોગી** - (i) યોગી સ્વરૂપ (ii) જે સદા પોતાના સ્વરૂપમાં જ મગ્ન રહે છે તે. ૮૫૦. **યોગીશઃ** - યોગીઓના પણ સ્વામી.
૮૫૧. **સર્વકામદઃ** - સમસ્ત ઈચ્છાઓ પૂરી કરનાર.
૮૫૨. **આશ્રમઃ** - સંસારરૂપી જંગલમાં ભમતા સંસારીઓનું પરમ વિશ્રામસ્થાન
૮૫૩. **શ્રમણઃ** - (i) તપસ્વી (ii) વિવેક વગર જીવતા લોકોની સખત તાવણી કરનાર.
૮૫૪. **ક્ષામઃ** - જે બધાં પ્રાણીઓ - કર્મો - ને ક્ષીણ કરે છે તે.
૮૫૫. **સુપર્ણઃ** - (i) સુંદર પાંખોવાળા, ગરુડ (ii) છંદો (વેદો)રૂપી શ્રેષ્ઠ પાંદડાં (પર્ણ) ધરાવતા સંસારવૃક્ષ રૂપે જે પ્રગટ થયા છે તે.
૮૫૬. **વાયુવાહનઃ** - (i) વાયુને લઈ જનાર (ii) વાયુનું વહન કરનાર.

**ધનુર્ધરો ધનુર્વેદો દણ્ડો દમયિતા દમઃ ।**
**અપરાજિતઃ સર્વસહો નિયન્તાઽનિયમોઽયમઃ ॥ ૯૨ ॥**

૮૫૭. **ધનુર્ધરઃ** - (i) શારઙ્ગ ધનુષ્યને ધારણ કરનાર, શારઙ્ગપાણિ (ii) શ્રીરામની માફક ધનુષ્ય ધારણ કરનાર.
૮૫૮. **ધનુર્વેદઃ** - (i) ધનુર્વિદ્યાનો ઉપવેદ (ii) દશરથના પુત્ર શ્રીરામની માફક ધનુર્વિદ્યાના સ્વામી.
૮૫૯. **દણ્ડઃ** - પાપીને દમન કરનારા.
૮૬૦. **દમયિતા** - (i) દમનમાં રાખનાર (ii) અંકુશમાં રાખનાર.
૮૬૧. **દમઃ** - માત્ર અંકુશમાં રાખનાર જ નહીં, અંકુશસ્વરૂપ પણ.
૮૬૨. **અપરાજિતઃ** - કોઈથી પણ પરાજિત ન થઈ શકે એવા.
૮૬૩. **સર્વસહઃ** - સર્વ કંઈ સહન કરી શકનાર.
૮૬૪. **નિયન્તા** - દરેક જણને તેની ફરજ પ્રત્યે નિયમમાં રાખનાર.
૮૬૫. **અનિયમઃ** - પોતે જ નિયંતા હોવાથી પોતાને માટે કોઈ નિયમ કે નિયંત્રણ નથી તેવા.
૮૬૬. **અયમઃ** - (i) જેને કોઈ સંયમમાં રાખી શકે તેમ નથી તે (ii) જેને યમ એટલે મૃત્યુ નથી તે.



**સત્ત્વવાન્ સાત્ત્વિકઃ સત્યઃ સત્યધર્મપરાયણઃ ।**
**અભિપ્રાયઃ પ્રિયાર્હોઽર્હઃ પ્રિયકૃત્પ્રીતિવર્ધનઃ ॥ ૯૩ ॥**

૮૬૭. **સત્ત્વવાન્** - સત્ત્વશીલ, જેનામાં સત્ત્વ (પ્રાણ), બળ અને ઉત્કર્ષની શક્તિ રહેલાં છે તે.
૮૬૮. **સાત્ત્વિકઃ** - સર્વ રીતે સત્ત્વગુણમય છે તે.
૮૬૯. **સત્યઃ** - જે ત્રણેય કાળમાં એક સ્વરૂપે પ્રકાશે છે તે.
૮૭૦. **સત્યધર્મપરાયણઃ** - સત્ય અને ધર્મ બંનેમાં પરાયણ રહેનાર.
૮૭૧. **અભિપ્રાયઃ** - (i) ઈચ્છા-વિશેષ (ii) અંતિમ પુરુષાર્થ કરનારા વડે જ પ્રાપ્ત થનાર (iii) પ્રલય સમયે જેમાં વિશ્વ લય પામે છે તે.
૮૭૨. **પ્રિયાર્હઃ** - પ્રિય અને પૂજવા યોગ્ય.
૮૭૩. **અર્હઃ** - પૂજનીય. ૮૭૪. **પ્રિયકૃત્** - પ્રિય-શ્રેય કરનાર.
૮૭૫. **પ્રીતિવર્ધનઃ** - પ્રતિદિન ભક્તોના પ્રેમ-ભાવને વધારનારા.

**વિહાયસગતિર્જ્યોતિઃ સુરુચિર્હુતભુગ્વિભુઃ ।**
**રવિર્વિરોચનઃ સૂર્યઃ સવિતા રવિલોચનઃ ॥ ૯૪ ॥**

૮૭૬. **વિહાયસગતિઃ** - (i) સૂર્યની માફક આકાશ(વિહાયસ)માં ગતિ કરનાર (ii) મહાન(વિહાયસ) ગતિ (iii) આકાશચારી પક્ષી (વિહાયસ)
૮૭૭. **જ્યોતિઃ** - સ્વયં પ્રકાશરૂપ, આત્મા.
૮૭૮. **સુરુચિઃ** - જે અત્યંત સુંદર છે, દીપ્તિમાન છે અને હૃદયને ગમી જાય તેવા છે તે.
૮૭૯. **હુતભુક્** - જે કંઈ હોમવામાં આવે તેનો ઉપભોગ કરે છે તે.
૮૮૦. **વિભુઃ** - (i) સર્વવ્યાપી (ii) ત્રણે લોકના સ્વામી.
૮૮૧. **રવિઃ** - (i) સ્તવનપાત્ર (ii) સૂર્ય રૂપે બધા રસોને ગ્રહણ કરનાર.
૮૮૨. **વિરોચનઃ** - (i) વિશેષ રુચિ ઉત્પન્ન કરનાર (ii) પ્રકાશદાતા.
૮૮૩. **સૂર્યઃ** - (i) જે આકાશમાં સરે છે તે (ii) લોકસમુદાયને કર્મમાં પ્રેરે છે તે.
૮૮૪. **સવિતા** - સર્વ લોકનો જેમનામાંથી પ્રસવ(ઉત્પત્તિ) થાય છે તે ભગવાન.
૮૮૫. **રવિલોચનઃ** - જેનું લોચન(આંખ) રવિ(સૂર્ય) છે તે.

**અનન્તો હુતભુગ્ભોક્તા સુખદો નૈકજોઽગ્રજઃ ।**
**અનિર્વિણ્ણઃ સદામર્ષી લોકાધિષ્ઠાનમદ્ભુતઃ ॥ ૯૫ ॥**

**૮૮૬. અનંતઃ** - (i) જેનો અંત નથી એવું અવિનાશી તત્ત્વ (ii) જેનો પાર નથી એવું અસંખ્યવિધ પ્રાગટ્ય.
**૮૮૭. હુતભુક્** - (i) યજ્ઞમાં હોમેલા દ્રવ્યનો સ્વીકાર કરનાર (ii) અગ્નિ.
**૮૮૮. ભોક્તા** - (i) ભોગવનાર (ii) રક્ષણ કરનાર.
**૮૮૯. સુખદઃ** - મોક્ષરૂપી સુખ આપનાર.
**૮૯૦. નૈકજઃ** - અનેક જન્મ (અવતાર) ધારણ કરનારા.
**૮૯૧. અગ્રજઃ** - સૌથી પ્રથમ જન્મ ધારણ કરનાર - હિરણ્યગર્ભ (વિષ્ણુ).
**૮૯૨. અનિર્વિણ્ણઃ** - જેને નિર્વેદ અથવા ખેદ નથી તે.
**૮૯૩. સદામર્ષી** - સજ્જનો તરફ સદા સહનશીલ.
**૮૯૪. લોકાધિષ્ઠાનમ્** - સર્વ લોકના આધારસ્વરૂપ.
**૮૯૫. અદ્ભુતઃ** - (i) વિસ્મયકારક (ii) જેનાં સ્વરૂપ, સામર્થ્ય, કર્મો અને સિદ્ધિઓ વિસ્મયકારક છે તેવા.

**સનાત્સનાતનતમઃ કપિલઃ કપિરવ્યયઃ ।**
**સ્વસ્તિદઃ સ્વસ્તિકૃત્ સ્વસ્તિ સ્વસ્તિભુક્ સ્વસ્તિદક્ષિણઃ ॥ ૯૬ ॥**

**૮૯૬. સનાત્** - (i) નિત્ય (ii) આવાગમનથી પર.
**૮૯૭. સનાતનતમઃ** - સનાતનોમાં પણ સર્વોત્તમ.
**૮૯૮. કપિલઃ** - (i) સાંખ્યકર્તા કપિલમુનિ (ii) આછા લાલ રંગના અગ્નિ (કપિલ)રૂપ.
**૮૯૯. કપિઃ** - (i) પ્રાણશક્તિ (ii) 'ક'-જળનું શોષણ કરનાર સૂર્યરૂપ (iii) વરાહરૂપ.
**૯૦૦. અવ્યયઃ** - જેનામાં સમગ્ર વિશ્વ પ્રલયમાં વિલીન થાય છે તે.

<u>અહીં સહસ્રનામનાં ૯૦૦ નામ પૂરાં થાય છે.</u>

**૯૦૧. સ્વસ્તિદઃ** - કલ્યાણદાતા.
**૯૦૨. સ્વસ્તિકૃત્** - સર્વનું કલ્યાણ કરનારા.
**૯૦૩. સ્વસ્તિ** - મંગલસ્વરૂપ, મંગલાયતન એટલે કે મંગળના નિવાસસ્થાન.
**૯૦૪. સ્વસ્તિભુક્** - મંગળનો આસ્વાદ લેનારા.
**૯૦૫. સ્વસ્તિદક્ષિણઃ** - કલ્યાણ કરવામાં જે સદા તત્પર અને ઉદાર છે તે.



**અરૌદ્રઃ કુણ્ડલી ચક્રી વિક્રમ્યૂર્જિતશાસનઃ ।**
**શબ્દાતિગઃ શબ્દસહઃ શિશિરઃ શર્વરીકરઃ ॥ ૯૭ ॥**

**૯૦૬. અરૌદ્રઃ** - જે રુદ્ર અથવા તો ભીષણ કે ભયંકર નથી તે.
**૯૦૭. કુણ્ડલી** - (i) કુંડલ ધારણ કરનાર (ii) જેણે આદિશેષનું રૂપ લીધું છે તે (iii) સૂર્ય સમાન દેદીપ્યમાન સ્વરૂપવાળા (iv) સાંખ્ય અને યોગ જેના બંને કાનનાં આભૂષણ છે તે (v) જે માછલી જેવાં કાનનાં લટકણિયાં ધરાવે છે તે.
**૯૦૮. ચક્રી** - સુદર્શન ચક્ર ધારણ કરનાર.
**૯૦૯. વિક્રમી** - અતુલ પરાક્રમ કરનાર.
**૯૧૦. ઉર્જિતશાસનઃ** - (i) તેજોમય (ii) ઊર્ધ્વ અવસ્થાનું નિયમન કરનારા.
**૯૧૧. શબ્દાતિગઃ** - શબ્દ એટલે કે વાણીથી જે પર છે તે.
**૯૧૨. શબ્દસહઃ** - (i) શબ્દ બ્રહ્મરૂપ (ii) વાણીથી પર હોવાથી જે શબ્દ સહન કરે તેવા.
**૯૧૩. શિશિરઃ** - (i) શિશિર ઋતુ (ii) સંસારનાં ત્રિવિધ તાપોમાં તપતા લોકોના તાપના શામક.
**૯૧૪. શર્વરીકરઃ** - મહાનિશાના કર્તા જે બંધનમાં છે, સંસારી છે, તેનો આત્મા શર્વરી(રાત્રિ)માં છે. જે પ્રબુદ્ધ છે તેમને માટે સંસાર શર્વરી (રાત્રિ) છે, આ બંને માટે જે રાત્રિનું નિર્માણ કરે છે તે.

**અક્રૂરઃ પેશલો દક્ષો દક્ષિણઃ ક્ષમિણાં વરઃ ।**
**વિદ્વત્તમો વીતભયઃ પુણ્યશ્રવણકીર્તનઃ ॥ ૯૮ ॥**

**૯૧૫. અક્રૂરઃ** - જે ક્રૂર કે ઘાતકી નથી તે.
**૯૧૬. પેશલઃ** - જે સુંદર, કોમળ છે તે.
**૯૧૭. દક્ષઃ** - બધી જ વિદ્યાઓમાં જે નિપુણ છે તે.
**૯૧૮. દક્ષિણઃ** - બધી જ વિદ્યાઓમાં કુશળ છે તે.
**૯૧૯. ક્ષમિણાં વરઃ** - (i) ક્ષમા કરનારાઓમાં શ્રેષ્ઠ (ii) 'ક્ષમી' એટલે બળવાન લઈએ તો બળવાનોમાં શ્રેષ્ઠ.
**૯૨૦. વિદ્વત્તમઃ** - (i) વિદ્વાનોમાં શ્રેષ્ઠ (ii) બધી જ વિદ્યાઓના સ્વામી
**૯૨૧. વીતભયઃ** - જે ભયરહિત છે તે.
**૯૨૨. પુણ્યશ્રવણકીર્તનઃ** - જેમનું શ્રવણ અને કીર્તન પાવનકારી છે તે.

**ઉત્તારણો દુષ્કૃતિહા પુણ્યો દુઃસ્વપ્નનાશનઃ ।**
**વીરહા રક્ષણઃ સંતો જીવનઃ પર્યવસ્થિતઃ ॥ ૯૯ ॥**

૯૨૩. **ઉત્તારણઃ** - ભવસાગરથી પાર ઉતારનારા.
૯૨૪. **દુષ્કૃતિહા** - દુષ્કૃત્યોનો નાશ કરનાર.
૯૨૫. **પુણ્યઃ** - (i) વેદો અને સ્મૃતિ દ્વારા જેણે પવિત્રનું દર્શન કરાવ્યું છે તે (ii) તેનું સ્મરણ કે પૂજા કરનારને જે પવિત્ર કરે છે તે.
૯૨૬. **દુઃસ્વપ્નનાશનઃ** - ભયાનક સ્વપ્નોનો નાશ કરી ભક્તોને બચાવનાર.
૯૨૭. **વીરહા** - (i) અહંકારનો નાશ કરનાર (ii) જીવોનાં બંધનો તોડી તેમને મુક્ત કરનાર.
૯૨૮. **રક્ષણઃ** - જીવના કલ્યાણનું સંરક્ષણ કરનાર.
૯૨૯. **સન્તઃ** - (i) જેનામાં સત્ તત્ત્વ રહ્યું છે તે (ii) આધ્યાત્મિક શ્રેષ્ઠતા અને સદાચારના ફેલાવા માટે 'સંત' રૂપે પ્રગટ થાય છે તે (iii) સત્ પુરુષોનો સમૂહ 'સત્'નું બહુવચન.
૯૩૦. **જીવનઃ** - સૌ કોઈને જીવન્ત રાખનાર પરમ ચૈતન્ય.
૯૩૧. **પર્યવસ્થિતઃ** - ચારે તરફ વિશ્વમાં વ્યાપ્ત થઈને રહેલા.

**અનંતરૂપોઽનન્તશ્રી-ર્જિતમન્યુર્ભયાપહઃ ।**
**ચતુરસ્રો ગભીરાત્મા વિદિશો વ્યાદિશો દિશઃ ॥ ૧૦૦ ॥**

૯૩૨. **અનન્તરૂપઃ** - જેમનું અનન્તરૂપ છે તે.
૯૩૩. **અનન્તશ્રીઃ** - જેમની વિભૂતિ અનંત છે તે.
૯૩૪. **જિતમન્યુઃ** - જેણે ક્રોધને જીત્યો છે તે.
૯૩૫. **ભયાપહઃ** - ભયનો નાશ કરનારા.
૯૩૬. **ચતુરસ્રઃ** - (i) જેનાં વિશેષ ચાર નિવાસસ્થાન નાભિ, હૃદય, ભ્રૂમધ્ય અને મસ્તક છે તે (ii) જીવોને તેમનાં કર્મોનાં ફળ ન્યાય પ્રમાણે આપનાર.
૯૩૭. **ગભીરાત્મા** - જેનો આત્મા અગાધ છે તે.
૯૩૮. **વિદિશઃ** - (i) દિશાઓ અને ખૂણાઓના નિયામક (ii) પાત્રતા પ્રમાણે લોકોને તેમનાં કર્મોનાં વિવિધ ફળ આપનારા.
૯૩૯. **વ્યાદિશઃ** - જે વિશેષરૂપે આજ્ઞા કરે છે અને જગતને પોતપોતાનાં કર્મોમાં નિયોજિત કરે છે તે.
૯૪૦. **દિશઃ** - (i) દિશારૂપ (ii) વેદ રૂપે લોકોને કર્મકાંડ પ્રમાણે ફળના દાતા



**અનાદિર્ભૂર્ભુવો લક્ષ્મીઃ સુવીરો રુચિરાઙ્ગદઃ ।**
**જનનો જનજન્માદિર્ભીમો ભીમપરાક્રમઃ ॥ ૧૦૧ ॥**

૯૪૧. **અનાદિઃ** - જેનો આદિ નથી તે - અજન્મા પુરુષ.
૯૪૨. **ભૂર્ભુવઃ** - (i) સમસ્ત ભૂતોના અને દૈવી જગતના આધારરૂપ (ii) બધાંને આધાર આપનાર ધરતીના પણ આધાર.
૯૪૩. **લક્ષ્મીઃ** - (i) પરમ સૌંદર્ય, શોભા, કાન્તિ (ii) ધરતી પર જે કંઈ શોભાયમાન છે તેના દાતા.
૯૪૪. **સુવીરઃ** - (i) સુંદર ગતિમાન (ii) જે અનેક તેજસ્વી માર્ગે પ્રગટ થાય છે તે.
૯૪૫. **રુચિરાઙ્ગદઃ** - જેના બાજુબંધ સુંદર છે તે.
૯૪૬. **જનનઃ** - સર્જક, પિતા.
